| ૯ | ૪૭ | ૭૭૭૩ | ૪૨૨૪૨ | ૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ | ૬ | ૨૧૨ |
| ૭ | ૧૬ | ૪૦૯૭ | ૧૧૬૫૦ | ૯૨,૮૮ | ૨ | ૧૯ |
| ૩ | ૩ | ૩૪૬૫ | ૩૪૬૫ | ૯૨,૮૮ | ૨ | ૬ |
| ૮ | ૨૧ | ૭૬૬૧ | ૭૯૫૮ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ | ૫૪/૫૨ |
| ૬ | ૧૧ | ૪૪૩ | ૫૯૧ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ | ૨૨ |
| ૫ | ૧૦ | ૧૫૮ | ૩૧૬ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ | ૨૦ |
| ૨ | ૮ | ૧૪૮ | ૫૯૨ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ | ૮ |
| ૧ | ૫ | ૭૨ | ૩૬૦ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ | ૮ |
| ૧ | ૧ | ૭૨ | ૭૨ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫ | ૮ | ૮ |
| ૧ | ૧ | ૭૨ | ૭૨ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫ | ૮ | ૮ |
| ૧ | ૧ | ૭૨ | ૭૨ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ | ૪ |
| ૧ | ૧ | ૨૪ | ૨૪ | ૮૦,૭૯,૭૬,૭૫ | ૪ | ૪ |
| ૮ | ૮ | ૬૦ | ૬૦ | ૮૦,૭૯,૭૬,૭૫ | ૪ | ૨૦ |
| ૨ | ૨ | ૨ | ૨ | ૮૦,૭૯,૭૬,૭૫,૯,૮ | ૬ | ૬ |
| ૫૫ | ૧૩૫ | ૨૪૧૧૯ | ૬૭૪૭૬ | | ૬૪ | ૩૯૯/૩૯૭ |

## ૧૪ જીવસ્થાનકો વિષે નામકર્મના સત્તાસ્થાનો:-

| જીવસ્થાનક | સત્તાસ્થાન | ૧ જીવ. કુલ | ૧૪ જીવસ્થાનકના સામાન્યથી કુલ | ૧૪ જીવસ્થાનકના એકંદર કુલ |
|---|---|---|---|---|
| ૧૩ જીવસ્થાનક | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | ૬૫ | ૧૦૯૬ |
| ૧ પર્યાપ્તા સંજ્ઞિ પંચેન્દ્રિય | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯, ૭૯,૭૬,૭૫,૯,૮ (સર્વ) | +૧૨/૧૦ | +૧૨/૧૦ | ૨૩૪/૨ |
| | | | ૭૭/૭૫ | ૧૩૩૦/૨૮ |

અસંજ્ઞિ પંચેન્દ્રિય :- અહી રહેલા જીવો દેવ-નરક પ્રાયોગ્ય બાંધે માટે ૨૮નું બંધસ્થાન અને તેના ૯ ભાંગા વધે.

સંજ્ઞિ પંચેન્દ્રિય :- ઓઘવત્

+ મતાન્તરે ૧૩-૧૪ ગુણસ્થાન ન હોવાથી ૮-૯નું સત્તાસ્થાન ન સંભવે.

## ૧૪ જીવસ્થાનક વિષે નામ કર્મના ઉદયસ્થાનકો તથા તેના ભંગો :-

| અનુક્રમ | ઉદયસ્થાન ↓ | ઉદયભાંગા → | ૨ અપ. સૂક્ષ્મ એકે-ન્દ્રિય તિર્યંચ | ૨ અપ. બાદર એકે-ન્દ્રિય તિર્યંચ | ૨ અપ. બેઈ-ન્દ્રિય તિર્યંચ | ૨ અપ. તેઈ-ન્દ્રિય તિર્યંચ | ૨ અપ. ચતુરિ-ન્દ્રિય તિર્યંચ | ૨ અપ. અસંજ્ઞિ પંચેન્દ્રિય તિ.મ. * | ૨ અપ. સંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્ય | ૪ પર્યાપ્ત સૂક્ષ્મ એકે-ન્દ્રિય તિર્યંચ | ૫ પર્યાપ્ત બાદર એકે-ન્દ્રિય તિર્યંચ | ૬ પર્યાપ્ત બેઈ-ન્દ્રિય તિર્યંચ | ૬ પર્યાપ્ત તેઈ-ન્દ્રિય તિર્યંચ | ૬ પર્યાપ્ત ચતુરિ-ન્દ્રિય તિર્યંચ | ૬ પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૧ | | | | | | | | | | | | | |
| ૨ | ૯ | ૧ | | | | | | | | | | | | | |
| ૩ | ૨૦ | ૧ | | | | | | | | | | | | | |
| ૪ | ૨૧ | ૪૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨/૧ | ૨ | ૧ | ૨ | ૨ | ૨ | ૨ | ૮ |
| ૫ | ૨૪ | ૧૧ | ૨ | ૨ | | | | | | ૨ | ૫ | | | | |
| ૬ | ૨૫ | ૩૩ | | | | | | | | ૨ | ૫ | | | | |
| ૭ | ૨૬ | ૬૦૦ | | | ૧ | ૧ | ૧ | ૨/૧ | ૨ | ૨ | ૧૧ | ૨ | ૨ | ૨ | ૨૮૮ |
| ૮ | ૨૭ | ૩૩ | | | | | | | | | ૬ | | | | |
| ૯ | ૨૮ | ૧૨૦૨ | | | | | | | | | | ૨ | ૨ | ૨ | ૫૭૬ |
| ૧૦ | ૨૯ | ૧૭૮૫ | | | | | | | | | | ૪ | ૪ | ૪ | ૧૧૫૨ |
| ૧૧ | ૩૦ | ૨૯૧૭ | | | | | | | | | | ૬ | ૬ | ૬ | ૧૭૨૮ |
| ૧૨ | ૩૧ | ૧૧૬૫ | | | | | | | | | | ૪ | ૪ | ૪ | ૧૧૫૨ |
| ઉદયભાંગા | સંભવિત | → ૭૭૯૧ | ૩ | ૩ | ૨ | ૨ | ૨ | ૪/૨ | ૪ | ૭ | ૨૯ | ૨૦ | ૨૦ | ૨૦ | ૪૯૦૪ |
| | અસંભવિત → | | ૭૭૮૮ | ૭૭૮૮ | ૭૭૮૯ | ૭૭૮૯ | ૭૭૮૯ | ૭૭૮૭/૯ | ૭૭૮૭ | ૭૭૮૪ | ૭૭૬૨ | ૭૭૭૧ | ૭૭૭૧ | ૭૭૭૧ | ૨૮૮૭ |

* મતાન્તરે અપર્યાપ્ત અસંજ્ઞિ પચેન્દ્રિયમાં મનુષ્યની વિવક્ષા ન હોવાથી કે તિર્યંચોમાં જ એનો સમાવેશ થતો હોવાથી એના ૨૧-૨૬ ના બંને ઉદયસ્થાનમાં ૧-૧ ઉદયભંગ આવે. તેથી કુલ ૨ ઉદયભંગ થાય.

| 卐૧૧ | | ઉદયસ્થાન પ્રાયોગ્ય | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ ગતિ પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય ઉદયભાંગા | | તિર્યંચ | | | | મનુષ્ય | | | | દેવ | નારક |
| સંભવિત | અસંભવિત | એકેન્દ્રિય | વિકલેન્દ્રિય | પંચેન્દ્રિય | પંચેન્દ્રિય વૈક્રિય શરીરી | સામાન્ય | વૈક્રિય શરીરી | આહારક શરીરી | કેવલી | | |
| ૧ | | | | | | | | | ૧ | | |
| | | | | | | | | | | | |
| ૧ | | | | | | | | | ૧ | | |
| | | | | | | | | | | | |
| ૧ | | | | | | | | | ૧ | | |
| | | | | | | | | | | | |
| ૨૬ | | | | ૮ | | ૮ | | | ૧ | ૮ | ૧ |
| | ૧૬ | ૫ | ૯ | ૧ | | ૧ | | | | | |
| | | | | | | | | | | | |
| | ૧૧ | ૧૧ | | | | | | | | | |
| ૨૬ | | | | | ૮ | | ૮ | ૧ | | ૮ | ૧ |
| | ૭ | ૭ | | | | | | | | | |
| ૫૭૬ | | | | ૨૮૮ | | ૨૮૮ | | | | | |
| | ૨૪ | ૧૩ | ૯ | ૧ | | ૧ | | | | | |
| ૨૭ | | | | | ૮ | | ૮ | ૧ | ૧ | ૮ | ૧ |
| | ૬ | ૬ | | | | | | | | | |
| ૧૧૯૬ | | | | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | | ૧૬ | ૧ |
| | ૬ | | ૬ | | | | | | | | |
| ૧૭૭૩ | | | | ૧૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | ૧ | ૧૬ | ૧ |
| | ૧૨ | | ૧૨ | | | | | | | | |
| ૨૮૯૯ | | | | ૧૭૨૮ | ૮ | ૧૧૫૨ | ૧ | ૧ | ૧ | ૮ | |
| | ૧૮ | | ૧૮ | | | | | | | | |
| ૧૧૫૩ | | | | ૧૧૫૨ | | | | | ૧ | | |
| ↑ | ૧૨ | | ૧૨ | | | | | | | | |
| ૭૬૭૯ | → ↑ | ૦ | ૦ | ૪૯૦૪ | ૫૬ | ૨૬૦૦ | ૩૫ | ૭ | ૮ | ૬૪ | ૫ |
| | ૧૧૨ | →૪૨ | ૬૬ | ૨ | | ૨ | | | | | |

卐મતાન્તરે પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિયમાં કેવલી ન હોવાથી તેના ૮-૯-૨૦ના ઉદયસ્થાન ન સંભવાથી કુલ ઉદયસ્થાન ૮, અને કેવલીના ૮ ઉદયભંગો ન સંભવાથી કુલ ૭૬૭૧ ઉદયભંગ હોય.

## સંવેધ :- ૧૪ જીવસ્થાનો વિષે નામકર્મના બંધસ્થાનાદિનો સંવેધ :-

## ૭ અપર્યાપ્ત જીવસ્થાન :-

### અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયઃ-

| બંધસ્થાન અનુ. | બંધસ્થાન પ્રકૃતિ | બંધભાંગા | ઉદયસ્થાન અનુ. | ઉદયસ્થાન પ્રકૃતિ | ઉદયભાંગા | સત્તાસ્થાન | કુલ | જીવસ્થાન |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૩ | ૪ | ૧ | ૨૧ | ૧ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | |
| | | | ૨ | ૨૪ | ૨ | " | ૫ | |
| ૨ | ૨૫ | ૨૫ | ૧ | ૨૧ | ૧ | " | ૫ | |
| | | | ૨ | ૨૪ | ૨ | " | ૫ | |
| ૩ | ૨૬ | ૧૬ | ૧ | ૨૧ | ૧ | " | ૫ | |
| | | | ૨ | ૨૪ | ૨ | " | ૫ | |
| ૪ | ૨૯ | ૯૨૪૦ | ૧ | ૨૧ | ૧ | " | ૫ | |
| | | | ૨ | ૨૪ | ૨ | " | ૫ | |
| ૫ | ૩૦ | ૪૬૩૨ | ૧ | ૨૧ | ૧ | " | ૫ | |
| | | | ૨ | ૨૪ | ૨ | " | ૫ | |
| | | ૧૩૯૧૭ | | | ૧૫ | | ૫૦ | અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય |
| ૧ થી ૫ | ૨૩થી ૩૦ | " | ૨ | ૨૧-૨૪ | ૧૫ | " | ૫૦ | " બાદર " |
| ૧ થી ૫ | " | " | ૨ | ૨૧-૨૬ | ૧૦ | " | ૫૦ | " બેઇન્દ્રિય |
| ૧ થી ૫ | " | " | ૨ | ૨૧-૨૬ | ૧૦ | " | ૫૦ | " તેઇન્દ્રિય |
| ૧ થી ૫ | " | " | ૨ | ૨૧-૨૬ | ૧૦ | " | ૫૦ | " ચઉરિન્દ્રિય |
| ૧ થી ૫ | " | " | ૨ | ૨૧-૨૬ | ૨૦/૧૦ | " | ૫૦ | " અસંજ્ઞિ પંચેન્દ્રિય |
| ૧ થી ૫ | " | " | ૨ | ૨૧-૨૬ | ૨૦ | " | ૫૦ | " સંજ્ઞિ " |
| | | ૯૭૪૧૯ | | | ૧૦૦/૯૦ | | ૩૫૦ | અપર્યાપ્ત સાત જીવસ્થાનમાં કુલ |

અપાર્યપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયની પ્રમાણે શેષ ૬ અપર્યાપ્ત જીવસ્થાનકોમાં સંવેધ. પરંતુ અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય સિવાયના શેષ પાંચ અપર્યાપ્ત જીવસ્થાનકોમાં ૨૧-૨૬ ઉદયસ્થાનકો. તથા અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવસ્થાનકમાં (**જે મતે** તિર્યંચ મનુષ્ય એમ ૨ જીવભેદ છે **તે મતે** ત્યાં.) અને અપર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય જીવસ્થાનકમાં ૨૧-૨૬ બન્ને ઉદયસ્થાનકોમાં ૭૮નું સત્તાસ્થાન તિર્યંચને જ હોય.અને બન્ને જીવસ્થાનકના બન્ને ઉદયસ્થાનમાં બબ્બે ઉદયભંગ હોય છે. અને **જે મતે** અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવસ્થાનકમાં મનુષ્યની વિવક્ષા નથી કરતા **તે મતે** અપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવસ્થાનકમાં બન્ને ઉદયસ્થાનકોમાં એક એક જ ઉદયભંગ હોય. તેમ જ અપર્યાપ્ત વિકલેન્દ્રિયના ૩ જીવસ્થાનકોના બન્ને ઉદયસ્થાનોમાં પણ ઉદયભંગ એક એક જ હોય છે.

## પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય :-

| બંધસ્થાન અનુ. | બંધસ્થાન પ્રકૃતિ | બંધભાંગા | ઉદયસ્થાન અનુ. | ઉદયસ્થાન પ્રકૃતિ | ઉદયભાંગા | સત્તાસ્થાન | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૩ | ૪ | ૧ | ૨૧ | ૧ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ |
| | | | ૨ | ૨૪ | ૨ | " | ૫ |
| | | | ૩ | ❀૨૫ | ૨ | " | ૫ |
| | | | ૪ | ❀૨૬ | ૨ | " | ૫ |
| | | | | | ૭ | | ૨૦ |
| ૨ | ૨૫ | ૨૫ | ૧ | ૨૧ | ૧ | " | ૫ |
| | | | ૨ | ૨૪ | ૨ | " | ૫ |
| | | | ૩ | ❀૨૫ | ૨ | " | ૫ |
| | | | ૪ | ❀૨૬ | ૨ | " | ૫ |
| | | | | | ૭ | | ૨૦ |
| ૩ | ૨૬ | ૧૬ | ૧ | ૨૧ | ૧ | " | ૫ |
| | | | ૨ | ૨૪ | ૨ | " | ૫ |
| | | | ૩ | ❀૨૫ | ૨ | " | ૫ |
| | | | ૪ | ❀૨૬ | ૨ | " | ૫ |
| | | | | | ૭ | | ૨૦ |
| ૪ | ૨૯ | ૯૨૪૦ | ૧ | ૨૧ | ૧ | " | ૫ |
| | | | ૨ | ૨૪ | ૨ | " | ૫ |
| | | | ૩ | ❀૨૫ | ૨ | " | ૫ |
| | | | ૪ | ❀૨૬ | ૨ | " | ૫ |
| | | | | | ૭ | | ૨૦ |
| ૫ | ૩૦ | ૪૬૩૨ | ૧ | ૨૧ | ૧ | " | ૫ |
| | | | ૨ | ૨૪ | ૨ | " | ૫ |
| | | | ૩ | ❀૨૫ | ૨ | " | ૫ |
| | | | ૪ | ❀૨૬ | ૨ | " | ૫ |
| | | | | | ૭ | | ૨૦ |
| | | ૧૩૯૧૭ | | | ૩૫ | | ૧૦૦ |

❀ અહીં સાધારણ વનસ્પતિ પ્રાયોગ્ય ૨૫-૨૬ ઉદયસ્થાનના ઉદયભંગોમાં ૭૮નું સત્તાસ્થાન ન હોય. અને તેઉકાય, વાઉકાય સિવાયના પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫-૨૬ ઉદયસ્થાનના ઉદયભંગોમાં પણ ૭૮નું સત્તાસ્થાન ન હોય.

**પર્યાપ્ત બાદર એકેન્દ્રિય :-**

| બંધસ્થાન અનુ. | બંધસ્થાન પ્રકૃતિ | બંધભાંગા | ઉદયસ્થાન અનુ. | ઉદયસ્થાન પ્રકૃતિ | ઉદયભાંગા | સત્તાસ્થાન | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૩ | ૪ | ૧ | ૨૧ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ |
| | | | ૨ | ૨૪ | ૫ | " | ૫ |
| | | | ૩ | ૨૫ | ૫ | " | ૫ |
| | | | ૪ | ૨૬ | ૧૧ | " | ૫ |
| | | | ૫ | ૨૭ | ૬ | " + | ૪ |
| | | | | | ૨૯ | | ૨૪ |
| ૨ | ૨૫ | ૨૫ | ૧ | ૨૧ | ૨ | " | ૫ |
| | | | ૨ | ૨૪ | ૫ | " | ૫ |
| | | | ૩ | ૨૫ | ૫ | " | ૫ |
| | | | ૪ | ૨૬ | ૧૧ | " | ૫ |
| | | | ૫ | ૨૭ | ૬ | " + | ૪ |
| | | | | | ૨૯ | | ૨૪ |
| ૩ | ૨૬ | ૧૬ | ૧ | ૨૧ | ૨ | " | ૫ |
| | | | ૨ | ૨૪ | ૫ | " | ૫ |
| | | | ૩ | ૨૫ | ૫ | " | ૫ |
| | | | ૪ | ૨૬ | ૧૧ | " | ૫ |
| | | | ૫ | ૨૭ | ૬ | " + | ૪ |
| | | | | | ૨૯ | | ૨૪ |
| ૪ | ૨૯ | ૯૨૪૦ | ૧ | ૨૧ | ૨ | " | ૫ |
| | | | ૨ | ૨૪ | ૫ | " | ૫ |
| | | | ૩ | ૨૫ | ૫ | " | ૫ |
| | | | ૪ | ૨૬ | ૧૧ | " | ૫ |
| | | | ૫ | ૨૭ | ૬ | " + | ૪ |
| | | | | | ૨૯ | | ૨૪ |
| ૫ | ૩૦ | ૪૬૩૨ | ૧ | ૨૧ | ૨ | " | ૫ |
| | | | ૨ | ૨૪ | ૫ | " | ૫ |
| | | | ૩ | ૨૫ | ૫ | " | ૫ |
| | | | ૪ | ૨૬ | ૧૧ | " | ૫ |
| | | | ૫ | ૨૭ | ૬ | " + | ૪ |
| | | | | | ૨૯ | | ૨૪ |
| | | ૧૩૯૧૭ | | | ૧૪૫ | | ૧૨૦ |

અહીં ૨૧-૨૪-૨૫-૨૬ ઉદયસ્થાનના ક્રમે ૨-૪-૧-૧ કુલ=૮ ઉદયભંગો, પાંચ સત્તાસ્થાનવાળા છે. ૨૪-૨૫-૨૬ ઉદયસ્થાનના વૈક્રિય પ્રાયોગ્ય૧-૧-૧ ઉદયભંગો = ૩ ઉદયભંગો ૭૮-૮૦ વિનાના ત્રણ સત્તાસ્થાનવાળા હોય છે. બાકીના એટલે ૨૫-૨૬-૨૭ના ક્રમે કરીને ૩-૯-૬ કુલ ૧૮ ઉદયભંગો ૭૮ વિનાના ૪ સત્તાસ્થાનવાળા હોય છે.

## પર્યાપ્ત વિકલેન્દ્રિય તથા પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય :-

### પર્યાપ્ત બેઈન્દ્રિય :-

| બંધસ્થાન | | બંધભાંગા | ઉદયસ્થાન | | ઉદયભાંગા | સત્તાસ્થાન | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| અનુ. | પ્રકૃતિ | | અનુ. | પ્રકૃતિ | | | |
| ૧ | ૨૩ | ૪ | ૧ | ૨૧ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ |
| | | | ૨ | ૨૬ | ૨ | " | ૫ |
| | | | ૩ | ૨૮ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | ૪ |
| | | | ૪ | ૨૯ | ૪ | " | ૪ |
| | | | ૫ | ૩૦ | ૬ | " | ૪ |
| | | | ૬ | ૩૧ | ૪ | " | ૪ |
| | | | | | ૨૦ | | ૨૬ |
| ૨ | ૨૫ | ૨૫ | ૧ | ૨૧ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ |
| | | | ૨ | ૨૬ | ૨ | " | ૫ |
| | | | ૩ | ૨૮ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | ૪ |
| | | | ૪ | ૨૯ | ૪ | " | ૪ |
| | | | ૫ | ૩૦ | ૬ | " | ૪ |
| | | | ૬ | ૩૧ | ૪ | " | ૪ |
| | | | | | ૨૦ | | ૨૬ |
| ૩ | ૨૬ | ૧૬ | ૧ | ૨૧ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ |
| | | | ૨ | ૨૬ | ૨ | " | ૫ |
| | | | ૩ | ૨૮ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | ૪ |
| | | | ૪ | ૨૯ | ૪ | " | ૪ |
| | | | ૫ | ૩૦ | ૬ | " | ૪ |
| | | | ૬ | ૩૧ | ૪ | " | ૪ |
| | | | | | ૨૦ | | ૨૬ |
| ૪ | ૨૯ | ૯૨૪૦ | ૧ | ૨૧ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ |
| | | | ૨ | ૨૬ | ૨ | " | ૫ |
| | | | ૩ | ૨૮ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | ૪ |
| | | | ૪ | ૨૯ | ૪ | " | ૪ |
| | | | ૫ | ૩૦ | ૬ | " | ૪ |
| | | | ૬ | ૩૧ | ૪ | " | ૪ |
| | | | | | ૨૦ | | ૨૬ |

| બંધસ્થાન અનુ. | બંધસ્થાન પ્રકૃતિ | બંધભાંગા | ઉદયસ્થાન અનુ. | ઉદયસ્થાન પ્રકૃતિ | ઉદયભાંગા | સત્તાસ્થાન | કુલ | જીવસ્થાનક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩૦ | ૪૬૩૨ | ૧ | ૨૧ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | |
| | | | ૨ | ૨૬ | ૨ | " | ૫ | |
| | | | ૩ | ૨૮ | ૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | ૪ | |
| | | | ૪ | ૨૯ | ૪ | " | ૪ | |
| | | | ૫ | ૩૦ | ૬ | " | ૪ | |
| | | | ૬ | ૩૧ | ૪ | " | ૪ | |
| | | | | | ૨૦ | | ૨૬ | |
| | | ૧૩૯૧૭ | | | ૧૦૦ | | ૧૩૦ | પર્યાપ્ત બેઇન્દ્રિય |
| ૧થી૫ | ૨૩થી૩૦ | ૧૩૯૧૭ | ૧થી૬ | ૨૧થી૩૧ | ૧૦૦ | | ૧૩૦ | " તેઇન્દ્રિય |
| ૧થી૫ | ૨૩થી૩૦ | ૧૩૯૧૭ | ૧થી૬ | ૨૧થી૩૧ | ૧૦૦ | | ૧૩૦ | " ચતુરિન્દ્રિય |
| | | ૪૧૭૫૧ | | | ૩૦૦ | | ૩૯૦ | " વિક્લેન્દ્રિય ના કુલ |
| ૧થી૫ | ૨૩થી૩૦ | ૧૩૯૧૭ | ૧થી૬ | ૨૧થી૩૧ | ૨૪૫૨૦ | | ૧૩૦ | પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિય |
| ૬ | ૨૮ | ૯ | ૧ | ૩૦ | ૧૭૨૮ | ૯૨,૮૮,૮૬ | ૩ | |
| | | | ૨ | ૩૧ | ૧૧૫૨ | " | ૩ | |
| | | | | ૩૦-૩૧ | ૨૮૮૦ | | ૬ | |
| ૧થી૬ | | ૧૩૯૨૬ | | | ૨૭૪૦૦ | - | ૧૩૬ | પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયના કુલ ★ |

પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયઃ- વિક્લેન્દ્રિયવત્ પરંતુ અસંજ્ઞિ પંચેન્દ્રિય પર્યાપ્તો પર્યાપ્તાવસ્થામાં દેવ-નરક પ્રાયોગ્ય બાંધે માટે; ૨૮નું બંધસ્થાન અને એના ભંગ વધે. ત્યાં ઉદયસ્થાન ૩૦-૩૧ તેમાં ૯૨,૮૮,૮૬ની સત્તા વધે. અહીં વૈક્રિય[૪] આદિ અવશ્ય બંધાય માટે ૮૦,૭૮ની સત્તા ન હોય. અને બન્ને ઉદયસ્થાનના પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ઉદયભંગો વધે. અને ૨૩-૨૫-૨૬-૨૯-૩૦ના પાંચ બંધસ્થાનોમાં જે ૨૧થી ૩૧ સુધીના છ છ ઉદયસ્થાનો છે. તે છ છ ઉદયસ્થાનોમાં અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્યના ૨ ભંગ છોડીને બાકીના પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૪૯૦૪ ઉદયભંગો આવે. એટલે ૫ બંધસ્થાનના કુલ ઉદયભંગો ૨૪૫૨૦ અને ૨૮ના બંધસ્થાનના ૨૮૮૦ મળીને કુલ ૨૭૪૦૦ ઉદયભંગો થાય છે.

## પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય :-

| બંધસ્થાન | | બંધભાંગા | ઉદયસ્થાન | | ઉદયભાંગા | સત્તાસ્થાન | કુલ | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|---|
| અનુ. | પ્રકૃતિ | | અનુ. | પ્રકૃતિ | | | | |
| ૧ | ૨૩ | ૪ | ૧ | ૨૧ | ૧૬ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | |
| | | | ૨ | ૨૫ | ૧૬ | ૯૨,૮૮ | ૨ | |
| | | | ૩ | ૨૬ | ૫૭૬ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | |
| | | | ૪ | ૨૭ | ૧૬ | ૯૨,૮૮ | ૨ | |
| | | | ૫ | ૨૮ | ૧૧૭૬ | ૯૨,૮૮,૮૬,૮૦ | ૪ | |
| | | | ૬ | ૨૯ | ૧૭૫૨ | " | ૪ | |
| | | | ૭ | ૩૦ | ૨૮૮૮ | " | ૪ | |
| | | | ૮ | ૩૧ | ૧૧૫૨ | " | ૪ | |
| | | | | | ૭૫૯૨ | | ★૩૦ | |
| ૨ | ૨૫ | ૨૫ | ૧ | ૨૧ | ૨૪ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | |
| | | | ૨ | ૨૫ | ૨૪ | ૯૨,૮૮ | ૨ | |
| | | | ૩ | ૨૬ | ૫૭૬ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | |
| | | | ૪ | ૨૭ | ૨૪ | ૯૨,૮૮ | ૨ | |
| | | | ૫ | ૨૮ | ૧૧૯૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | ૪ | |
| | | | ૬ | ૨૯ | ૧૭૬૮ | " | ૪ | |
| | | | ૭ | ૩૦ | ૨૮૯૬ | " | ૪ | |
| | | | ૮ | ૩૧ | ૧૧૫૨ | " | ૪ | |
| | | | | | ૭૬૫૬ | | ★૩૦ | |
| ૩ | ૨૬ | ૧૬ | ૧ | ૨૧ | ૨૪ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | |
| | | | ૨ | ૨૫ | ૨૪ | ૯૨,૮૮ | ૨ | |
| | | | ૩ | ૨૬ | ૫૭૬ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | |
| | | | ૪ | ૨૭ | ૨૪ | ૯૨,૮૮ | ૨ | |
| | | | ૫ | ૨૮ | ૧૧૯૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | ૪ | |
| | | | ૬ | ૨૯ | ૧૭૬૮ | " | ૪ | |
| | | | ૭ | ૩૦ | ૨૮૯૬ | " | ૪ | |
| | | | ૮ | ૩૧ | ૧૧૫૨ | " | ૪ | |
| | | | | | ૭૬૫૬ | | ★૩૦ | |
| ૪ | ૨૮ | ૯ | ૧ | ૨૧ | ૧૬ | ૯૨,૮૮ | ૨ | |
| | | | ૨ | ૨૫ | ૧૭ | " | ૨ | |
| | | | ૩ | ૨૬ | ૫૭૬ | " | ૨ | |
| | | | ૪ | ૨૭ | ૧૭ | " | ૨ | |
| | | | ૫ | ૨૮ | ૧૧૭૯ | " | ૨ | |
| | | | ૬ | ૨૯ | ૧૭૫૫ | " | ૨ | |
| | | | ૭ | ૩૦ | ૨૮૯૦ | ૯૨,૮૯,૮૮,૮૬ | ૪ | |
| | | | ૮ | ૩૧ | ૧૧૫૨ | ૯૨,૮૮,૮૬ | ૩ | |
| | | | | | ✡૭૬૦૨ | | ૧૯ | |
| ૫ | ૨૯ | ૯૨૪૮ | ૧ | ૨૧ | ૨૫ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ | ૭ | -૬ મતાન્તરે |
| | | | ૨ | ૨૫ | ૨૬ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ | |
| | | | ૩ | ૨૬ | ૫૭૬ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ | ૭ | -૬ મતાન્તરે |
| | | | ૪ | ૨૭ | ૨૬ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ | |
| | | | ૫ | ૨૮ | ૧૧૯૬ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ | ૬ | |
| | | | ૬ | ૨૯ | ૧૭૭૨ | " | ૬ | |
| | | | ૭ | ૩૦ | ૨૮૯૮ | " | ૬ | |
| | | | ૮ | ૩૧ | ૧૧૫૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | ૪ | |
| | | | | | ૭૬૭૧ | | ★૪૪ | -૪૨ મતાન્તરે ★ |

| બંધસ્થાન અનુ. | બંધસ્થાન પ્રકૃતિ | બંધભાંગા | ઉદયસ્થાન અનુ. | ઉદયસ્થાન પ્રકૃત્તિ | ઉદયભાંગા | સત્તાસ્થાન | કુલ | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩૦ | ૪૬૪૧ | ૧ | ૨૧ | ૨૫ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ | ૭ | |
| | | | ૨ | ૨૫ | ૨૫ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ | |
| | | | ૩ | ૨૬ | ૫૭૬ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | |
| | | | ૪ | ૨૭ | ૨૫ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ | |
| | | | ૫ | ૨૮ | ૧૧૯૩ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ | ૬ | |
| | | | ૬ | ૨૯ | ૧૭૬૯ | " | ૬ | |
| | | | ૭ | ૩૦ | ૨૮૯૬ | " | ૬ | |
| | | | ૮ | ૩૧ | ૧૧૫૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | ૪ | |
| | | | | | ૭૬૬૧ | | ★૪૨ | |
| ૭ | ૩૧ | ૧ | ૧ | ૩૦ | ૧૪૪ | ૯૩ | ૧ | |
| ૮ | ૧ | ૧ | ૧ | ૩૦ | ૭૨ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫ | ૮ | |
| ✻ | ૦ | ૦ | ૧ | ૨૦ | ૧ | ૭૯,૭૫ | ૨ | |
| | | | ૨ | ૨૧ | ૧ | ૮૦,૭૬ | ૨ | |
| | | | ૩ | ૨૬ | ૬ | ૭૯,૭૫ | ૨ | |
| | | | ૪ | ૨૭ | ૧ | ૮૦,૭૬ | ૨ | |
| | | | ૫ | ૩૦ | ૭૩ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫ | ૮ | |
| | | | ૬ | ૩૧ | ૧ | ૮૦,૭૬ | ૨ | |
| | | | ૭ | ૨૯ | ૧૩ | ૮૦,૭૯,૭૬,૭૫ | ૪ | |
| | | | ૮ | ૨૮ | ૧૨ | ૭૯,૭૫ | ૨ | |
| | | | ૯ | ૮ | ૧ | ૭૯,૭૫,૮ | ૩ | |
| | | | ૧૦ | ૯ | ૧ | ૮૦,૭૬,૯ | ૩ | |
| | | | | | ૧૧૦ | | ૩૦ | |
| | | ૧૩૯૪૫ | | | ૪૬૧૬૪ | | ૨૩૪ | -૨૩૨ મતાન્તરે |

✡ અહીં પણ સામાન્ય સંવેધ પ્રમાણે **સપ્તતિકાચૂર્ણિ** અને **ટીકા**ના આધારે પંચેન્દ્રિય તિર્યંચ સામાન્યના કુલ ૪૯૦૪ ઉદયભંગોના હિસાબે કુલ ૭૬૦૨ ઉદયભંગો કહ્યા છે. **સપ્તતિકાભાષ્ય**ના મતે પંચેન્દ્રિય તિર્યંચ સામાન્યના કુલ ૨૩૮૪ ઉદયભંગોને હિસાબે કુલ ૫૦૮૨ થાય. અને તે ૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ એ ૮ ઉદયસ્થાનોમાં ક્રમે કરીને ૧૬-૧૭-૨૯૬-૧૭-૬૧૯-૬૩૫-૨૩૩૦-૧૧૫૨ ઉદયભંગ પ્રાપ્ત થાય. તેવી રીતે **કર્મપ્રકૃતિ પંચસંગ્રહના** પંચેન્દ્રિય તિર્યંચ સામાન્યના કુલ ૨૩૫૨ ઉદયભંગોને હિસાબે કુલ ઉદયભંગો ૫૦૫૦ થાય. અને તે ૮ ઉદયસ્થાનોમાં ક્રમે કરીને ૧૬-૧૭-૨૯૬-૧૭-૬૧૧-૬૧૯-૨૩૨૨-૧૧૫૨ ઉદયભંગો થાય. અને આ હિસાબે ૮ બંધસ્થાન અને અબંધના માની કુલ ટોટલ ઉદયભંગો સ્વયં જાણી લેવા. એવી રીતે સામાન્ય સંવેધમાં તથા ૪થા ગુણસ્થાનના સામાન્યમાં અને સંવેધમાં પણ દરેક ઉદયસ્થાનના કુલ ભંગો. કુલ ઉદયસ્થાનના કુલ ભંગો પણ જાતે જાણી લેવા.

✻ મતાન્તરે પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિયમાં કેવલી ન હોવાથી અબંધમાં ૧ જ ૩૦નું ઉદયસ્થાન અને એના ૭૨ ઉદયભાંગા. તેમ જ ૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫ એ ૮ જ સત્તાસ્થાન આવે.

★ એકેન્દ્રિયને આશ્રયીને પ્રાપ્ત થતા ૨૪ના ઉદયસ્થાનના ૫ સત્તાસ્થાનો, ૨૫ના ઉદયસ્થાનના ૮૬,૮૦,૭૮, એ ૩ સત્તાસ્થાન, ૨૭ના ઉદયસ્થાનના ૮૬,૮૦એ ૨ સત્તાસ્થાનક એમ કુલ ૧૦ સત્તાસ્થાન અહીં ન સંભવાથી ૨૩-૨૫-૨૬-૨૯-૩૦ના બંધસ્થાનના સંવેધમાં ઓઘ કરતા ઓછા કરવા.

## ૧૪ જીવસ્થાનક વિષે નામકર્મના બંધસ્થાનો તેના ભાંગા, ઉદયસ્થાનો, તેના ભાંગા, અને સત્તાસ્થાનો :-

| અનુક્રમ | જીવસ્થાનક | બંધસ્થાન | કુલ | બંધભાંગા | ઉદયસ્થાનક | કુલ | ઉદયભાંગા સામાન્ય | ઉદયભાંગા કુલ | સત્તાસ્થાન | કુલ સામાન્ય | કુલ એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અપર્યાપ્ત સૂક્ષ્મૈકેન્દ્રિય | ૨૩,૨૫,૨૬,૨૯,૩૦ | ૫ | ૧૩૯૧૭ | ૨૧-૨૪ | ૨ | ૩ | ૧૫ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૫ | ૫૦ |
| ૨ | " બાદરૈકેન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | " | ૨ | ૩ | ૧૫ | " | ૫ | ૫૦ |
| ૩ | " બેઇન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | ૨૧-૨૬ | ૨ | ૨ | ૧૦ | " | ૫ | ૫૦ |
| ૪ | " તેઇન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | " | ૨ | ૨ | ૧૦ | " | ૫ | ૫૦ |
| ૫ | " ચઉરિન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | " | ૨ | ૨ | ૧૦ | " | ૫ | ૫૦ |
| ૬ | " અસંજ્ઞિપંચેન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | " | ૨ | ૪/૨ | ૨૦/૧૦ | " | ૫ | ૫૦ |
| ૭ | " સંજ્ઞિપંચેન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | " | ૨ | ૪ | ૨૦ | " | ૫ | ૫૦ |
| ૮ | પર્યાપ્ત સૂક્ષ્મૈકેન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | ૨૧,૨૪,૨૫,૨૬ | ૪ | ૭ | ૩૫ | " | ૫ | ૧૦૦ |
| ૯ | " બાદરૈકેન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | ૨૧,૨૪,૨૫,૨૬,૨૭ | ૫ | ૨૯ | ૧૪૫ | " | ૫ | ૧૨૦ |
| ૧૦ | " બેઇન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | ૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧ | ૬ | ૨૦ | ૧૦૦ | " | ૫ | ૧૩૦ |
| ૧૧ | " તેઇન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | " | ૬ | ૨૦ | ૧૦૦ | " | ૫ | ૧૩૦ |
| ૧૨ | " ચઉરિન્દ્રિય | " | ૫ | ૧૩૯૧૭ | " | ૬ | ૨૦ | ૧૦૦ | " | ૫ | ૧૩૦ |
| ૧૩ | " અસંજ્ઞિ-પંચેન્દ્રિય | ૨૩,૨૫,૨૬,૨૮, ૨૯,૩૦ | ૬ | ૧૩૯૨૬ | " | ૬ | ૪૯૦૪ | ૨૭૪૦૦ | " | ૫ | ૧૩૬ |
| ૧૪ | " સંજ્ઞિ પંચેન્દ્રિય | ૨૩,૨૫,૨૬,૨૮, ૨૯,૩૦,૩૧,૧. (સર્વ) | ૮ | ૧૩૯૪૫ | ૮,૯,૨૦,૨૧,૨૫,૨૬,૨૭,૨૮ ૨૯,૩૦,૩૧, (૨૪ સિવાય) 卐 | ૧૧ | ૭૬૭૯ | ૪૬૧૬૪ 卐 | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯ ૭૮,૭૬,૭૫,૯,૮ (સર્વ) | ૧૨ 卐 | ૨૩૪/૨ 卐 |
| | | | ૭૪ | ૧૯૪૮૭૫ | | ૫૮ 卐 | ૧૨૬૯૯/૭ | ૭૪૧૩૪/૨૪ 卐 | | ૭૭ 卐 | ૧૩૩૦/૨૮ 卐 |

卐 મતાન્તરે કેવલી ન હોવાથી ૮,૯,૨૦ સિવાયના ૮ ઉદયસ્થાનો, તેમ જ ૩૮ ઉદયભંગો ઓછા થવાથી ૪૬૧૨૬ ઉદયભંગો, અને ૯,૮ વિના ૧૦ સત્તાસ્થાનો સામાન્યથી અને એકંદર ૨૧૨/૦ સત્તાસ્થાનો હોય. તેથી કુલ ટોટલમાં પણ ૫૫ ઉદયસ્થાનો, ૭૪૦૯૬/૮૬ ઉદયભંગો અને સામાન્યથી ૭૫ અને એકંદર ૧૩૦૮/૬ સત્તાસ્થાનો હોય.

# ૮ મૂળકર્મ ૧૫૮ ઉત્તરકર્મ પ્રકૃતિ પ્રદર્શિ યન્ત્ર

## ૮ મૂળકર્મ પ્રકૃતિઓ

**૧ જ્ઞાનાવરણ. ૫**
૧. મતિજ્ઞાનાવરણ.
૨. શ્રુત "
૩. અવધિ "
૪. મનઃપર્યવ "
૫. કેવલ "

**૨ દર્શનાવરણ. ૯**
૧. ચક્ષુદર્શનાવરણ.
૨. અચક્ષુ "
૩. અવધિ "
૪. કેવલ "
૫. નિદ્રા
૬. પ્રચલા
૭. નિદ્રાનિદ્રા
૮. પ્રચલાપ્રચલા
૯. સ્ત્યાનર્દ્ધિ

**૩ વેદનીય. ૨**
૧. સાતાવેદનીય.
૨. અસાતા "

**૪ મોહનીય. ૨૮**
૧ દર્શનમોહનીય. ૩
૧. મિથ્યાત્વ.
૨. સમ્યગ્મિથ્યાત્વ.
૩. સમ્યક્ત્વ.

૨ ચારિત્રમોહનીય. ૨૫
૧ કષાય. ૧૬
૧.ક્રોધ, ૨.માન, ૩. માયા, ૪. લોભ
૪
૧. અનન્તાનુબન્ધિ.
૨. અપ્રત્યાખ્યાનાવરણ.
૩. પ્રત્યાખ્યાનાવરણ.
૪. સંજ્વલન.

૨ નોકષાય. ૯
૧. હાસ્ય.
૨. રતિ.
૩. અરતિ.
૪. શોક.
૫. ભય.
૬. જુગુપ્સા.
૭. સ્ત્રીવેદ.
૮. પુરુષવેદ.
૯. નપુંસકવેદ.

**૫ આયુષ્ય. ૪**
૧. નરકાયુષ્ય.
૨. તિર્યચાયુષ્ય.
૩. મનુષ્યાયુષ્ય.
૪. દેવાયુષ્ય.

**૬ નામ. ૧૦૩**
૧ પિણ્ડપ્રકૃતિ. ૭૫
૨ પ્રત્યેકપ્રકૃતિ. ૨૮
૧ અપ્રતિપક્ષા: ૮
૧. અગુરુલઘુ.
૨. ઉપઘાત.
૩. પરાઘાત.
૪. ઉચ્છ્વાસ.
૫. આતપ.
૬. ઉદ્યોત.
૭. નિર્માણ.
૮. તીર્થંકર.

૨ સપ્રતિપક્ષા: ૨૦
૧ ત્રસદશક. ૧૦
૧. ત્રસ.
૨. બાદર.
૩. પર્યાપ્ત.
૪. પ્રત્યેક.
૫. સ્થિર.
૬. શુભ.
૭. સુભગ.
૮. સુસ્વર.
૯. આદેય.
૧૦. યશ:કીર્તિ.

૨ સ્થાવરદશક. ૧૦
૧. સ્થાવર.
૨. સૂક્ષ્મ.
૩. અપર્યાપ્ત.
૪. સાધારણ.
૫. અસ્થિર.
૬. અશુભ.
૭. દુર્ભગ.
૮. દુ:સ્વર.
૯. અનાદેય.
૧૦. અયશ:કીર્તિ.

**૭ ગોત્ર. ૨**
૧. ઉચ્ચગોત્ર.
૨. નીચગોત્ર.

**૮ અન્તરાય. ૫=૧૫૮**
૧. દાનાન્તરાય.
૨. લાભાન્તરાય.
૩. ભોગાન્તરાય.
૪. ઉપભોગાન્તરાય.
૫. વીર્યાન્તરાય.

### પિણ્ડપ્રકૃતિ ૭૫

**૧ ગતિ. ૪**
૧. નરક.
૨. તિર્યંચ.
૩. મનુષ્ય.
૪. દેવ.

**૨ જાતિ. ૫**
૧. એકેન્દ્રિય.
૨. દ્વીન્દ્રિય.
૩. ત્રીન્દ્રિય.
૪. ચતુરિન્દ્રિય.
૫. પઞ્ચેન્દ્રિય.

**૩ શરીર. ૫**
૧. ઔદારિક.
૨. વૈક્રિય.
૩. આહારક.
૪. તૈજસ.
૫. કાર્મણ.

**૪ અઙ્ગોપાઙ્ગ. ૩**
૧. ઔદારિક.
૨. વૈક્રિય.
૩. આહારક.

**૫ બન્ધન. ૧૫**
૧. ઔદારિકઔદારિક.
૨. ઔદારિક તૈજસ.
૩. ઔદારિકકાર્મણ.
૪. ઔદારિકતૈજસકાર્મણ.
૫. વૈક્રિયવૈક્રિય.
૬. વૈક્રિયતૈજસ.
૭. વૈક્રિયકાર્મણ.
૮. વૈક્રિયતૈજસકાર્મણ.
૯. આહારકઆહારક.
૧૦. આહારકતૈજસ.
૧૧. આહારકકાર્મણ.
૧૨. આહરક તૈજસકાર્મણ.
૧૩. તૈજસતૈજસ.
૧૪. તૈજસકાર્મણ.
૧૫. કાર્મણકાર્મણ.

**૬ સંઘાતન. ૫**
૧. ઔદારિક.
૨. વૈક્રિય.
૩. આહારક.
૪. તૈજસ.
૫. કાર્મણ.

**૭ સંઘયણ. ૬**
૧. વજ્રઋષભનારાચ.
૨. ઋષભનારાચ.
૩. નારાચ.
૪. અર્ધનારાચ.
૫. કીલિકા.
૬. સેવાર્ત.

**૮ સંસ્થાન. ૬**
૧. સમચતુરસ.
૨. ન્યગ્રોધ-પરિમણ્ડલ.
૩. સાદિ.
૪. કુબ્જ.
૫. વામન.
૬. હુણ્ડ.

**૯ વર્ણ. ૫**
૧. કૃષ્ણ.
૨. નીલ.
૩. લોહિત.
૪. હારિદ્ર.
૫. શુક્લ.

**૧૦ ગન્ધ. ૨**
૧. સુરભિ.
૨. દુરભિ.

**૧૧ રસ. ૫**
૧. તિક્ત.
૨. કટુ.
૩. કષાય.
૪. અમ્લ.
૫. મધુર.

**૧૨ સ્પર્શ ૮**
૧. ગુરુ.
૨. લઘુ.
૩. મૃદુ.
૪. ખર.
૫. શીત.
૬. ઉષ્ણ.
૭. સ્નિગ્ધ.
૮. રુક્ષ.

**૧૩ આનુપૂર્વી. ૪**
૧. નિરય.
૨. તિર્યચ.
૩. મનુષ્ય.
૪. દેવ.

**૧૪ વિહાયોગતિ. ૨=૭૫**
૧. શુભવિહાયોગતિ.
૨. અશુભવિહાયોગતિ.

પાંચ બંધન પક્ષે ૧૪૮, બંધ અને ઉદયમાં બંધન તથા સંઘાતનોનો પોતાના શરીરમાં સમાવેશ કરવાથી અને વર્ણાદિ૪ના અવાન્તર ભેદોની વિવક્ષા ન કરવાથી ઉદય અને ઉદીરણાનાં ૧૨૨, અને સમ્યક્ત્વ મોહનીય તથા મિશ્રમોહનીયનો બંધ ન હોવાથી બંધમાં ૧૨૦ પ્રકૃતિઓ હોય.

# સપ્તતિકા નામનો ષષ્ઠ (છટ્ઠો) કર્મગ્રન્થ

## યન્ત્રાત્મક ગ્રન્થનો સંક્ષિપ્ત વિવેચનાત્મક ગ્રન્થ

**સપ્તતિકા નામના છટ્ઠા કર્મગ્રન્થમાં મૂળ કર્મ અને ઉત્તર કર્મની પ્રકૃતિઓના બંધ ઉદય અને સત્તાને આશ્રયીને સામાન્યથી અને સંવેધથી ભાંગાઓનો વિષય છે.**

## મૂળ કર્મને (પ્રકૃત્તિને) વિષે :-

### સામાન્યથી મૂળ કર્મના બંધસ્થાનો અને એના સ્વામી, ગુણસ્થાનો, તથા કાળ :-

મૂળ કર્મને આશ્રયીને જ્યારે આયુષ્ય કર્મ બંધાતુ હોય ત્યારે સર્વ મૂળ ૮ કર્મનું ૧લું બંધસ્થાન આવે. અને ૧૪ જીવસ્થાનકોમાં આયુષ્ય બંધાતુ હોવાથી ૧૪ જીવસ્થાનકો ૮ ના બંધસ્થાનના સ્વામી છે. ૩જા ગુણસ્થાને આયુષ્યનો બંધ ન હોવાથી તે છોડીને ૧-૨-૪ થી ૭ ગુણસ્થાનવાળા જીવો ૮ ના બંધસ્થાનને બાંધે છે. તેમાં પણ ૭મે ગુણસ્થાને નવું આયુષ્ય બંધાતુ ન હોવાથી ૬ટ્ઠા ગુણસ્થાનથી આયુષ્ય બાંધતા આવનારની અપેક્ષાએ જ હોય. આયુષ્યનો જઘન્ય ઉત્કૃષ્ટ બંધકાળ અંતર્મુહૂર્ત હોવાથી ૮ ના બંધસ્થાનનો કાળ પણ તેટલો છે.

આયુષ્ય કર્મ બંધાતુ ન હોય ત્યારે આયુષ્ય વગર મૂળ ૭ કર્મનું ૨જુ બંધસ્થાન આવે. અને તેવી જ રીતે આયુષ્ય કાયમ બંધાતુ ન હોવાથી આના સ્વામી ૧૪ જીવસ્થાનકો આવે. કેમ કે આયુષ્ય બંધ ન હોય ત્યારે તેમને પણ આ જ બંધસ્થાન હોય. આ બંધસ્થાનવાળા ૧ થી ૯ ગુણસ્થાન સુધીના જીવો હોય. કારણ કે ૯મા ગુણસ્થાનના અંતે મોહનીય કર્મનો ક્ષય થવાથી ૧૦મે ગુણસ્થાને આ બંધસ્થાન બદલાઈને ૬નું થઈ જાય છે. અને બે ભવના આયુષ્યના બંધના વચ્ચેનું જેટલું ઉત્કૃષ્ટ જઘન્ય આંતરૂં. તેટલો ઉત્કૃષ્ટ જઘન્ય બંધકાળ ૭ ના બંધસ્થાનનો થાય. તે આ પ્રમાણે પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો આયુષ્યના ૨/૩ ભાગ પસાર થયા બાદ બાકીના ૧/૩ ભાગની શરૂઆતમાં જ અંતર્મુહૂર્ત સુધી બાંધીને અટકે ત્યારથી ૭ ના બંધસ્થાનનો કાળ શરૂ થાય. ત્યાંથી ૩૩ સાગરોપમ આયુષ્યવાળો દેવ કે નરક ભવના છેલ્લા અંતર્મુહૂર્તે પણ આયુષ્ય બાંધનાર મતે ૧લા, છેલ્લા એમ બે અંતર્મુહૂર્ત પ્રમાણ અંતર્મુહૂર્ત ન્યૂન ૧/૩ પૂર્વકોટિ વર્ષ અધિક ૩૩ સાગરોપમ પ્રમાણ. અને જે મતે દેવ કે નરક છેલ્લા ૬ માસ શેષે અવશ્ય આયુષ્ય બાંધે તે મતે અંતર્મુહૂર્ત અને ૬ માસ ન્યૂન ૧/૩ પૂર્વકોટિ વર્ષ અધિક ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ કાળ આવે. અને ક્ષુલ્લકભવના આયુષ્યવાળો છેલ્લા અંતર્મુહૂર્તમાં આયુષ્ય બંધ કરી ક્ષુલ્લકભવમાં જ ઉત્પન્ન થઈ ૨/૩ ભાગ ગયા બાદ આયુષ્ય બંધ કરે તેની અપેક્ષાએ અંતર્મુહૂર્ત અધિક ૨/૩ ક્ષુલ્લકભવ રૂપ અંતર્મુહૂર્ત જઘન્યકાળ આવે.

ઉપશમ કે ક્ષપક શ્રેણીમાં ૯મા ગુણસ્થાનના અંતે મોહનીયનો બંધવિચ્છેદ થવાથી મૂળ ૬ કર્મનું ૩જું બંધસ્થાન આવે. તેના સ્વામી પર્યાપ્ત સંજ્ઞી ૧૦મા ગુણસ્થાનવાળા જીવો હોય. ઉપશમ શ્રેણીવાળાને મૃત્યુ પામનારની અપેક્ષાએ જઘન્ય સમય, અને મૃત્યુ નહીં પામનારની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અને ક્ષપકશ્રેણી વાળાને જઘન્ય ઉત્કૃષ્ટ બન્ને રીતે અંતર્મુહૂર્ત જ કાળ ૧૦મા ગુણસ્થાનનો હોવાથી આ ૬ ના બંધસ્થાનનો ૧૦મા ગુણસ્થાનના કાળ જેટલો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

ઉપશમશ્રેણીમાં ૧૧મે ગુણસ્થાને અને ક્ષપકશ્રેણીમાં ૧૨મા, ૧૩મા ગુણસ્થાને મૂળ ૧ જ વેદનીય કર્મ બંધાય. તે મૂળ ૧ વેદનીયનું ૪થું બંધસ્થાન પર્યાપ્ત સંજ્ઞી ૧૧ થી ૧૩ ગુણસ્થાનવાળાને હોય. ૧૧મા ગુણસ્થાનની અપેક્ષાએ જઘન્ય ૧ સમય, અને ૧૨મા સહિત ૧૩મા ગુણસ્થાનના ઉત્કૃષ્ટ કાળને આશ્રયી ઉત્કૃષ્ટ કાળ દેશોન પૂર્વકોટિ વર્ષ પ્રમાણ આવે.

**સામાન્યથી મૂળકર્મના ઉદયસ્થાનો અને એના સ્વામી ગુણસ્થાનો તથા કાળ :-**

જ્યાં સુધી મોહનીય કર્મનો ૧૧મા ગુણસ્થાને ઉપશમ કે ૧૨મે ગુણસ્થાને ક્ષય ન થાય ત્યાં સુધી સર્વ મૂળ ૮ પ્રકૃતિઓનું ૧લું ઉદયસ્થાન ૧૪ જીવસ્થાનકોને ૧ થી ૧૦ ગુણસ્થાનવાળાને હોય. અને એનો કાળ અભવ્યને આશ્રયીને અનાદિ અનંત, ભવ્યને આશ્રયીને અનાદિ સાંત, તથા ૧૧મા ગુણસ્થાનથી પડેલા જીવને આશ્રયીને સાદિ સાંત, જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્ત આવે. ૧૧મા ગુણસ્થાનથી પડેલા ફરીથી અંતર્મુહૂર્તમાં ઉપશમશ્રેણીમાં ૧૧મે ગુણસ્થાને જાય અથવા ક્ષપકશ્રેણી માંડીને ૧૨મે ગુણસ્થાને જાય ત્યારે જઘન્ય અને વધારેમાં વધારે સંસારમાં ભમીને આટલા કાળે ક્ષપકશ્રેણીમાં ૧૨મે ગુણસ્થાને જાય ત્યારે યથોક્ત ઉત્કૃષ્ટ કાળ આવે. કેમ કે ત્યારે ૭નું ઉદયસ્થાન આવી જાય.

ઉપશમશ્રેણી માંડનારને ૧૧મે અને ક્ષપકશ્રેણી માંડનારને ૧૨મે ગુણસ્થાને મોહનીય વિના મૂળ ૭ પ્રકૃતિઓનું ૨જું ઉદયસ્થાન પર્યાપ્ત સંજ્ઞી ૧૧-૧૨મા ગુણસ્થાનવાળાને હોય છે. ઉપશામકની અપેક્ષાએ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અને ક્ષપક શ્રેણીમાં જઘન્ય ઉત્કૃષ્ટ બન્ને રીતે અંતર્મુહૂર્ત આવે. માટે જઘન્ય સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત બતાવેલ છે.

ક્ષપકશ્રેણીમાં ૧૨મા ગુણસ્થાનના અંતે શેષ બાકી રહેલ ૩ ઘાતિ કર્મનો પણ ક્ષય થવાથી મૂળ ૪ અઘાતિ કર્મનું ૩જું ઉદયસ્થાન પર્યાપ્ત સંજ્ઞી ૧૩-૧૪મા ગુણસ્થાનવાળાને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી કાળ છે. કેમ કે ૧૩-૧૪મા ગુણસ્થાનનો સમુદિતકાળ જઘન્ય અને ઉત્કૃષ્ટથી તેટલો છે.

**સામાન્યથી મૂળ કર્મના સત્તાસ્થાનો અને એના સ્વામી, ગુણસ્થાનો તથા કાળ :-**

જ્યાં સુધી મોહનીય કર્મનો સત્તામાંથી ક્ષય ન થાય ત્યાં સુધી સર્વમૂળ ૮ પ્રકૃતિઓનું ૧લું સત્તાસ્થાન ૧૪ જીવસ્થાનકોને ૧ થી ૧૧મા ગુણસ્થાનો સુધીના સર્વજીવોને હોય. અને એનો કાળ અભવ્યને આશ્રયીને અનાદિ અનન્ત, ભવ્યને આશ્રયીને અનાદિ સાંત હોય. ક્ષય થયા બાદ ફરીથી સત્તા આવતી નથી તેથી સાદિ-સાંત કાળ ન આવે.

મોહનીય કર્મનો ક્ષય થયા બાદ મૂળ ૭ કર્મનું ૨જું સત્તાસ્થાન પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ૧૨મા ગુણસ્થાનવાળાને ૧૨મા ગુણસ્થાન જેટલો જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

શેષ ૩ ઘાતિ કર્મના ક્ષયથી મૂળ ૪ અઘાતિ કર્મનું ૩જું સત્તાસ્થાન પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને ૧૩-૧૪મા ગુણસ્થાનવાળાને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકાટિ વર્ષ કાળ હોય છે. કારણ કે ૧૩-૧૪મા ગુણસ્થાનનો સમુદિતકાળ તેટલો છે.

**મૂળ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોના સંવેધભંગાઓ :-**

જ્યારે આયુષ્ય બંધાતુ હોય ત્યારે મૂળ કર્મના ૮ નો બંધ ૮નો ઉદય અને ૮ ની સત્તાનો ૧લો સંવેધ ભંગ ૧૪ જીવસ્થાનને ૧-૨-૪ થી ૭ ગુણસ્થાને જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ સુધી હોય. કેમ કે આ સંવેધભંગમાં આયુષ્યબંધની એટલે ૮ ના બંધસ્થાનની મુખ્યતા છે. એટલે સ્વામી વગેરે બધું એના પ્રમાણે આવે.

જ્યારે આયુષ્ય ન બંધાતુ હોય ત્યારે મૂળ કર્મનો ૭ નો બંધ ૮નો ઉદય અને ૮ ની સત્તાનો ૨જો સંવેધભંગ ૧૪ જીવસ્થાનકને ૧ થી ૯ ગુણસ્થાને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૧/૩ પૂર્વ ક્રોડ વર્ષ અધિક ૩૩ સાગરોપમ અને મતાન્તરે

અંતર્મુહૂર્ત અને ૬ માસ ન્યૂન ૧/૩ પૂર્વ ક્રોડ વર્ષ અધિક ૩૩ સાગરોપમ અને જઘન્ય અંતર્મુહૂર્ત કાળ આવે. કારણ કે આ સંવેધભંગમાં ૭ ના બંધસ્થાનની પ્રધાનતા છે એટલે તેના પ્રમાણે સ્વામી વગેર બધું આવે.

હવે પછીના મૂળ કર્મના ૩ થી ૭ સુધીના ૫ સંવેધભંગો ૯માથી ઉપરના ગુણસ્થાને હોવાથી તેઓના સ્વામી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જ આવે. અને ગુણસ્થાનો ક્રમ કરીને ૧૦ થી ૧૪ સુધીના ૧-૧ આવે. અને તેથી તે તે ગુણસ્થાનને હિસાબે કાળ આવે. તેથી તે તે સંવેધભંગમાં ગુણસ્થાનોની પ્રધાનતા છે. **તે આ પ્રમાણે** -

જ્યારે મોહનીયનો બંધ અટકે ત્યારે મૂળ કર્મના ૬ ના બંધે ૮ ના ઉદયે ૮ ની સત્તાનો ૩જો સંવેધભંગ પર્યાપ્તસંજ્ઞી પંચેન્દ્રિયને ૧૦મે ગુણસ્થાને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત જઘન્ય ૧ સમય આવે. આ સંવેધભંગમાં ૬ ના બંધસ્થાનની મુખ્યતા છે. અથવા ૧૦મા ગુણસ્થાનની પ્રધાનતા પણ કહી શકાય.

મૂળ કર્મના ૧ ના બંધે ૭ ના ઉદયે ૮ ની સત્તાએ ૪થો સંવેધભંગ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને ૧૧મા ગુણસ્થાને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત જઘન્ય ૧ સમય કાળ આવે. આ સંવેધભંગમાં ૧૧મા ગુણસ્થાનની વિશેષતા છે. તેથી તેના પ્રમાણે આવે.

મૂળ કર્મના ૧ ના બંધે ૭ ના ઉદયે ૭ ની સત્તાનો ૫મો સંવેધભંગ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને ૧૨મા ગુણસ્થાને ઉત્કૃષ્ટ જઘન્ય અંતર્મુહૂર્ત કાળ આવે. અહીં ૧૨મા ગુણસ્થાનની અપેક્ષાએ બધુ આવે.

મૂળ કર્મના ૧ ના બંધે ૪ ના ઉદયે ૪ ની સત્તાએ ૬ઠ્ઠો સંવેધભંગ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને ૧૩મા ગુણસ્થાનને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ વર્ષ. જઘન્ય અંતર્મુહૂર્ત આવે. આ સંવેધભંગ ૧૩મા ગુણસ્થાનવાળાને જ હોવાથી સ્વામી અને કાળ તેના હિસાબે સમજવો.

એવી જ રીતે મૂળ કર્મના અબંધે ૪ ના ઉદયે ૪ ની સત્તાએ ૭મો સંવેધભંગ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ૧૪મા ગુણસ્થાનવાળાને જ ઉત્કૃષ્ટ જઘન્ય ૫ હ્રસ્વસ્વર કાળ હોય. માટે અહીં સ્વામી કાળ ૧૪મા ગુણસ્થાનના હિસાબે સમજવા.

## ૧૪ જીવસ્થાનકો વિષે મૂળ કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-

દરેક ઠેકાણે જ્યારે જ્યારે જીવસ્થાનકોમાં સંવેધભંગો લાવવા હોય ત્યારે ત્યારે સામાન્ય સંવેધના સ્વામી નામના ખાનામાં જોવાથી સહેલાઈથી જીવસ્થાનકોમાં સંવેધભંગો સમજાય તેમ છે.

દા.ત. મૂળ કર્મના ૭ સંવેધભંગોના સ્વામી નામના ખાનામાં પહેલા ૨ સંવેધભંગોમાં ૧૪ જીવસ્થાનક અને પછીના ૫ સંવેધભંગોમાં પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય બતાવેલ છે. તેથી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય વિના ૧૩ જીવસ્થાનકોમાં ૧લો ૨જો એમ શરૂઆતના પહેલા બે સંવેધભંગો આવે. અને પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને બધા જ ૭ સંવેધભંગો આવે. માટે ૧૩ x ૨ = ૨૬ + ૭ = ૩૩ ભંગો થાય.

તેવી જ રીતે આગળ ઉપર પણ સમજવું.

મતાન્તરે કેવલી ભગવંતને સંજ્ઞી તરીકે ન સ્વીકારવામાં આવે તો છેલ્લા ૨ ભંગ કેવલીને અને ઉપરના ૫ ભંગો પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને જાણવા.

### ૧૪ ગુણસ્થાનો વિષે મૂળ કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-

દરેક ઠેકાણે જ્યારે જ્યારે ગુણસ્થાનકોમાં સંવેધભંગો વિચારવાના હોય ત્યારે ત્યારે સામાન્ય સંવેધના ગુણસ્થાન નામના ખાનામાં નજર નાખવાથી કઠિનાઈ વગર અત્યંત સરલતાથી ગુણસ્થાનોમાં સંવેધભંગો જાણી શકાય તેમ છે.

દા.ત. મૂળ કર્મના ૭ સંવેધભંગોના ગુણસ્થાન નામના ખાનામાં ૧લા સંવેધભંગમાં ૧-૨-૪ થી ૭, ૨જા સંવેધભંગમાં ૧ થી ૯ ગુણસ્થાનો અને ૩ થી ૭ સુધીના ૫ સંવેધભંગોમાં ૧-૧ ગુણસ્થાન બતાવેલ છે. તેથી ૧-૨-૪ થી ૭ ગુણસ્થાનોમાં ૧લો ૨જો એમ ૨-૨ સંવેધભંગો આવે. અને બાકીના બધા જ ગુણસ્થાનોમાં ૧-૧ જ સંવેધભંગો આવે. **તે આ રીતે**- ૩-૮-૯મા ગુણસ્થાનોમાં ૨જો અને ૧૦ થી ૧૪ સુધીના પાંચ ગુણસ્થાનોમાં અનુક્રમે ૩ થી ૭ સુધીના ૫ સંવેધભંગના ૧-૧ સંવેધભંગો આવે. તેથી કુલ ૨૦ ભંગો થાય. કારણ કે ૧-૨-૪ થી ૭ સુધીના ૬ ગુણસ્થાનોમાં ડબલ છે. તેથી તેના ૧૨ અને બાકીના ૮ ગુણસ્થાનોમાં ૧-૧ છે. તેથી તેના ૮, આમ કુલ ૨૦ ભંગો થાય.

## ઉત્તર કર્મને (પ્રકૃત્તિને) વિષે :-

### સામાન્ય :-

**જ્ઞાનાવરણ કર્મ-અંતરાય કર્મના સામાન્યથી બંધસ્થાન, ઉદયસ્થાન તથા સત્તાસ્થાન :-**

સામાન્યથી આ બન્ને કર્મોની પાંચે પ્રકૃતિઓ એક સાથે જ બંધ ઉદય અને સત્તામાં આવતી હોવાથી ૫ પ્રકૃતિનું ૧ જ બંધસ્થાન ૧ જ ઉદયસ્થાન અને ૧ જ સત્તાસ્થાન છે. દરેકના ૧૪ જીવસ્થાનકો સ્વામી છે. બંધમાં ૧ થી ૧૦ અને ઉદય તથા સત્તામાં ૧ થી ૧૨ ગુણસ્થાન છે. તેથી ત્રણે સ્થાનોમાં અનાદિ અનંત અભવ્યને આશ્રયીને અને અનાદિ સાંત ભવ્યની અપેક્ષાએ એમ બે પ્રકારે કાળ આવે. વધારામાં બંધસ્થાનમાં ૧૦ જ ગુણસ્થાનો હોવાથી ૧૧મા ગુણસ્થાનથી પડનારની અપેક્ષાએ બંધસ્થાનમાં ૩જો સાદિ સાંત ભાંગો પણ આવે. અને તે ભાંગાનો ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત અને જઘન્ય અંતર્મુહૂર્ત કાળ છે. કેમ કે ૧૧મા ગુણસ્થાનથી પડનાર સંસારમાં આટલા કાળ સુધી રહે છે. અથવા ૧૧મા વગેરે ઉપરના ગુણસ્થાનો ફરીથી આટલા કાલે પ્રાપ્ત થાય છે.

### સંવેધ :-

**જ્ઞાનાવરણ કર્મ અને અંતરાય કર્મના બંધસ્થાન સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોના સંવેધભંગો :-**

૫ ના બંધે ૫ ના ઉદયે ૫ ની સત્તાએ ૧લો સંવેધભંગ ૧૪ જીવસ્થાનક ૧ થી ૧૦ ગુણસ્થાનવાળાને હોય. આમાં બંધસ્થાનની પ્રધાનતા હોવાથી તેની અપેક્ષાએ ૩ ભાંગાવાળો કાળ આવે. અને ગુણસ્થાનો પણ તેની અપેક્ષાએ છે. એવી રીતે જીવસ્થાનકો પણ પરંતુ તે ત્રણેમાં સામાન્ય હોવાથી બંધસ્થાનની અપેક્ષાએ જીવસ્થાનોની વિશેષતા નથી.

જ્યારે બંધ ન હોય ત્યારે ૫ ના ઉદયે ૫ ની સત્તાએ ૨જો સંવેધભંગ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ૧૧-૧૨મા ગુણસ્થાનવાળાને હોય. ૧૧મા ગુણસ્થાનની અપેક્ષાએ જઘન્ય સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અને ૧૨મા ગુણસ્થાનને આશ્રયીને જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ પ્રાપ્ત થાય છે. તેથી આ ૨જા સંવેધભંગનો જઘન્ય સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ જાણવો.

**૧૪ જીવસ્થાનકો વિષે જ્ઞાનાવરણ કર્મ-અંતરાય કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-**

સામાન્ય સંવેધનો ૧લો ભાંગો ૧૪ જીવસ્થાનકોમાં અને ૨જો ભાંગો ફકત પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને હોવાથી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનમાં ૨ ભાંગા અને બાકીના ૧૩ જીવસ્થાનકોમાં ૧લો ૧ જ ભાંગો એમ કુલ ૧૫ ભાંગા થાય.

**૧૪ ગુણસ્થાનકો વિષે જ્ઞાનાવરણ કર્મ અંતરાય કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-**

૧ થી ૧૦ ગુણસ્થાનકોમાં ૧લો અને ૧૧-૧૨ ગુણસ્થાને ૨જો, એમ ૧-૧ ગુણસ્થાને ૧-૧ સંવેધભંગો હોવાથી ૧૨ ગુણસ્થાનના ૧૨ સંવેધભાંગા થાય.

**સામાન્ય :-**

**દર્શનાવરણ કર્મના સામાન્યથી બંધસ્થાનો, ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનો :-**

દર્શનાવરણ કર્મની બધી જ પ્રકૃતિઓ ધ્રુવબંધિ હોવાથી જ્યારે સ્ત્યાનર્દ્ધિ[૩] બંધાતી હોય ત્યારે સર્વ ૯ પ્રકૃતિઓનું ૧લું બંધસ્થાન ૧૪ જીવસ્થાનકોને ૧-૨ ગુણસ્થાને અભવ્યને આશ્રયીને અનાદિ અનંત, ભવ્યની અપેક્ષાએ અનાદિ સાંત, અને સમ્યક્ત્વથી પડેલાના હિસાબે સાદિ સાંત, ઉત્કૃષ્ટ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત, અને જઘન્ય અંતર્મુહૂર્ત કાળ હોય છે. કારણ કે સમ્યક્ત્વ પામીને મિથ્યાત્વે આવેલ જીવો મિથ્યાત્વમાં આટલો કાળ રહે છે.

૩જા ગુણસ્થાનથી સ્ત્યાનર્દ્ધિ[૩] બંધાતી ન હોવાથી તે ૩ વિના ૬ પ્રકૃતિઓનું ૨જું બંધસ્થાન લબ્ધિ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને ૩ થી ૮/૧ ગુણસ્થાને ઉત્કૃષ્ટ સાધિક ૧૩૨ સાગરોપમ, અને જઘન્ય અંતર્મુહૂર્ત કાળ. કેમ કે મિશ્રદૃષ્ટિના અંતર્મુહૂર્ત સહિત સાધિક બે ૬૬ સાગરોપમ સમ્યક્ત્વના ઉત્કૃષ્ટ કાળમાં અને સમ્યક્ત્વના જઘન્ય અંતર્મુહૂર્ત કાળમાં આ બંધસ્થાન બંધાય છે.

૮/૨ ગુણસ્થાનથી નિદ્રા[૨] બંધાતી ન હોવાથી તે ૨ પણ વિના માત્ર દર્શનાવરણ ચતુષ્કનું ૪નું ૩જું બંધસ્થાન પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને ૮/૨ થી ૧૦ ગુણસ્થાને બન્ને શ્રેણીમાં હોય છે. ઉપશમશ્રેણીમાં જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અને ક્ષપકશ્રેણીમાં જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ હોય. તેથી જઘન્ય સમય, અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ જાણવો.

દર્શનાવરણ ૪નું ૧લું ઉદયસ્થાન અને કોઈ પણ ૧ નિદ્રા સહિતનું ૫નું ૨જું ઉદયસ્થાન ૧૪ જીવસ્થાનકોને ૧ થી ૧૨ ગુણસ્થાને આવે. પરાવર્તમાનભાવે બન્ને વારાફરતી આવતા હોવાથી ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અને જઘન્ય ૧ સમય કાળ આવે. ક્ષપકશ્રેણીવાળાને પણ નિદ્રા[૨] નો ઉદય માનનાર **કર્મસ્તવ ગ્રન્થકાર** વગેરેના મતે આ પ્રમાણે જાણવું. પરંતુ જેઓ નિદ્રા[૨]નો ઉદય ક્ષપકશ્રેણીવાળાને માનતા નથી ફકત ઉપશમશ્રેણીવાળાને માને છે. તે મતે ૫ ના ઉદયસ્થાનના ૧ થી ૧૧ ગુણસ્થાનવાળા લેવા.

ઉપશમશ્રેણીમાં છેવટ સુધી એટલે ૧૧મા ગુણસ્થાન સુધી અને ક્ષપકશ્રેણીમાં જ્યાં સુધી સ્ત્યાનર્દ્ધિ[૩] નો ક્ષય ન કરે ત્યાં સુધી સર્વ ૯ પ્રકૃતિઓનું ૧લું સત્તાસ્થાન ૧૪ જીવસ્થાનકોને ૧લા ગુણસ્થાનકથી ઉપશમશ્રેણીની અપેક્ષાએ ૧૧મા ગુણસ્થાન સુધી અને ક્ષપકશ્રેણીને આશ્રયીને ૯મા ગુણસ્થાનના ૧લા ભાગ સુધી. અભવ્યને હિસાબે અનાદિ અનંત, અને ભવ્યને આશ્રયીને અનાદિ સાંત કાળ આવે.

ક્ષપકશ્રેણીમાં જ્યારે સ્ત્યાનર્દ્ધિ[3]નો ક્ષય કરે ત્યારે તેના વિના ૬ પ્રકૃતિઓનું ૨જું સત્તાસ્થાન પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને ૯મા ગુણસ્થાનના ૨જા ભાગ થી ૧૨મા ગુણસ્થાનના દ્વિચરમ સમય સુધી ઉત્કૃષ્ટ જઘન્ય અંતર્મુહૂર્ત કાળ હોય કેમ કે ક્ષપકશ્રેણીનો કાળ તેટલો છે.

અને નિદ્રા[2] વિનાનું ફકત દર્શનાવરણ ૪ નું ૩જું સત્તાસ્થાન પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને ૧૨મા ગુણસ્થાનના છેલ્લા ૧ સમયે હોય. એટલે ઉત્કૃષ્ટ જઘન્ય ૧ સમય જ કાળ આવે.

**સંવેધ :-**

**દર્શનાવરણ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોના સંવેધભંગો :-**

દર્શનાવરણ કર્મના ૯ ના બંધે ૪ ના ઉદયે ૯ ની સત્તાએ ૧લો સંવેધભંગ. આ ભંગમાં કોઈ વિકલ્પ ન હોવાથી ૧ જ ભાંગો. ૯ ના બંધે ૫ ના ઉદયે ૯ ની સત્તાએ ૨જો સંવેધભંગ. આમાં ૫ નિદ્રાના ઉદયના વિકલ્પથી ૫ ભાંગા આવે. આ બન્ને સંવેધભંગો ૧૪ જીવસ્થાનને યથાસંભવ ૧-૨ ગુણસ્થાને હોય. ૧લા ગુણસ્થાને ૧૪ જીવસ્થાનકો ૨જા ગુણસ્થાને ૭ જીવસ્થાનક. (સૂક્ષ્મ એકેન્દ્રિય વિના ૬ અપર્યાપ્ત અને + પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય = ૭)

સ્ત્યાનર્દ્ધિ[3] વગરના ૬ ના બંધે ૪ ના ઉદયે ૯ ની સત્તાએ ૩જો સંવેધભંગ. આ ભંગમાં એક જ વિકલ્પ હોવાથી ૧ જ ભાંગો. અને ૬ ના બંધે ૫ ના ઉદયે ૯ ની સત્તાએ ૪થો સંવેધભંગ. આ ભંગમાં ૫ નિદ્રાના ઉદયની અપેક્ષાએ ૫ ભાંગા આવે. ૩ થી ૬ ગુણસ્થાને ૫ ભાંગા. ૬ટ્ઠા ગુણસ્થાનના અંતે સ્ત્યાનર્દ્ધિ[3] નો ઉદય વિચ્છેદ થવાથી નિદ્રા[2] ના ઉદયની અપેક્ષાએ ૭મે ગુણસ્થાને અને ૮મા ગુણસ્થાનના ૧લા ભાગે ૨ ભાંગા જાણવા. આ બન્ને સંવેધભંગો ૩ થી ૮મા ગુણસ્થાનના ૧લા ભાગ સુધી હોય. ૩જા ગુણસ્થાનથી ઉપરના બધા જ ગુણસ્થાનો ફકત લબ્ધિપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને જ હોય છે. માટે ૩જા થી ૧૩મા સુધીના ૧૧ સંવેધભંગોમાં લબ્ધિપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને સ્વામી તરીકે લેવા. તેમાં ૪થે ગુણસ્થાને કરણ અપર્યાપ્ત પણ આવી શકે. કેમ કે ૪થું ગુણસ્થાન લઈને ભવાંતરમાં જવાય છે. બાકી તે સિવાય ૩થી ઉપરના બધા જ ગુણસ્થાનોમાં લબ્ધિપર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિય પણ કરણપર્યાપ્ત લેવો. ૪ અને ૫નું ઉદયસ્થાન પરાવર્તમાન હોવાના કારણે ૧ થી ૧૨ સુધીના ૧૨ સંવેધભંગોમાં ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અને જઘન્ય ૧ સમય કાળ જાણવો.

નિદ્રા[2] ના બંધવિચ્છેદથી ૪ ના બંધે ૪ ના ઉદયે ૯ ની સત્તાએ ૫મો સંવેધભંગ. આ ભંગમાં ઉદયમાં વિકલ્પનો અભાવ હોવાથી ૧ જ ભાંગો. અને ૪ ના બંધે ૫ ના ઉદયે ૯ ની સત્તાએ ૬ઠ્ઠો સંવેધભંગ. આ ભંગમાં નિદ્રા[2] ના ઉદયની પરાવૃત્તિથી ૨ ભાંગા આવે. અને બન્ને સંવેધભંગો ૮મા ગુણસ્થાનના ૨જા ભાગથી ઉપશમશ્રેણીમાં ૧૦મા ગુણસ્થાન સુધી અને ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણસ્થાનના ૧લા ભાગ સુધી હોય.

ક્ષપકશ્રેણીમાં જ્યારે સ્ત્યાનર્દ્ધિ[3]નો ક્ષય થાય ત્યારે ૪ના બંધે ૪ના ઉદયે ૬ની સત્તાએ ૭મો સંવેધભંગ. અહીં ઉદય આશ્રયીને ૧ જ વિકલ્પ હોવાથી ૧ ભાંગો આવે. અને ૪ ના બંધે ૫ ના ઉદયે ૬ની સત્તાએ ૮મો સંવેધભંગ, અહીં નિદ્રા[2] ના પરાવર્તમાન ઉદયથી ૨ ભાંગા આવે. અને બન્ને સંવેધભંગો ૯મા ગુણસ્થાનના ૨જા ભાગથી ૧૦મા ગુણસ્થાન સુધી હોય.

ઉપશમશ્રેણીમાં દર્શનાવરણ કર્મના અબંધે ૪ ના ઉદયે ૯ ની સત્તાએ ૯મો સંવેધભંગ. અહીં ઉદયમાં વિકલ્પો ન હોવાથી ૧ ભાંગો. અને અબંધે ૫ ના ઉદયે ૯ ની સત્તાએ ૧૦મો સંવેધભંગ. અહીં નિદ્રા[2] ના ઉદયના હિસાબે ૨ ભાંગા આવે. આ બન્ને સંવેધભંગો ૧૧મા ગુણસ્થાને હોય.

ક્ષપકશ્રેણીમાં દર્શનાવરણ કર્મના અબંધે ૪ ના ઉદયે ૬ ની સત્તાએ ૧૧મો સંવેધભંગ. પૂર્વવત્ ૧ ભાંગો. અને અબંધે ૫ ના ઉદયે ૬ ની સત્તાએ ૧૨મો સંવેધભંગ. અહીં પણ પૂર્વવત્ ૨ ભાંગા. આ બે સંવેધભંગો ૧૨મા ગુણસ્થાને દ્વિચરમ સમય સુધી હોય.

ક્ષપકશ્રેણીમાં ૧૨મા ગુણસ્થાનના ચરમ સમયે જ્યારે નિદ્રા[૨] નો સત્તામાંથી પણ ક્ષય થયેલ છે ત્યારે અબંધે ૪ ના ઉદયે ૪ ની સત્તાએ ૧૩મો સંવેધભંગ. એક જ વિકલ્પ હોવાથી ૧ ભાંગાવાળો ભાંગો. છેલ્લા સમયે એક જ સમય હોવાથી ઉત્કૃષ્ટ જઘન્ય ૧સમય કાળવાળો હોય છે.

ક્ષપકશ્રેણીમાં પણ નિદ્રા[૨] નો ઉદય માનનાર **કર્મસ્તવ ગ્રન્થકાર વગેરેના અભિપ્રાયે** ઉપર બતાવ્યા પ્રમાણે ૧૩ સંવેધભંગો આવે. પરંતુ **જે આચાર્ય ભગવંતો ક્ષપકશ્રેણીમાં નિદ્રા[૨] નો ઉદય માનતા નથી તેમના મતે** ૮મો, ૧૨મો સંવેધભંગ અને તેના ભાંગા ન આવે. તેમ જ ૧ જ ઉદયસ્થાન હોવાના કારણે ૭મા ૧૧મા સંવેધભંગોનો જઘન્ય કાળ પણ અંતર્મુહૂર્ત આવે અને ૮-૧૨ વગરના કુલ સંવેધભંગો ૧૧ અને કુલ ભાંગા ૨૧ થાય.

## ૧૪ જીવસ્થાનકો વિષે દર્શનાવરણ કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-

સામાન્ય સંવેધના સ્વામી સંજ્ઞાવાળું ખાનું જોવાથી સરલતાથી જીવસ્થાનકોમાં સંવેધભંગો જાણી શકાય તેમ છે.

દા.ત. ૧-૨ સંવેધભંગોમાં ૧૪ જીવસ્થાનકો, બાકીના ૧૧ સંવેધભંગોમાં કેવલ લબ્ધિપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ૧ જ જીવસ્થાનક છે. તેથી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનકમાં નિદ્રા ભેદ વગરના એટલે કે સંવેધભંગો ૧૩ છે. અને એના નિદ્રા ભેદ સહિતના ભાંગા ૨૫ છે. **તે આ રીતે** - ૧૩ સંવેધભંગોમાં એકી સંખ્યાવાળા ૭ સંવેધભંગોમાં ૧-૧ ભાંગો કુલ ૭ ભાંગા, બેકી સંખ્યાવાળા ૨-૪ સંવેધભંગોમાં ૫-૫ ભાંગા છે. તેના કુલ ૧૦ ભાંગા, અને ૬-૮-૧૦-૧૨ સંવેધભંગોમાં ૨-૨ ભાંગા છે. તેના કુલ ૮ ભાંગા અને બધા ૧૩ સંવેધભંગોના કુલ ભાંગા ૨૫ છે. શેષ ૧૩ જીવસ્થાનકોમાં ૧લો-૨જો એમ ૨-૨ સંવેધભંગો, ૧લા સંવેધભંગનો ૧, ૨જા સંવેધભંગના ૫, એમ કુલ ૬-૬ ભાંગા આવે. માટે ૧૩ જીવસ્થાનકોના કુલ નિદ્રાભેદ વગરના એટલે કે સંવેધભંગો કુલ (૧૩ x ૨ =) ૨૬અને નિદ્રા ભેદ સહિતના કુલ ભાંગા (૧૩ x ૬ =) ૭૮ થાય. અને ૧૪ જીવસ્થાનકોમાં કુલ સંવેધભંગો ૩૯, અને ભાંગાઓ ૧૦૩ થાય.

### વિવક્ષાભેદે :-

એટલે કે સંજ્ઞીમાં લબ્ધ્યપર્યાપ્તને બદલે કરણ અપર્યાપ્તની જો વિવક્ષા કરવામાં આવે તો તે જીવસ્થાનકમાં ૩ જો ૪થો સંવેધભંગ અને તેના ૬ ભાંગાઓ વધે તેથી ૧૪ જીવસ્થાનકોમાં કુલ સંવેધભંગો (૩૯ + ૨ =) ૪૧. અને ભાંગાઓ (૧૦૩ + ૬ =) ૧૦૯ થાય.

### અન્ય આચાર્યોના મતે :-

એટલે કે **ક્ષપકશ્રેણીમાં નિદ્રા[૨] નો ઉદય ન માનનાર આચાર્યોના મતે** પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનકમાં ૮મો, ૧૨મો એ બે સંવેધભંગો અને તે દરેકના ૨-૨ ભાંગા કુલ ૪ ભાંગા ઘટવાથી ૧૪ જીવસ્થાનકોમાં કુલ (૩૯ - ૨ =) ૩૭ સંવેધભંગો અને કુલ (૧૦૩ - ૪ =) ૯૯ ભાંગાઓ થાય.

**૧૨ ગુણસ્થાનકો વિષે દર્શનાવરણ કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-**

સામાન્ય સંવેધમાં ગુણસ્થાનવાળું ખાનું જોવાથી ગુણસ્થાનોમાં સંવેધભંગો અને ભાંગાઓ સારી રીતે ખ્યાલમાં આવે તેમ છે.

દાં.ત. ૧લા ૨જા એમ ૨ સંવેધભંગોમાં ૧લો ૨જો એમ ૨ ગુણસ્થાનો છે. તેથી ૧લા ગુણસ્થાનમાં ૧લો ૨જો એમ બે સંવેધભંગો અને એના ૬ ભાંગા આવે. તેવી રીતે ૨જા ગુણસ્થાનમાં પણ. એ પ્રમાણે ૩જા ગુણસ્થાનમાં ૩જો ૪થો એમ બે સંવેધભંગો અને એના ૬ ભાંગાઓ આવે. તેવી જ રીતે ૪ થી ૬ ગુણસ્થાનોમાં પણ. ૭મા ગુણસ્થાને પણ ૩જો-૪થો એ બે સંવેધભંગો આવે. પરંતુ ભાંગા ૩ આવે. કેમ કે ૪થા સંવેધભંગના ૫ને બદલે ૨ જ ભાંગા આવે. કારણ કે સ્ત્યાનર્દ્ધિ[૩] નો ૭મા ગુણસ્થાને ઉદય ન હોય. ૮મા ગુણસ્થાને ૩જા થી ૬ઠ્ઠા સુધીના ૪ સંવેધભંગો અને એના ૬ ભાંગાઓ આવે.

૯મા ગુણસ્થાને ૫મા થી ૮મા સુધીના ૪ સંવેધભંગો અને એના ૬ ભાંગાઓ આવે. એવી જ રીતે ૧૦મા ગુણસ્થાને પણ. ૧૧મા ગુણસ્થાને ૯મો ૧૦મો બે સંવેધભંગો અને એના ૩ ભાંગાઓ. ૧૨મા ગુણસ્થાને ૧૧ થી ૧૩ ના ૩ સંવેધભંગો અને એના ૪ ભાંગાઓ હોય. એટલે ૧ થી ૧૨ ગુણસ્થાનોમાં કુલ ૩૧ સંવેધભંગો અને ૬૪ ભાંગાઓ થાય.

**અન્ય આચાર્યોના મતે :-**

ક્ષપકશ્રેણીમાં નિદ્રા[૨] નો ઉદય ન માનવાથી ૯મે ગુણસ્થાને ૮મો સંવેધભંગ અને એના ૨ ભાંગાઓ ન આવે. તેવી જ રીતે ૧૦મે ગુણસ્થાને પણ. અને એ જ રીતે ૧૨મે ગુણસ્થાને ૧૨મો સંવેધભંગ અને એના ૨ ભાંગા ન આવે. આમ કુલ ૩ સંવેધભંગો અને એના ૬ ભાંગાઓ ઓછા થવાથી ૧ થી ૧૨ ગુણસ્થાનોમાં કુલ સંવેધભંગો (૩૧-૩ =) ૨૮, અને ભાંગાઓ (૬૪ - ૬ =) ૫૮ આવે.

**સામાન્ય :-**

**વેદનીય કર્મના સામાન્યથી બંધસ્થાનો, ઉદયસ્થાનો અને સત્તાસ્થાનો :-**

વેદનીય કર્મની ૨ પ્રકૃતિમાંથી ૧ સમયે એક સાથે એકથી વધારે ન બંધાય માટે ૧ પ્રકૃતિનું ૧ જ બંધસ્થાન હોય. એવી રીતે ઉદયમાં પણ. બન્નેના સ્વામી તરીકે ૧૪ જીવસ્થાનકો હોય. બંધમાં ૧ થી ૧૩ ગુણસ્થાનો અને ઉદયમાં ૧ થી ૧૪ ગુણસ્થાનો હોય. એટલે અભવ્યને આશ્રયીને અનાદિ અનંત, તથા ભવ્યની અપેક્ષાએ અનાદિ સાંત કાળ આવે. બંધમાં ૧ થી ૧૩ ગુણસ્થાનો શાતાની અપેક્ષાએ સમજવા. અશાતાની અપેક્ષાએ ૧ થી ૬ ગુણસ્થાનો આવે. સત્તામાં બન્ને વેદનીય પ્રકૃતિનું ૨નું ૧લું સત્તાસ્થાન ૧૪ જીવસ્થાનકને ૧ થી ૧૪ ગુણસ્થાનના ઉપાન્ત્ય સમય સુધી હોય. તેથી તેનો કાળ પણ ઉપર પ્રમાણે અભવ્યને હિસાબે અનાદિ અનંત, અને ભવ્યની અપેક્ષાએ અનાદિ સાંત આવે. ૧૪મા ગુણસ્થાનના છેલ્લે સમયે બે વેદનીયમાંથી જેનો ઉદય હોય તે એક વેદનીય પ્રકૃતિરૂપ ૧ નું ૨જું સત્તાસ્થાન પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને ૧૪મા ગુણસ્થાનના ચરમ સમયરૂપ ૧ સમય હોય.

**સંવેધ :-**

**વેદનીય કર્મના બંધસ્થાનની સાથે ઉદયસ્થાન તથા સત્તાસ્થાનોના સંવેધના ભંગો :-**

અશાતાવેદનીયના બંધે અશાતાવેદનીયના ઉદયે અને ૨ વેદનીયની સત્તાએ ૧લો સંવેધભંગ, અશાતાવેદનીયના

બંધે શાતાવેદનીયના ઉદયે ૨ વેદનીયની સત્તાએ ૨જો સંવેધભંગ. આ બંન્ને ભંગો ૧ થી ૬ ગુણસ્થાન સુધી હોય. કેમ કે અહીં અશાતાવેદનીયના બંધની પ્રધાનતા છે. અને તેનો બંધ ૧ થી ૬ ગુણસ્થાને હોય છે. હવે શાતાવેદનીયના બંધે અશાતાવેદનીયના ઉદયે ૨ ની સત્તાએ ૩જો સંવેધભંગ, શાતાવેદનીયના બંધે શાતાવેદનીયના ઉદયે ૨ ની સત્તાએ ૪થો સંવેધભંગ. આ બન્ને ભંગો ૧ થી ૧૩ ગુણસ્થાન સુધી હોય છે. કારણ કે શાતાવેદનીયના બંધની મુખ્યતા છે. આ ચારે ભંગો ૧૪ જીવસ્થાનકોને હોય. આ ચારે પરાવર્તમાન હોવાથી ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અને જઘન્ય ૧ સમય કાળ આવે. અબંધે અશાતાના ઉદયે ૨ ની સત્તાએ ૫મો સંવેધભંગ. અબંધે શાતાના ઉદયે ૨ ની સત્તાએ ૬ઠ્ઠો સંવેધભંગ. આ બન્ને ૧૪મા ગુણસ્થાને દ્વિચરમ સમય સુધી હોય. ૧૪મા ગુણસ્થાને વેદનીયનો ઉદય પરાવર્તમાન નથી એટલે બન્ને ભંગોનો ઉત્કૃષ્ટ જઘન્ય કાળ સમય ન્યૂન પાંચ હ્રસ્વસ્વર જેટલો આવે. અને અબંધે શાતાના ઉદયે શાતાની સત્તાએ ૭મો સંવેધભંગ, અબંધે અશાતાના ઉદયે અશાતાની સત્તાએ ૮મો સંવેધભંગ, આ બન્ને સંવેધભંગો ૧૪મા ગુણસ્થાનના ચરમ સમયરૂપ ૧ સમય માત્ર કાળ હોય. અને ૫ થી ૮ સુધીના ૪ સંવેધભંગો પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને હોય. કેમ કે ૧૪મા ગુણસ્થાનમાં છે.

**૧૪ જીવસ્થાનકો વિષે વેદનીય કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-**

સામાન્ય સંવેધના સ્વામી જોવા માત્રથી જીવસ્થાનકોના સંવેધભંગો ખ્યાલમાં આવી જાય તેમ છે. પ્રથમના ૪ સંવેધભંગો ૧૪ જીવસ્થાનકોમાં છે. છેલ્લા ૪ સંવેધભંગો કેવલ લબ્ધિપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનને જ છે. તેથી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં ૮ સંવેધભંગો અને શેષ ૧૩ જીવસ્થાનકોમાં પહેલા ૪ જ સંવેધભંગો કુલ ૫૨ સંવેધભંગો અને ૧૪ જીવસ્થાનકોમાં કુલ ૬૦ સંવેધભંગો થાય.

**૧૪ ગુણસ્થાનકો વિષે વેદનીય કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-**

સામાન્ય સંવેધના ગુણસ્થાનના ખાનાને જોવાથી ગુણસ્થાનોમાં સંવેધભંગો સમજમાં આવી જાય તેમ છે. ૧ થી ૬ ગુણસ્થાનોમાં પહેલા ૪ સંવેધભંગો હોવાથી ૬ ગુણસ્થાનનાં કુલ ૨૪, ૭ થી ૧૩ સુધીના ૭ ગુણસ્થાનોમાં ૩જો ૪થો એમ ૨ સંવેધભંગો હોવાથી કુલ ૧૪, અને ૧૪મા ગુણસ્થાને છેલ્લા ૪સંવેધ ભંગા. આ પ્રમાણે ૧૪ ગુણસ્થાનોમાં કુલ ૪૨ સંવેધભંગો થાય.

**સામાન્ય :-**

**ગોત્ર કર્મના સામાન્યથી બંધસ્થાનો ઉદયસ્થાનો અને સત્તાસ્થાનો :-**

ગોત્ર કર્મની ૨ પ્રકૃતિમાંથી બંધમાં અને ઉદયમાં ૧ સમયે ૧ જ પ્રકૃતિ હોય તેથી ૧ નું ૧ જ બંધસ્થાન અને ૧ જ ઉદયસ્થાન હોય. જ્યારે સત્તામાં ૧લે ગુણસ્થાને ઉચ્ચગોત્રને તેઉકાય-વાઉકાયમાં ઉવેલે નહીં અથવા ૧૪મા ગુણસ્થાનના દ્વિચરમ સમયે નીચગોત્રનો ક્ષય ન કરે ત્યાં સુધી ૨ પ્રકૃતિનું ૧લું સત્તાસ્થાન અને ૧૪મા ગુણસ્થાનના ચરમ સમયે ઉચ્ચગોત્રરૂપ અથવા તેઉકાય-વાઉકાયમાં ઉચ્ચગોત્ર ઉવેલી નાખે ત્યારે નીચગોત્રરૂપ ૧ પ્રકૃતિનું ૨ જું સત્તાસ્થાન આવે. ૧ ના બંધસ્થાનના ૧ ના ઉદયસ્થાનના અને ૨ ના સત્તાસ્થાનના સ્વામી ૧૪ જીવસ્થાનકો છે. ૧ ના બંધસ્થાનના ગુણસ્થાન ૧ થી ૧૦ છે. તેમાં ઉચ્ચગોત્રના ૧ થી ૧૦ અને નીચગોત્રના ૧-૨ ગુણસ્થાન છે. તેથી અભવ્યને આશ્રયીને અનાદિ અનંત, ભવ્યના હિસાબે અનાદિ સાંત, અને ૧૧મા ગુણસ્થાનથી પડેલાની અપેક્ષાએ સાદિ સાંત, ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્ત અને જઘન્ય અંતર્મુહૂર્ત કાળ. કારણકે ૧૧મા ગુણસ્થાનથી પડેલા ફરીથી

આટલા કાલે ૧૧મો કે ૧૨મો ગુણસ્થાન પામી શકે. ૧ ના ઉદયસ્થાનના ૧ થી ૧૪ ગુણસ્થાન છે. એટલે અભવ્યની અપેક્ષાએ અનાદિ અનંત તથા ભવ્યને આશ્રયીને અનાદિ સાંત એમ ૨ પ્રકારે જ કાળ આવે. કેમ કે મોક્ષમાંથી પ્રતિપાત નથી. એટલે સાદિ-સાંત (ભાંગાવાળો) કાળ ન આવે. ૨નું સત્તાસ્થાન ૧ થી ૧૪મા ગુણસ્થાનના ઉપાન્ત્ય સમય સુધી હોય. તેનો ઉત્કૃષ્ટ કાળ અસંખ્ય પુદ્ગલ પરાવર્ત કેમ કે એટલો કાળ પસાર થયે છતે નિયમા તેઉકાય-વાઉકાયમાં ઉચ્ચગોત્ર ઉવેલાઈ જવાથી અવશ્ય ૧ નું સત્તાસ્થાન આવી જાય. માટે આનાથી વધારે કાળ ન આવે. જઘન્ય સાધિક ૮ વર્ષ કારણ કે ૧ ની સત્તાવાળો તેઉકાય-વાઉકાયમાંથી નીકળ્યા બાદ વહેલામાં વહેલો તેટલા કાળે મોક્ષમાં જાય છે. અને તેની અપેક્ષાએ અહીં જઘન્ય કાળ આવે. જ્યારે ઉચ્ચગોત્રરૂપ ૧ પ્રકૃતિના સત્તાસ્થાનના સ્વામી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાન છે. અને તે ૧૪મા ગુણસ્થાનના ચરમ સમયવર્તી છે. તેથી તેનો ઉત્કૃષ્ટ જઘન્ય ૧ સમય કાળ છે. તથા નીચગોત્ર રૂપ ૧ પ્રકૃતિના સત્તાસ્થાનના સ્વામી તેઉકાય-વાઉકાય ૧લા ગુણસ્થાનવાળા ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ અને જઘન્ય અંતર્મુહૂર્ત (કે સમય) કારણ કે ૧ની સત્તાવાળો થયા બાદ તેટલો કાળ સુધી તેઉકાય-વાઉકાયમાં રહે છે. ઉચ્ચગોત્રની ઉદ્વલના થયા બાદ વહેલામાં વહેલું પ્રાયઃ અંતર્મુહૂર્ત બાદ જ ઉચ્ચગોત્ર બંધાય તેથી નીચગોત્રના ૧ના બંધસ્થાનનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત આવે. પરંતુ જો તેઉકાય-વાઉકાયમાં છેલ્લે સમયે ઉવેલીને ૨જા ભવના ૧લા જ સમયે જો ઉચ્ચગોત્ર બાંધી શકાતુ હોય તો જ નીચગોત્રના ૧ના બંધસ્થાનનો જઘન્યકાળ સમયમાત્ર આવી શકે. તે સિવાય આવી શકે નહિ. તેથી ૧ સમયનો સંભવ ઓછો લાગે છે. તત્ત્વ કેવલિગમ્ય.

**સંવેધ :-**

**ગોત્ર કર્મના બંધસ્થાનની સાથે ઉદયસ્થાન તથા સત્તાસ્થાનોના સંવેધના ભંગો :-**

નીચગોત્રનો બંધ નીચગોત્રનો ઉદય અને નીચગોત્રની સત્તાનો ૧લો સંવેધભંગ. આ સંવેધભંગ જ્યારે તેઉકાય-વાઉકાયમાં ઉચ્ચગોત્ર ઉવેલી નાંખે ત્યારથી શરૂ થાય. ત્યાંથી નીકળી જ્યાં સુધી ઉચ્ચગોત્ર બાંધે નહીં ત્યાં સુધીના અંતર્મુહૂર્ત કાળ સુધી પર્યાપ્ત અપર્યાપ્ત સૂક્ષ્મ બાદર પૃથ્વીકાય, અપ્કાય, સાધારણ વનસ્પતિકાય, બાદર પ્રત્યેક વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય વગેરે અન્ય ચૌદે જીવસ્થાનકોમાં પણ હોય. તેથી આ સંવેધભંગના સ્વામી ૧૪ જીવસ્થાનકોને ૧લે ગુણસ્થાને હોય. તેઉકાય-વાઉકાયની સમુદિત ઉત્કૃષ્ટ કાયસ્થિતિ પ્રમાણ અસંખ્યલોકરૂપ ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ આવે. અને જઘન્ય કાળ અંતર્મુહૂર્ત કે સમય આગમાનુસાર સ્વયં જાણી લેવો.

નીચગોત્રનો બંધ નીચગોત્રનો ઉદય અને ૨ ગોત્રની સત્તાનો ૨જો સંવેધભંગ. આના સ્વામી ૧૪ જીવસ્થાનકો છે. કેમ કે આ ભંગો બધે જ પ્રાપ્ત થાય છે. અને ૧લે ૨જે એમ બે ગુણસ્થાને આ ભંગ હોય. કેમકે નીચગોત્રનો બંધ ૨જા ગુણસ્થાન સુધી છે અને એની આ ભંગમાં મુખ્યતા છે. ૭મી નરકના જીવની અપેક્ષાએ આ ભંગનો ઉત્કૃષ્ટ કાળ સાધિક ૩૩ સાગરોપમ કાળ આવે. કારણ કે નરકમાં નીચનો જ ઉદય અને ૨ ની જ સત્તા હોય. અને ૭મી નરકમાં ૧લે (૨જે) ગુણસ્થાને નીચગોત્ર જ બંધાય છે. અને એની આગળ પાછળના ભવના અંતર્મુહૂર્તથી અધિક ૩૩ સાગરોપમ જેટલો ઉત્કૃષ્ટ કાળ આવે. અને બંધમાં પરાવર્તમાન હોવાથી જઘન્ય ૧ સમય કાળ આવે.

નીચગોત્રનો બંધ ઉચ્ચગોત્રનો ઉદય અને ૨ ગોત્રની સત્તાના ૩જા સંવેધભંગના સ્વામી ફક્ત લબ્ધિ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જ હોય. (કરણથી અપર્યાપ્ત પણ) કેમ કે ઉચ્ચગોત્રનો ઉદય કેવલ તેને જ હોય છે. ૧લે ૨જે ગુણસ્થાને આ ભંગ આવે કારણ કે નીચગોત્રનો બંધ ત્યાં સુધી જ છે. અને એનો પરાવર્તમાનભાવે બંધ હોવાથી ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અને જઘન્ય ૧ સમય કાળ આવે.

ઉચ્ચગોત્રનો બંધ નીચગોત્રનો ઉદય અને ૨ ગોત્રની સત્તાના ૪થા સંવેધભંગના સ્વામી ૧૪ જીવસ્થાનકો આવે. કેમ કે નીચના ઉદયવાળા ૧લે ગુણસ્થાને ૧૪ જીવસ્થાનકો છે. અને તેમને ઉચ્ચગોત્રનો બંધ અને ૨ ગોત્રની સત્તા પણ સંભવે છે. ૧ થી ૫ ગુણસ્થાને આ ભંગ હોય. કારણ કે તિર્યંચોને નીચગોત્રનો જ ઉદય હોતે છતે તેને ૧ થી ૫ ગુણસ્થાનો છે. મનુષ્યોને પાંચમા ગુણસ્થાનથી ઉચ્ચગોત્રનો જ ઉદય હોય. ૭મી નરકના જીવોને આશ્રયીને ઉત્કૃષ્ટ કાળ દેશોન ૩૩ સાગરોપમ આવે. કારણ કે તેમને નીચગોત્રનો ઉદય અને ૨ ગોત્રની સત્તા હોતે છે સમ્યક્ત્વની હાજરીમાં ઉચ્ચગોત્ર જ બંધાય છે અને ૭મી નરકમાં સત્યકૃત્વનો કાળ ઉપર જણાવ્યા પ્રમાણે છે. ૧લે ગુણસ્થાને પરાવર્તમાન બંધના હિસાબે જઘન્ય કાળ ૧ સમય આવે.

ઉચ્ચગોત્રનો બંધ ઉચ્ચગોત્રનો ઉદય અને ૨ ગોત્રની સત્તાના ૫મા સંવેધભંગના સ્વામી ૩જા સંવેધભંગમાં બતાવેલ હેતુથી લબ્ધિ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય આવે. એવી જ રીતે ૬ઠ્ઠા ૭મા સંવેધભંગમાં પણ જાણવું. ગુણસ્થાન ૧ થી ૧૦ હોય. કેમ કે ઉચ્ચગોત્રનો બંધ ૧થી ૧૦ ગુણસ્થાન સુધી હોય છે. ઉત્કૃષ્ટ કાળ સાધિક ૧૩૨ સાગરોપમ આવે. કેમ કે મધ્યમાં અંતર્મુહૂર્ત મિશ્રના કાળ સહિત ૨ વાર સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ કાયસ્થિતિનો કાળ તેટલો છે અને તે કાળ દરમ્યાન આ જ સંવેધભંગ હોય. ૧લે ગુણસ્થાને ઉચ્ચગોત્રનો પરાવર્તમાન બંધ હોવાથી જઘન્ય કાળ ૧ સમય આવે.

ગોત્રના અબંધે ઉચ્ચગોત્રના ઉદયે અને ૨ ગોત્રની સત્તાના ૬ઠ્ઠા સંવેધભંગનો સ્વામી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ૧૧ થી ૧૪મા ગુણસ્થાનના દ્વિચરમ સમય સુધીનાને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ વર્ષ આવે. કેમ કે ૧૨ થી ૧૪મા ગુણસ્થાનના સમુદિત ઉત્કૃષ્ટ કાળ તેટલો છે. ૧૧મા ગુણસ્થાને કાળ કરવાની અપેક્ષાએ જઘન્ય કાળ ૧ સમય આવે.

ગોત્રના અબંધે ઉચ્ચગોત્રના ઉદયે અને ઉચ્ચગોત્રની સત્તાના ૭મા સંવેધભંગના સ્વામી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ૧૪મા ગુણસ્થાનના છેલ્લા સમયવર્તી માટે ઉત્કૃષ્ટ જઘન્ય કાળ પણ ૧ સમય આવે.

**૧૪ જીવસ્થાનકો વિષે ગોત્ર કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-**

સામાન્યના સંવેધ ભંગોના સ્વામી જોવાથી સ્પષ્ટ સમજાય જાય તેમ છે. તે આ પ્રમાણે ૧-૨-૪ થા સંવેધભંગોમાં ૧૪ જીવસ્થાનકો છે. અને બાકીના ૪ સંવેધભંગોમાં કેવલ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય છે. તેથી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં સર્વ ૭ ભંગો અને બાકીના ૧૩ જીવસ્થાનકોમાં ૧-૨-૪ ના ૩-૩ ભંગો કુલ ૩૯ સંવેધભંગો થાય. તથા ૧૪ જીવસ્થાનકોના કુલ ૪૬ સંવેધભંગો થાય.

**૧૪ ગુણસ્થાનકો વિષે ગોત્ર કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-**

સામાન્ય સંવેધભંગોના ગુણસ્થાનો જોવાથી ખ્યાલમાં આવે તેમ છે. ૧લો ભંગો ૧લે જ, ૨જો ૩જો ભંગ ૧લે ૨જે, ૪થો ભંગ ૧ થી ૫, ૫મો ભંગ ૧ થી ૧૦, ૬ઠ્ઠો ભંગ ૧૧ થી ૧૪ અને ૭મો ફક્ત ૧૪મે ગુણસ્થાને હોવાથી ૧લે ગુણસ્થાને ૧ થી ૫ના પાંચ, ૨જે ૨ થી ૫ના ચાર, ૩જા થી ૫મા સુધીના ૩ગુણસ્થાનોમાં ૪થો ૫મો એમ બે-બે, ૬ઠ્ઠા થી ૧૦મા સુધીના ૫ ગુણસ્થાનોમાં ૫મો એક-એક, ૧૧માથી ૧૩મા-સુધીના ૩ ગુણસ્થાનોમાં ૬ઠો એક એક અને ૧૪મા ગુણસ્થાને ૬ઠ્ઠો ૭મો એમ બે, આ પ્રમાણે ૧૪ ગુણસ્થાનકોમાં કુલ ૨૫ સંવેધભંગો થાય.

**સામાન્ય :-**

**આયુષ્ય કર્મના સામાન્યથી બંધસ્થાનો, ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનો :-**

આયુષ્ય કર્મના બંધમાં અને ઉદયમાં ૧ જ પ્રકૃતિ હોય. કેમ કે એક સાથે ૨ આયુષ્ય બંધાય નહીં. તેમ ભોગવાય પણ નહીં. તેથી ૧ પ્રકૃતિનું ૧ જ બંધસ્થાન અને ૧ પ્રકૃતિનું ૧ જ ઉદયસ્થાન હોય. સત્તામાં તો પરભવનું આયુષ્ય

બાંધ્યુ હોય તો ૨ પ્રકૃતિનું ૧લું સત્તાસ્થાન, અને ન બાંધ્યુ હોય તો ૧ પ્રકૃતિનું ૨જું સત્તાસ્થાન. આ ચારેના સ્વામી ૧૪ જીવસ્થાનકો હોય. કેમ કે બધા જ જીવસ્થાનકોમાં આયુષ્યનો બંધ ઉદય સત્તા અને પરભવાયુષ્યનો બંધ હોય છે. આયુષ્યનો બંધ ૩જા વગર ૧ થી ૭ ગુણસ્થાનકોમાં હોય. અને અંતર્મુહૂર્ત જ બંધાતુ હોવાથી ઉત્કૃષ્ટ જઘન્ય બંધકાળ અંતર્મુહૂર્ત. આયુષ્યનો ઉદય બધા જ ગુણસ્થાનોમાં હોવાથી ૧ થી ૧૪ ગુણસ્થાનો અને અભવ્યને આશ્રયીને અનાદિ અનંત, તથા ભવ્યની અપેક્ષાએ અનાદિ સાંત કાળ આવે. પરભવનું આયુષ્ય બાંધેલ હોય ત્યારથી ૨ આયુષ્યની સત્તા જ્યાં સુધી પરભવના આયુષ્યનો ઉદય ન થાય ત્યાં સુધી હોય. માટે દેવાયુષ્યના બંધની અપેક્ષાએ ૧લા ગુણસ્થાનથી માંડીને ઉપશમશ્રેણીમાં ૧૧મા ગુણસ્થાન સુધી સત્તા મળે. અને પૂર્વકોટિવર્ષના આયુષ્યવાળો ૨/૩ ભાગ ગયા બાદ શેષ ૧/૩ ભાગના પ્રથમ સમયે પરભવાયુષ્યનો બંધ કરે ત્યાંથી પરભવમાં ન જાય ત્યાં સુધી ૨ ની સત્તા. તેની અપેક્ષાએ તેનો ઉત્કૃષ્ટ કાળ ૧/૩ પૂર્વકોટિવર્ષ મળે. અને આયુષ્યના છેલ્લા અંતર્મુહૂર્તમાં પરભવાયુષ્ય બાંધે તો ૨ ની સત્તાનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત (ક્ષુલ્લક ભવ કરતા ઘણુ નાનુ) પ્રાપ્ત થાય. અને ૧ ની સત્તા જ્યાં સુધી પરભવાયુષ્ય ન બંધાય ત્યાં સુધી પ્રાપ્ત થતુ હોવાથી જે મતે દેવતાઓ અને નારકો છેલ્લા અંતર્મુહૂર્તમાં પણ આયુષ્ય બાંધે છે, તે મતે અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ સત્તા કાળ આવે. અને જે મતે ૬ માસ શેષે અવશ્ય પરભવાયુષ્ય દેવ-નારકો બાંધે, તે મતે ૬ માસ ન્યૂન ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ સત્તાકાળ આવે. જઘન્ય ક્ષુલ્લક ભવાયુષ્યવાળા ૨/૩ ભાગ ગયા બાદ ૧/૩ ભાગના પ્રથમ સમયે આયુષ્ય બંધની શરૂઆત કરનારના હિસાબે ૧ ના સત્તાસ્થાનનો જઘન્ય કાળ ૨/૩ ક્ષુલ્લક ભવ = ૧૭૦ ૨/૩ આવલિકા જેટલો આવે.

**સામાન્યથી ચારે આયુષ્યના બંધ ઉદય અને સત્તાના ગુણસ્થાનકો :-**

સામાન્યથી દેવાયુષ્યનો બંધ ૩જા વિના ૧ થી ૭ ગુણસ્થાનોમાં હોય છે. ૩જે ગુણસ્થાને કોઈ પણ આયુષ્ય ન બંધાય. તેમ જ ૩જે ગુણસ્થાને કોઈ મૃત્યુ પણ ન પામે. અને ૩જું ગુણસ્થાન લઈને કોઈ ભવાન્તરમાં જાય નહીં. તેથી બંધમાં ૩જા ગુણસ્થાનનું વર્જન કર્યું છે. એ રીતે આગળ પણ સમજવું. દેવતાને ૪ થી વધારે ગુણસ્થાનો ન હોવાથી દેવાયુષ્યનો ઉદય ૧ થી ૪ ગુણસ્થાનોમાં હોય છે. દેવાયુષ્ય બાંધેલ જીવ પણ ઉપશમશ્રેણી માંડતો હોવાથી દેવાયુષ્યની સત્તા ૧ થી ૧૧ ગુણસ્થાનોમાં હોય.

મનુષ્યાયુષ્યનો બંધ ૧-૨-૪ ગુણસ્થાનોમાં હોય કેમ કે ૧-૨ ગુણસ્થાનોમાં ૪ ગતિના જીવો અને ૪થે ગુણસ્થાને દેવતા નારક બાંધે. ઉદય તો બધા ગુણસ્થાનોમાં હોવાથી ૧ થી ૧૪ ગુણસ્થાનોમાં હોય. કારણ કે મનુષ્યોને જ બધા ગુણસ્થાનો સંભવે છે. એવી રીતે સત્તા પણ ૧ થી ૧૪ ગુણસ્થાનોમાં હોય.

તિર્યંચાયુષ્યનો બંધ ૪ ગતિના જીવોને ૧-૨ ગુણસ્થાનોમાં હોય. તિર્યંચોને પાંચ ગુણસ્થાનો હોવાથી તિર્યંચાયુષ્યનો ઉદય ૧ થી ૫ ગુણસ્થાનોમાં હોય. અને તિર્યંચાયુષ્યની સત્તા ૧ થી ૭ ગુણસ્થાનોમાં હોય. તિર્યંચાયુષ્યની સત્તાવાળા મનુષ્ય પણ સંયમ પામી શકે છે. એ પ્રમાણે જેમનો મત છે. તે મતે આ જાણવું. પરંતુ જે મતે તિર્યંચાયુષ્ય બાંધેલ મનુષ્ય દેશવિરતિ પામી શકે, પરંતુ સર્વવિરતિ ન પામી શકે, તે મતે તિર્યંચાયુષ્યની સત્તા ૧ થી ૫ ગુણસ્થાનોમાં હોય. અને તિર્યંચોને તો ૧ થી ૫ ગુણસ્થાનોમાં જ હોય. કેમ કે તિર્યંચોને ઉપરના ગુણસ્થાનો જ નથી.

નરકાયુષ્યનો બંધ તિર્યંચ મનુષ્યને ૧લે ગુણસ્થાને હોય. દેવની જેમ જ નરકાયુષ્યનો ઉદય ૧ થી ૪ ગુણસ્થાનોમાં હોય. અને નરકાયુષ્યની સત્તાવાળો મનુષ્ય સર્વવિરતિ પણ પામી શકે તે મતે નરકાયુષ્યની સત્તા ૧ થી ૭ ગુણસ્થાનોમાં હોય. અને જે મતે નરકાયુષ્યની સત્તાવાળો દેશવિરતિ પણ ન પામી શકે, તે મતે નરકાયુષ્યની

સત્તા ૧ થી ૪ ગુણસ્થાનોમાં હોય.

આયુષ્ય બંધની પહેલાની અવસ્થાને પૂર્વાવસ્થા, બાંધતી વખતની અવસ્થાને બંધાવસ્થા અને બાંધ્યા પછીની અવસ્થાને પરાવસ્થા કહેવામાં આવે છે. ૪ ગતિમાં પૂર્વાવસ્થા ૧-૧ હોય, જેટલા આયુષ્ય બંધાતા હોય તેટલી બંધાવસ્થા અને પરાવસ્થા હોય. તેથી દેવ-નરકમાં બંધાવસ્થા અને પરાવસ્થા ૨-૨ આવે. અને મનુષ્ય-તિર્યંચોમાં ૪-૪ આવે. અને કુલ દેવ-નરકમાં ૫-૫ અને મનુષ્ય-તિર્યંચોમાં ૯-૯ અવસ્થાઓ આવે. એટલે ૪ ગતિમાં કુલ ૨૮ અવસ્થા આવે.

**સંવેધ :-**

**આયુષ્ય કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાન તથા સત્તાસ્થાનોના સંવેધના ભંગો.-**

દેવગતિમાં ૧ પૂર્વાવસ્થા, ૨ બંધાવસ્થા અને ૨ પરાવસ્થા એમ કુલ ૫ અવસ્થા હોય. તેના પાંચ સંવેધભંગો જાણવા. તે આ પ્રમાણે-૧. આયુષ્યનો અબંધ દેવાયુષ્યનો ઉદય અને દેવાયુષ્યની સત્તા. આ પૂર્વાવસ્થાનો ૧લો સંવેધભંગ. ૧ થી ૪ ગુણસ્થાનોમાં કેમ કે દેવગતિમાં તેટલા જ ગુણસ્થાનો હોય. ઉત્કૃષ્ટ કાળ છેલ્લા અંતર્મુહૂર્તે પણ આયુષ્ય બાંધનાર મતે અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમ. મતાન્તરે એટલે કે ૬ માસ શેષે અવશ્ય આયુષ્ય બાંધનારના મતે ૬ માસ ન્યૂન ૩૩ સાગરોપમ. જઘન્ય કાળ ૬ માસ ન્યૂન ૧૦૦૦૦ વર્ષ. કેમકે દેવનું જઘન્યાયુષ્યનું પ્રમાણ ૧૦૦૦૦ વર્ષ છે. અને ૬ માસ પહેલા પરભવનું આયુષ્ય બંધાતુ નથી. એટલે આનાથી ઓછો કાળ ન આવે. દેવ જ્યારે તિર્યંચાયુષ્ય બાંધતો હોય ત્યારે ૨. તિર્યંચાયુષ્યનો બંધ. દેવાયુષ્યનો ઉદય અને દેવાયુષ્ય-તિર્યંચાયુષ્ય એમ ૨ આયુષ્યની સત્તા. આ બંધાવસ્થાનો ૨જો સંવેધભંગ, અને મનુષ્યાયુષ્ય બાંધતો હોય ત્યારે ૩. મનુષ્યાયુષ્યનો બંધ, દેવાયુષ્યનો ઉદય અને દેવાયુષ્ય મનુષ્યાયુષ્ય એમ ૨ આયુષ્યની સત્તા. આ બંધાવસ્થાનો ૩જો સંવેધભંગ, બન્ને સંવેધભંગોનો ઉત્કૃષ્ટ જઘન્ય કાળ અંતર્મુહૂર્ત. કેમ કે આયુષ્યનો બંધ કાળ તેટલો હોય છે. અને આ બન્ને સંવેધભંગોમાં બંધની જ મુખ્યતા છે. આ બન્ને સંવેધભંગો ૧-૨ ગુણસ્થાનોમાં હોય. અને ૩જો સંવેધભંગ ૪થે ગુણસ્થાને પણ હોય. કેમ કે દેવ-નરકને ૪થે ગુણસ્થાને મનુષ્યાયુષ્ય જ બંધાય. આયુષ્ય બાંધી લીધા બાદ બન્ને બંધાવસ્થાઓ પરાવસ્થા બને છે. તે આ પ્રમાણે -૪. આયુષ્યનો અબંધ, દેવાયુષ્યનો ઉદય, અને દેવાયુષ્ય-તિર્યંચાયુષ્ય એ ૨ આયુષ્યની સત્તા. આ પરાવસ્થાનો ૪થો સંવેધભંગ, ૫. આયુષ્યનો અબંધ, દેવાયુષ્યનો ઉદય અને દેવાયુષ્ય-મનુષ્યાયુષ્ય એમ ૨ આયુષ્યની સત્તા. આ પણ પરાવસ્થાનો ૫મો સંવેધભંગ, આ બન્ને સંવેધભંગ ૧ થી ૪ ગુણસ્થાનોમાં હોય. આયુષ્ય બાંધ્યા બાદ દેવ-નરકને બધા જ ૧ થી ૪ ગુણસ્થાનોનો સંભવ છે. અને બન્ને સંવેધભંગોનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત ન્યૂન ૬ માસ, જઘન્ય અંતર્મુહૂર્ત આવે. મતાન્તરે ૬ માસ શેષે અવશ્ય પરભવાયુષ્ય બાંધનારના મતે ઉત્કૃષ્ટ અને જઘન્ય બન્ને પણ અંતર્મુહૂર્ત ન્યૂન ૬ માસ જ આવે.

નરકગતિમાં દેવગતિની જેમ જ આયુષ્ય કર્મના ૫ સંવેધભંગો આવે. ફકત દેવાયુષ્યના સ્થાને નરકાયુષ્ય કહેવું અને જનરલ અનુક્રમ નંબર ૧ થી ૫ ને બદલે ૬ થી ૧૦ કરવા. આ સિવાય બીજો કોઈ પણ ફેરફાર નથી.

મનુષ્યગતિમાં ૧ પૂર્વાવસ્થા, ૪ બંધાવસ્થા અને ૪ પરાવસ્થા એમ કુલ ૯ અવસ્થા હોય. અને તે ૯ સંવેધભંગો જાણવા. અહીં ચારે ગતિના આયુષ્ય બંધાતા હોવાથી બંધાવસ્થા અને પરાવસ્થા ૪-૪ આવે. ૫ દેવના અને ૫ નરકના એમ કુલ ૧૦ સંવેધભંગો બતાવ્યા હોવાથી અહીં જનરલ અનુક્રમે નંબર ૧૧ થી ૧૯ સુધીના ૯ સંવેધભંગ કહેવા. તે આ પ્રમાણે ૧૧. આયુષ્યનો અબંધ મનુષ્યાયુષ્યનો ઉદય અને મનુષ્યાયુષ્યની સત્તા. આ પૂર્વાવસ્થાનો ૧૧મો સંવેધભંગ. ૧ થી ૧૪ ગુણસ્થાનોમાં હોય. કેમ કે મનુષ્યગતિમાં બધા ચૌદે ગુણસ્થાનો છે. તેનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત

ન્યૂન ૩ પલ્યોપમ અને જઘન્ય અંતર્મુહૂર્ત આવે. ૬ માસ શેષે અવશ્ય અસંખ્ય વર્ષાયુષ્યવાળા યુગલિકો દેવાયુષ્ય બાંધે તે મતે ૬ માસ ન્યૂન ૩ પલ્યોપમ. અને એક મતે પલ્યોપમ અસંખ્ય ભાગ શેષે યુગલિક અવશ્ય દેવાયુષ્ય બાંધનારના મતે પલ્યોપમ અસંખ્ય ભાગ ન્યૂન ૩ પલ્યોપમ ઉત્કૃષ્ટ કાળ આવે. જ્યારે દેવાયુષ્ય બાંધતો હોય ત્યારે ૧૨. દેવાયુષ્યનો બંધ, મનુષ્યાયુષ્યનો ઉદય અને મનુષ્યાયુષ્ય-દેવાયુષ્ય એ બે આયુષ્યની સત્તા. આ બંધાવસ્થાનો ૧૨મો સંવેધભંગ. ૩જા વિના ૧ થી ૭ ગુણસ્થાનોમાં હોય. કેમ કે દેવાયુષ્યનો બંધ તે પ્રમાણે હોય છે. અને અહીં તેની પ્રધાનતા છે. જ્યારે મનુષ્યાયુષ્યનો બંધ હોય ત્યારે ૧૩. મનુષ્યાયુષ્યનો બંધ, મનુષ્યાયુષ્યનો ઉદય અને આ ભવ તથા પરભવના એમ ૨ મનુષ્યાયુષ્યની સત્તા. આ બંધાવસ્થાનો ૧૩મો સંવેધભંગ. જ્યારે તિર્યંચાયુષ્યનો બંધ હોય ત્યારે ૧૪. તિર્યંચાયુષ્યનો બંધ, મનુષ્યાયુષ્યનો ઉદય અને મનુષ્યાયુષ્ય તિર્યંચાયુષ્ય એમ ૨ આયુષ્યની સત્તા. આ બંધાવસ્થાનો ૧૪મો સંવેધભંગ. આ બે સંવેધભંગો ૧-૨ ગુણસ્થાનકોમાં હોય. કેમ કે તિર્યંચ-મનુષ્યને તિર્યંચાયુષ્યનો અને મનુષ્યાયુષ્યનો પણ બંધ ૧લે-૨જે બે જ ગુણસ્થાને હોય છે. કેમ કે સમ્યગ્દષ્ટિ તિર્યંચ મનુષ્યને નિયમા વૈમાનિક દેવાયુષ્ય જ બંધાય. જ્યારે નરકાયુષ્યને બાંધતો હોય ત્યારે ૧૫. નરકાયુષ્યનો બંધ, મનુષ્યાયુષ્યનો ઉદય અને મનુષ્યાયુષ્ય નરકાયુષ્ય એમ ૨ આયુષ્યની સત્તા. આ બંધાવસ્થાનો ૧૫મો સંવેધભંગ ૧લે ગુણસ્થાને જ હોય. કેમ કે નરકાયુષ્ય ૧લા જ ગુણસ્થાને બંધાય. ૧૨ થી ૧૫ સુધીના ચારે સંવેધભંગો બંધાવસ્થાના હોવાથી ઉત્કૃષ્ટ જઘન્ય બંધકાળ અંતર્મુહૂર્ત આવે. કેમ કે આયુષ્યનો બંધકાળ તેટલો છે. આયુષ્ય બંધાય ગયા બાદ ૪ બંધાવસ્થા એ ૪ પરાવસ્થા બને છે. તે આ પ્રમાણે-૧૬. આયુષ્યના અબંધે, મનુષ્યાયુષ્યના ઉદયે અને મનુષ્યાયુષ્ય દેવાયુષ્ય એ બે આયુષ્યની સત્તા. આ પરાવસ્થાનો ૧૬મો સંવેધભંગ, ૧ થી ૧૧ ગુણસ્થાનોમાં હોય. કેમ કે દેવાયુષ્યની સત્તા ૧ થી ૧૧ ગુણસ્થાનોમાં છે. ૧૭. આયુષ્યના અબંધે, મનુષ્યાયુષ્યના ઉદયે અને આભવ તથા પરભવ એમ બે મનુષ્યાયુષ્યની સત્તા. આ પરાવસ્થાનો ૧૭મો સંવેધભંગ, ૧૮. આયુષ્યના અબંધે, મનુષ્યાયુષ્યના ઉદયે અને મનુષ્યાયુષ્ય તિર્યંચાયુષ્ય એ ૨ આયુષ્યની સત્તા આ પરાવસ્થાનો ૧૮મો સંવેધભંગ, ૧૯. આયુષ્યના અબંધે, મનુષ્યાયુષ્યના ઉદયે મનુષ્યાયુષ્ય નરાકાયુષ્ય એ ૨ આયુષ્યની સત્તા. આ પરાવસ્થાનો ૧૯મો સંવેધભંગ. આ છેલ્લા ૩ સંવેધભંગો ૧ થી ૭ ગુણસ્થાનોમાં હોય. કેમ કે ક્ષપકશ્રેણી અબદ્ધાયુષ્કવાળો માંડે, અને ઉપશમશ્રેણી અબદ્ધાયુષ્ક કે દેવાયુષ્કની સત્તાવાળો માંડે. બાકીના પરભવના ૩ આયુષ્યની સત્તાવાળો એકે શ્રેણી ન માંડે. ૮મા વગેરે ગુણસ્થાનો શ્રેણીમાં જ પ્રાપ્ત થતા હોવાથી અહીં ૧ થી ૭ ગુણસ્થાનવાળા જ આવે. પરંતુ ઉપરના ગુણસ્થાનોવાળા ન આવે. તેમાં પણ મતાન્તરે તિર્યંચાયુષ્યની સત્તાવાળો ૫મા ગુણસ્થાનથી ઉપર અને નરકાયુષ્યની સત્તાવાળો ૪થા ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાનોમાં ન જાય. માટે ૧૮મા-૧૯મા સંવેધભંગો ક્રમે કરીને ૧ થી ૫ અને ૧ થી ૪ ગુણસ્થાનોમાં હોય. ચારે પરાવસ્થાનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત ન્યૂન ૧/૩ પૂર્વકોટી વર્ષ થાય. પૂર્વકોટી વર્ષાયુષ્કવાળા જીવોની અપેક્ષાએ જ યથોક્ત પરાવસ્થાનો ઉત્કૃષ્ટ કાળ પ્રાપ્ત થાય છે. જઘન્ય કાળ અંતર્મુહૂર્ત કારણ કે પરાવસ્થાનો આનાથી ઓછો કાળ સંભવતો નથી. આયુષ્ય બાંધ્યા પછી ઓછામાં ઓછા અંતર્મુહૂર્ત બાદ જ મૃત્યુ પામે.

તિર્યંચગતિમાં મનુષ્યગતિ જેમ ૯ સંવેધભંગો આવે. પરંતુ જનરલ અનુક્રમ નંબર ૧૧ થી ૧૯ ને બદલે ૨૦ થી ૨૮ કહેવા. અને મનુષ્યાયુષ્યને ઠેકાણે બધે તિર્યંચાયુષ્ય કહેવું. ફક્ત બંધમાં જ્યાં મનુષ્યાયુષ્ય છે. ત્યાં તેમ જ મનુષ્યાયુષ્ય રાખવું અને એ જ બંધાવસ્થામાં તેમ જ પરાવસ્થામાં જ્યાં સત્તામાં બે-બે મનુષ્યાયુષ્ય છે. ત્યાં ૧-૧ મનુષ્યાયુષ્ય રહેવા દેવું. એટલે તિર્યંચાયુષ્ય મનુષ્યાયુષ્ય એમ ૨ આયુષ્યની સત્તા કહેવી અને જ્યાં ૫મા ગુણસ્થાનથી વધારે ગુણસ્થાનો કહ્યા હોય ત્યાં ૫મા ગુણસ્થાન સુધીના જ લેવા. કેમ કે તિર્યંચગતિમાં ૫ ગુણસ્થાનોથી વધારે ગુણસ્થાનો ન હોય.

**૧૪ જીવસ્થાનક વિષે આયુષ્કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-**

પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં સામાન્યથી બતાવેલ બધા ૨૮ સંવેધભંગો હોય. કેમ કે આ જીવસ્થાનકમાં ચારે ગતિના જીવો હોય છે. લબ્ધિ અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનમાં દેવ-નારકો ન હોય. ફકત તિર્યંચ-મનુષ્યો બે ગતિના જ જીવો હોય. અને તે પણ દેવાયુષ્ય-નરકાયુષ્ય બાંધનાર ન હોય. તેથી તે બે બંધાવસ્થાઓ તેની સત્તાવાળી બે પરાવસ્થાઓ પણ ન હોય. એટલે ૧ પૂર્વાવસ્થા, ૨ બંધાવસ્થા, ૨ પરાવસ્થા એમ પાંચ મનુષ્યગતિની અને પાંચ તિર્યંચગતિની કુલ ૧૦ અવસ્થાના ૧૦ સંવેધભંગો હોય. પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનમાં ફકત તિર્યંચગતિના જ જીવો હોય. તેથી તિર્યંચગતિના સર્વ ૨૦ થી ૨૮ સુધીના ૯ સંવેધભંગો હોય. શેષ ૧૧ જીવસ્થાનકોમાં પણ ફકત એક તિર્યંચગતિના જીવો હોય. અને તે પણ અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયની જેમ દેવાયુષ્ય નરકાયુષ્ય ન બાંધનાર હોવાથી તે બેની બંધાવસ્થા અને તેની સત્તાવાળી ૨ પરાવસ્થા ન હોય. શેષ તિર્યંચગતિની ૧ પૂર્વાવસ્થા, ૨ બંધાવસ્થા અને ૨ પરાવસ્થારૂપ ૫-૫ અવસ્થાના ૫-૫ સંવેધભંગો હોય. ૧૧ જીવસ્થાનોના કુલ ૫૫ સંવેધભંગો થાય. અને ૧૪ જીવસ્થાનકોમાં કુલ ૧૦૨ ભાંગા થાય. અને વિવક્ષાભેદ એટલે કે અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનકમાં મનુષ્યગતિના જીવો પણ હોય. તેથી તેને લગતા ૫ સંવેધભંગો વધવાથી કુલ ૧૦૭ સંવેધભંગો થાય.

**૧૪ ગુણસ્થાનકો વિષે આયુષ્ય કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-**

૧લે ગુણસ્થાને બધા ૨૮ સંવેધભંગો હોય. કેમ કે આ ગુણસ્થાનકે બધા જ જીવસ્થાનકો હોય. ૨જા ગુણસ્થાનકે ફકત ૧લા જ ગુણસ્થાને બંધમાં આવતા નરકાયુષ્યના બંધવાળા બે સંવેધભંગો ન સંભવે. તે સિવાયના બધા ૨૬ સંવેધભંગો સંભવે છે. ૩જે ગુણસ્થાને કોઈ પણ આયુષ્ય બંધાતુ ન હોવાથી બંધાવસ્થાવાળા ૧૨ સંવેધભંગો છોડીને બાકીના બધા ૧૬ સંવેધભંગો હોય. ૪થે ગુણસ્થાને દેવતા-નારકને મનુષ્યાયુષ્યના બંધવાળી અને તિર્યંચ મનુષ્યોને દેવાયુષ્યના બંધવાળી ૧-૧ જ બંધાવસ્થા ૪ ગતિમાં વધવાથી કુલ ૨૦ સંવેધભંગો હોય. ૫મે ગુણસ્થાને દેવ-નારકો ન હોવાથી ૧ પૂર્વાવસ્થા, ૧ બંધાવસ્થા અને ૨ પરાવસ્થા એમ કુલ ૪-૪ સંવેધભંગો ૨ ગતિના કુલ ૮ સંવેધભંગો ઓછા થવાથી તેને ૨૦ માંથી બાદ કરતા ૧૨ સંવેધભંગો ૨ ગતિના જીવોના હોય. તેનાં ૧ પૂર્વાવસ્થા, ૧ બંધાવસ્થા અને ૪ પરાવસ્થા=કુલ ૬ અવસ્થાના ૬-૬ સંવેધભંગો હોય. ૬ઠ્ઠે ગુણસ્થાને તેમજ ૭મે ગુણસ્થાને પણ તિર્યંચગતિના જીવો ન હોવાથી તિર્યંચગતિના ૬ સંવેધભંગો બાદ કરતા ફકત મનુષ્યગતિના ૬-૬ સંવેધભંગો હોય. ઉપરના ગુણસ્થાનો શ્રેણીમાં પ્રાપ્ત થતા હોવાથી ૮ થી ૧૪ ગુણસ્થાનોમાં મનુષ્યગતિની પૂર્વાવસ્થાનો ૧૧મો ૧-૧ સંવેધભંગ અને ઉપશમશ્રેણીને આશ્રયીને મનુષ્યગતિનો દેવાયુષ્યની સત્તાવાળો પરાવસ્થાનો ૧૬મો ૧-૧ સંવેધભંગ ૮ થી ૧૧ ગુણસ્થાનોમાં પ્રાપ્ત થાય. તેથી ચૌદે ગુણસ્થાનોમાં કુલ ૧૨૫ સંવેધભંગો થાય.

**સામાન્ય :-**

**મોહનીયકર્મના સામાન્યથી બંધસ્થાનો, ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનો :-**

મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિઓ છે. તેમાં બંધમાં સમ્યક્ત્વ અને મિશ્ર મોહનીય વિના ૨૬ પ્રકૃતીઓ હોય છે. કેમ કે તે મિથ્યાત્વ મોહનીયના જ શુદ્ધ અને અર્ધશુદ્ધ થયેલ દલિકો છે. એટલે દર્શનમોહનીયની પ્રકૃતિમાં ફકત મિથ્યાત્વ મોહનીય જ બંધાય. બંધમાં મિથ્યાત્વ મોહનીય, ૧૬ કષાય, ભય, જુગુપ્સા એ ૧૯ પ્રકૃતીઓ ધ્રુવબંધી છે. એટલે પહેલા ગુણસ્થાને નિયમા બંધાય છે. ત્રણ વેદમાંથી કોઈ ૧ વેદ, અને ૨ યુગલમાંથી કોઈ એક યુગલ નિયમા બંધાય. તેથી ૧લે ગુણસ્થાને ૨૨નું ૧લું બંધસ્થાન અને એના ૩ વેદ x ૨ યુગલ = ૬ ભાંગા આવે. એના સ્વામી ૧૪ જીવસ્થાનકો છે. કેમ કે ૧લે ગુણસ્થાને ૧૪ જીવસ્થાનકો છે અને એનો કાળ અભવ્યને આશ્રયીને અનાદિ અનંત,

ભવ્યને આશ્રયીને અનાદિ સાંત, અને સમ્યક્ત્વથી પડેલાને આશ્રયીને સાદિ સાંત, ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત જઘન્ય અંતર્મુહૂર્ત. કેમ કે ૧લા ગુણસ્થાનનો કાળ તેટલો છે.

મિથ્યાત્વ મોહનીય વગરનું ૨૧નું ૨જું બંધસ્થાન ૨જે ગુણસ્થાને હોય. અને ૨જે ગુણસ્થાને નપુંસક વેદ બંધાતુ ન હોવાથી ૨ વેદ x ૨ યુગલ = ૪ ભાંગા. અને એના સ્વામી તથા કાળ ૨જા ગુણસ્થાન પ્રમાણે ૭ જીવસ્થાનકો, અને ઉત્કૃષ્ટ કાળ ૬ આવલિકા, જઘન્ય ૧ સમય આવે.

અનંતાનુબંધિ[૪] વિના ૧૭નું ૩જું બંધસ્થાન ૩જે ૪થે ગુણસ્થાને હોય. અહીંથી ફકત પુરુષવેદ જ બંધાતુ હોવાથી કેવલ યુગલના વિકલ્પથી ૨ ભાંગા આવે. અને ૩જા ગુણસ્થાનકથી ઉપરના બધા જ ગુણસ્થાનો લબ્ધિપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયને જ હોય. તેથી અહીંથી માંડીને ઉપરના બધા જ બંધસ્થાનો ઉપરના ગુણસ્થાનોમાં આવતા હોવાથી બધાના સ્વામી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય સમજવા. ફકત કરણઅપર્યાપ્તની વિવક્ષા કરીએ તો ૪થા ગુણસ્થાને કરણઅપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મળે. અને તેની અપેક્ષાએ ૧૭ના બંધસ્થાનના સ્વામી પણ કરણઅપર્યાપ્ત મળે. ૪થા ગુણસ્થાનની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સાધિક ૩૩ સાગરોપમ. જઘન્ય અંતર્મુહૂર્ત કાળ આવે.

અપ્રત્યાખ્યાનીય[૪] વિના ૧૩નું ૪થું બંધસ્થાન ૫મે ગુણસ્થાને આવે. ૫મા ગુણસ્થાનની અપેક્ષાએ ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટીવર્ષ અને જઘન્ય અંતર્મુહૂર્ત કાળ આવે. અને સ્વામી તો પહેલા કહ્યા પ્રમાણે પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય છે. યુગલના વિકલ્પથી ૨ ભાંગા આવે.

પ્રત્યાખ્યાનાવરણ[૪] વિના ૯નું ૫મું બંધસ્થાન ૬-૭-૮મા ગુણસ્થાનોમાં આવે. ૬ઠ્ઠા ગુણસ્થાને યુગલના વિકલ્પથી ૨ ભાંગા આવે. પરંતુ ૭મે ૮મે ગુણસ્થાને કેવલ હાસ્યરતિ યુગલ જ બંધાતુ હોવાથી ૧-૧ જ ભાંગો આવે. અને આ બંધસ્થાનનો કાળ પણ સર્વવિરતિના કાળને આશ્રયીને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી વર્ષ જઘન્ય અંતર્મુહૂર્ત આવે.

૮મા ગુણસ્થાનના અંતે હાસ્ય[૪] નો બંધવિચ્છેદ થવાથી તે વિના ૫નું ૬ઠ્ઠું બંધસ્થાન ૯મા ગુણસ્થાનના ૧લા ભાગે આવે. પુરુષ વેદ વિના ૪નું ૭મું બંધસ્થાન ૯મા ગુણસ્થાનના ૨જા ભાગે આવે. સંજ્વલન ક્રોધ વિના ૩ નું ૮મું બંધસ્થાન ૯મા ગુણસ્થાનના ૩જા ભાગે આવે. સંજ્વલન માન વિના ૨ નું ૯મું બંધસ્થાન ૯મા ગુણસ્થાનના ૪થા ભાગે આવે. સંજ્વલન માયા વિના ૧ નું ૧૦મું બંધસ્થાન ૯મા ગુણસ્થાનના ૫મા ભાગે આવે. તે પાંચે બંધસ્થાનોનો કાળ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત જઘન્ય ૧ સમય ઉપશમ શ્રેણીની અપેક્ષાએ આવે. ક્ષપકશ્રેણીની અપેક્ષાએ ઉત્કૃષ્ટ જઘન્ય બન્ને અંતર્મુહૂર્ત કાળ આવે. પાંચેના સ્વામી પર્યાપ્ત સંજ્ઞી હોય. અને યુગલ પણ બંધાતા ન હોવાથી ૧-૧ જ ભાંગો આવે. કેમ કે પાંચે બંધસ્થાનના બંધનો વિકલ્પ એક જ પ્રકારનો છે.

**ગુણસ્થાનો વિશે મોહનીય કર્મના ઉદયસ્થાનો અને તેના ઉદયભંગાદિ :-**

૧લે ગુણસ્થાને ૨૪ની સત્તાવાળો પડીને મિથ્યાત્વે આવે ત્યારે આવતાની સાથે અનંતાનુબંધિ[૪] બાંધવાથી ૨૮ ની સત્તાવાળો થાય. પરંતુ જ્યાં સુધી બંધાવલિકા પૂર્ણ થાય નહીં ત્યાં સુધી એટલે ૧ આવલિકા સુધી અનન્તાનુબંધિ કષાયોનો ઉદય થાય નહીં તેથી અનંતાનુબંધિ વિના અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય, સંજ્વલનરૂપ ૩ કષાય, ૧ યુગલ, ૧ વેદ અને મિથ્યાત્વરૂપ ૭ પ્રકૃતિના ઉદયસ્થાનના ક્રોધાદિ ૪ કષાય x ૨ યુગલ x ૩ વેદ = ૨૪ ની ૧ ઉદયચોવીસી તેના ૧ x ૨૪ = ૨૪ ઉદયભંગા, ૭ પ્રકૃતિ હોવાથી ૭ પદ ચોવીસી તેના ૭ x ૨૪ = ૧૬૮ પદભંગ આવે. ૭ + અનન્તાનુબંધિ કે ભય કે જુગુપ્સા ઉમેરવાથી ૮ પ્રકૃતિના ઉદયસ્થાનની ૩ ઉદયચોવીસી આવે. તેના ૩ x ૨૪ = ૭૨ ઉદયભંગ, અને ૮ પ્રકૃતિની ૩ પ્રકારે ચોવીસી હોવાથી ૮ x ૩ = ૨૪ પદચોવીસી આવે. અને તેના ૨૪ x ૨૪

= ૫૭૬ પદભંગ આવે. ૭ + અનંતાનુબંધિ, ભય કે અનન્તાનુબંધિ, જુગુપ્સા કે ભય, જુગુપ્સા ઉમેરવાથી ૯ પ્રકૃતિના ઉદયસ્થાનની ૩ ઉદયચોવીસી આવે. તેના ૩ x ૨૪ = ૭૨ ઉદયભંગ, અને ૯ પ્રકૃતિ ૩ પ્રકારે ચોવીસી હોવાથી ૯ x ૩ = ૨૭ પદચોવીસી, તેના ૨૭ x ૨૪ = ૬૪૮ પદભંગ આવે. ૭ + અનન્તાનુબંધિ, ભય, જુગુપ્સા ઉમેરવાથી ૧૦ પ્રકૃતિના ઉદયસ્થાનની ૧ ઉદયચોવીસી આવે.તેના ૧ x ૨૪ = ૨૪ ઉદયભંગ. ૧૦ પ્રકૃતિની ૧ પ્રકારની ઉદયચોવીસી હોવાથી ૧૦ x ૧ = ૧૦ પદચોવીસી, અને તેના ૧૦ x ૨૪ = ૨૪૦ પદભંગ આવે. આ રીતે ૧લે ગુણસ્થાને કુલ ૮ ઉદયચોવીસી, એના ૮ x ૨૪ = ૧૯૨ ઉદયભંગ, ૬૮ પદચોવીસી, એના ૬૮ x ૨૪ = ૧૬૩૨ પદભંગ થાય.

૨જે ગુણસ્થાને ૪ અનંતાનુબંધ્યાદિકષાય + ૨ એક યુગલની + ૧ વેદ = ૭ પ્રકૃતિના ઉદયસ્થાનની ૧ ઉદયચોવીસી, તેના ૧ x ૨૪ = ૨૪ ઉદયભંગ, ૭ પ્રકૃતિ x ૧ ઉદયચોવીસી = ૭ પદ ચોવીસી, તેના ૭ x ૨૪ = ૧૬૮ પદભંગ આવે. ૭ + ભય કે જુગુપ્સા ઉમેરવાથી ૮ પ્રકૃતિની ૨ ઉદય ચોવીસી તેના ૨ x ૨૪ = ૪૮ ઉદયભંગ, ૮ પ્રકૃતિ x ૨ ઉદયચોવીસી = ૧૬ પદ ચોવીસી, તેના ૧૬ x ૨૪ = ૩૮૪ પદભંગ થાય. ૭ + ભય, જુગુપ્સા ઉમેરવાથી ૯ પ્રકૃતિના ઉદયસ્થાનની ૧ ઉદયચોવીસી, તેના ૧ x ૨૪ = ૨૪ ઉદયભંગ, ૯ પ્રકૃતિ x ૧ ઉદયચોવીસી = ૯ પદચોવીસી, તેના ૯ x ૨૪ = ૨૧૬ પદભંગ થાય. એ રીતે ૨ જા ગુણસ્થાને કુલ ૪ ઉદયચોવીસી, તેના ૯૬ ઉદયભંગ, ૩૨ પદચોવીસી તેના ૭૬૮ પદભંગ થાય.

૩જે ગુણસ્થાને અનન્તાનુબંધિ વગર ૩ કષાય + ૨ એક યુગલની + ૧ વેદ + મિશ્રમોહનીય = ૭ પ્રકૃતિના ઉદયસ્થાનની ૧ ઉદયચોવીસી, તેના ૨૪ ઉદયભંગ, ૭ પ્રકૃતિ x ૧ ઉદયચોવીસી = ૭ પદચોવીસી, તેના ૧૬૮ પદભંગ, આ રીતે ૨જા ગુણસ્થાનની જેમ ભય, જુગુપ્સાના કારણે ૮ પ્રકૃતિના ઉદયસ્થાનની ૨ ઉદયચોવીસી, તેના ૪૮ ઉદયભંગ, ૧૬ પદચોવીસી તેના ૩૮૪ પદભંગ, ૯ પ્રકૃતિના ઉદયસ્થાનની ૧ ઉદયચોવીસી, ૨૪ ઉદયભંગ, ૯ પદચોવીસી, તેના ૨૧૬ પદભંગ થાય. અને ૨જા ગુણસ્થાનની માફક જ ૩જે ગુણસ્થાને કુલ ૪ ઉદયચોવીસી, ૯૬ ઉદયભંગ, ૩૨ પદચોવીસી ૭૬૮ પદભંગ થાય.

૪થે ગુણસ્થાને અનન્તાનુબંધિ વિના ૩ કષાય + ૨ એક યુગલની + ૧ વેદની = ૬ પ્રકૃતિના ઉદયસ્થાનની ૧ ઉદયચોવીસી તેના ૨૪ ઉદયભંગ, ૬ પ્રકૃતિની ૬ પદચોવીસી તેના ૧૪૪ પદભંગ આવે. ૬ + સમ્યક્ત્વ, કે ભય, કે જુગુપ્સા = ૭ પ્રકૃતિના ઉદયસ્થાનની ૩ ઉદયચોવીસી, તેના ૭૨ ઉદયભંગ આવે. ૭ પ્રકૃતિ x ૩ ઉદયચોવીસી = ૨૧ પદચોવીસી, તેના ૫૦૪ પદભંગ આવે. ૬ + સમ્યક્ત્વ, ભય કે સમ્યક્ત્વ, જુગુપ્સા, કે ભય, જુગુપ્સા = ૮ પ્રકૃતિના ઉદયસ્થાનની ૩ ઉદયચોવીસી, તેના ૭૨ ઉદયભંગ, ૮ પ્રકૃતિ x ૩ ઉદયચોવીસી = ૨૪ પદચોવીસી, તેના ૫૭૬ પદભંગ થાય. ૬ + સમ્યક્ત્વ, ભય, જુગુપ્સા = ૯ પ્રકૃતિના ઉદયસ્થાનની ૧ ઉદયચોવીસી, તેના ૨૪ ઉદયભંગ, ૯ પ્રકૃતિ x ૧ ઉદયચોવીસી = ૯ પદચોવીસી, તેના ૨૧૬ પદભંગ થાય. આ રીતે ૪થે ગુણસ્થાને કુલ ૮ ઉદયચોવીસી, ૧૯૨ ઉદયભંગ, ૬૦ પદચોવીસી, ૧૪૪૦ પદભંગ થાય.

૫મે ગુણસ્થાને પણ આ પ્રમાણે. પરંતુ અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ઓછો થવાથી ૫ થી ૮ પ્રકૃતિના ૪ ઉદયસ્થાન, તેની ૮ ઉદયચોવીસી, ૧૯૨ ઉદયભંગ, આઠે ચોવીસીમાં ૧-૧ પ્રકૃતિનો ઘટાડો થવાથી ૮ પદચોવીસીનો ઘટાડો થાય. તેથી ૬૦ - ૮ = ૫૨ પદચોવીસી, તેના ૧૨૪૮ પદભંગ થાય.

૬ઠ્ઠે ગુણસ્થાને પણ એવી રીતે પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ઘટાડો થવાથી ૪ થી ૭ પ્રકૃતિના ૪ ઉદયસ્થાનની ૮ ઉદયચોવીસી, ૧૯૨ ઉદયભંગ, પ્રકૃતિના ઘટાડાથી ૮ પદચોવીસી ઘટવાથી ૪૪ પદચોવીસી અને તેના ૧૦૫૬ પદભંગ આવે.

૭મે ગુણસ્થાને બધું જ ૬ઠ્ઠા ગુણસ્થાનની જેમ જ આવે કેમ કે બધું સમાન છે.

૮મે ગુણસ્થાને આ ગુણસ્થાન બન્ને શ્રેણીમાં આવે છે. અને ત્યાં ક્ષપકશ્રેણીમાં સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય અને ઉપશમશ્રેણીમાં ક્ષય કે ઉપશમ થયેલ હોવાથી તેનો ઉદય ન હોય. તેથી તેના ઉદયવાળી ૪ ઉદયચોવીસી વગેરે અને ૭નું ઉદયસ્થાન ન આવવાથી અહીં કુલ ૪ થી ૬ પ્રકૃતિના ૩ ઉદયસ્થાનની ૪ ઉદયચોવીસી, ૯૬ ઉદયભંગ, ૨૦ પદચોવીસી અને ૪૮૦ પદભંગ આવે.

૯મે ગુણસ્થાને યુગલનો ઉદય ન હોવાથી હવે ચોવીસીઓ ન આવે. પરંતુ કષાય અને વેદના ૨ પ્રકૃતિના ઉદયસ્થાનના ક્રોધાદિ ૪ કષાય x ૩ વેદ = ૧૨ ઉદયભંગ અને ૨ પ્રકૃતિ હોવાથી ૨૪ પદભંગ આવે. વેદનો ક્ષય કે ઉપશમ થાય ત્યારે ૧ કષાયના ઉદયસ્થાનના ૪ ઉદયભંગ અને ૧ જ પ્રકૃતિ હોવાથી પદભંગ પણ ૪ જ આવે.

૧૦મે ગુણસ્થાને કેવલ સંજ્વલન લોભનો જ ઉદય હોવાથી સંજ્વલન લોભરૂપ ૧ પ્રકૃતિના ૧ જ ઉદયસ્થાનનો ૧ ઉદયભંગ અને ૧ પદભંગ આવે.

આ પ્રમાણે દશે ગુણસ્થાનની કુલ ૫૨ ઉદયચોવીસી, ૧૨૬૫ ઉદયભંગ, ૩૫૨ પદચોવીસી ૮૪૭૭ પદભંગ થાય. આ રીતે ગુણસ્થાનોની વિવક્ષા કરીને બતાવેલ છે.

પરંતુ જો ગુણસ્થાનની વિવક્ષા કરવામાં ન આવે. એટલે સામાન્યથી ઉદયચોવીસી, ઉદયભંગ, પદચોવીસી, પદભંગ ગણવામાં આવે. એટલે કે એક સરખી આવતી ઉદયચોવીસીઓ વગેરે અલગ ન ગણતા પરંતુ એક સરખીની ૧ જ ગણવાથી કુલ ૪૦ ઉદયચોવીસી, ૯૭૬ ઉદયભંગ, ૨૮૮ પદચોવીસી, અને ૬૯૪૦ પદભંગો આવે. કેમ કે ૭મા અને ૮મા ગુણસ્થાનની ૧૨ ઉદયચોવીસી, ૨૮૮ ઉદયભંગો, ૬૪ પદચોવીસી ૧૫૩૬ પદભંગો ૬ઠ્ઠા ગુણસ્થાનની ૮ ઉદયચોવીસી, ૧૯૨ ઉદયભંગ, ૪૪ પદચોવીસી, અને ૧૦૫૬ પદભંગોમાં સમાવેશ થઈ જાય. તેવી જ રીતે ૧૦મા ગુણસ્થાનના ૧ ઉદયભંગ અને ૧ પદભંગ ૯મા ગુણસ્થાનકમાં સમાવેશ થઈ જાય. તેથી ઉપર બતાવ્યા પ્રમાણે સામાન્યથી ઉદયચોવીસી, ઉદયભંગો, પદચોવીસી અને પદભંગો આવે.

અહીંયા જેટલા ઉદયવિકલ્પો બતાવ્યા છે. તેટલા જ ઉદીરણાવિકલ્પો પણ જાણવા.

દરેક ઉદયવિકલ્પનો કાળ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અને જઘન્ય ૧ સમય આવે. કેમ કે દરેક વિકલ્પો પરાવર્તમાન હોવાથી વારાફરતી ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તે અને જઘન્ય સમયે અવશ્ય બદલાય જાય છે.

સામાન્યથી ઉદયસ્થાનો વગેરે કોઠામાં બતાવેલ છે. તે જોવાથી પણ ખ્યાલમાં આવી જાય તેમ છે. સાથે સાથે સમાવેશવાળા ગુણસ્થાનો પણ બતાવેલ છે.

અહીં સાથો સાથ ગુણસ્થાનો વિષે યોગ ઉપયોગ અને લેશ્યામાં પણ મોહનીય કર્મના ઉદયસ્થાનાદિ બતાવેલ છે. જે જે ગુણસ્થાને જેટલા યોગ ઉપયોગ અને લેશ્યા છે. તેનાથી ગુણાકાર કરવાથી તે તે ગુણસ્થાને યોગ ઉપયોગ અને લેશ્યામાં ઉદયચોવીસી, ઉદયભંગ, પદચોવીસી, પદભંગ આવે. અને તેમાં પણ જે જે યોગમાં જે જે ગુણસ્થાને જે જે ઉદયચોવીસી વગેરેનો સંભવ ન હોય. તે તે બાદ કરવા. અને આ બધું કોઠો જોવાથી સહેલાઈથી સમજાય જાય તેમ છે.

૧લે ગુણસ્થાને અનન્તાનુબંધિ[૪] વિનાના ૨૪ ની સત્તાવાળો પડીને આવે ત્યારે ૧ આવલિકા સુધી અનન્તાનુબંધિના ઉદય વગરની ૪ ઉદયચોવીસી હોય. ત્યારે કોઈ પણ જીવ એ આવલિકા દરમ્યાન મૃત્યુ પામે નહીં.

તેથી અપર્યાપ્તવસ્થાના ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણ કાયયોગમાં આ ૪ ઉદયચોવીસીઓ ન હોય. તેવી રીતે ૯૬ ઉદયભંગો, ૩૨ પદચોવીસીઓ અને ૭૬૮ પદભંગો પણ ન આવે અને તે કોઠામાં બતાવેલ છે. તે કુલ ૩ યોગના મળીને ૧લે ગુણસ્થાને ૧૨ ઉદયચોવીસી, ૨૮૮ ઉદયભંગ, ૯૬ પદચોવીસી, ૨૩૦૪ પદભંગ ન સંભવે.

૨જું ગુણસ્થાન લઈને નરકમાં જવાતુ ન હોવાથી ૨જે ગુણસ્થાને વૈક્રિયમિશ્ર કાયયોગમાં નપુંસક વેદનો ઉદય ન સંભવે. તેથી તેના ૮ ઉદયભંગ ૪ ઉદયચોવીસીમાં ન સંભવાથી કુલ ૩૨ ઉદયભંગ ન સંભવે. તે જ રીતે ૮ પદભંગ ૩૨ પદચોવીસીમાં ન સંભવાથી કુલ ૨૫૬ પદભંગ ન સંભવે.

૪થું ગુણસ્થાન લઈને સ્ત્રીવેદી તરીકે ઉત્પન્ન થતું ન હોવાથી અપર્યાપ્તાવસ્થાના ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણ એ ૩ યોગમાં ૮ ઉદયચોવીસીઓમાં લગતા ૮-૮ ઉદયભંગ ન સંભવાથી તેના કુલ ૧૯૨ ઉદયભંગ ન સંભવે. તેમ જ નપુંસકવેદી તરીકે તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થવાતું ન હોવાથી ઔદારિકમિશ્રકાયયોગમાં ૮ ઉદયચોવીસીમાં ૮-૮ ઉદયભંગ નપુંસકવેદના ન આવે. તેથી તેના કુલ ૬૪ ઉદયભંગ ન સંભવે. આ રીતે કુલ ૨૫૬ ઉદયભંગ ન સંભવે. તેવી જ રીતે પદભંગને આશ્રયીને ૬૦ પદચોવીસીઓમાં સ્ત્રીવેદને લગતા ૩ યોગમાં અને નપુંસકવેદને લગતા ઔદારિકમિશ્રયોગમાં ૮-૮ પદભંગો ન સંભવાથી સ્ત્રીવેદને લગતા ૧૪૪૦ અને નપુંસકવેદને લગતા ૪૮૦ એમ કુલ ૧૯૨૦ પદભંગો ન સંભવે.

૬ઠ્ઠે ગુણસ્થાને સ્ત્રીવેદીને આહારક લબ્ધિ ન હોવાથી આહારક કાયયોગ અને આહારક મિશ્રકાયયોગ એ બે યોગમાં સ્ત્રીઓને લગતા ૮-૮ ઉદયભંગ ૮ ઉદયચોવીસીમાં ન હોય. તેથી સ્ત્રીવેદીને લગતા ૧૨૮ ઉદયભંગો ન સંભવે. તેવી જ રીતે ૪૪ પદચોવીસીઓને આશ્રયીને ૭૦૪ પદભંગો ન સંભવે.

તેવી જ રીતે ૭મે ગુણસ્થાને આહારક કાયયોગમાં સ્ત્રીવેદીને લગતા ૬૪ ઉદયભંગો અને ૩૫૨ પદભંગો ન સંભવે. ૬ઠ્ઠા ગુણસ્થાન કરતા અહીં અરધા અરધા અસંભવમાં ભંગા આવે. કેમ કે ત્યાં અસંભવમાં ૨ યોગ હતા. જ્યારે અહીં ૧ યોગ છે. કારણકે આ ગુણસ્થાને આહારક શરીરનો પ્રારંભ થતો ન હોવાથી આહારકમિશ્ર કાયયોગ આ ગુણસ્થાને મૂળથી જ નથી.

આમ યોગમાં મોહનીયના દશે ગુણસ્થાનોમાં સામાન્યથી તે તે ગુણસ્થાન આશ્રયીને કુલ ૧૪૯૩૭ ઉદયભંગો આવ્યા. તેમાંથી ઉપર બતાવેલ અસંભવિત કુલ ૭૬૮ ઉદયભંગો બાદ કરવા. તેવી જ રીતે કુલ ૧,૦૧,૨૫૩ પદભંગોમાંથી કુલ અસંભવિત ૫૫૩૬ પદભંગો બાદ કરવા.

**સામાન્યથી મોહનીય કર્મના સત્તાસ્થાનો, એનો કાળ અને એના ગુણસ્થાનો :-**

મોહનીય કર્મની સર્વ ૨૮ પ્રકૃત્તિઓનું ૧લું સત્તાસ્થાન અનન્તાનુબંધિ૪ ની ઉપશમના માનનારના મતે ૧ થી ૧૧ ગુણસ્થાનોમાં અને જે મતે અનન્તાનુબંધિ૪ ની વિસંયોજના જ માનેલ છે. તે મતે ૧ થી ૭ ગુણસ્થાનોમાં આવે. તેનો કાળ ઉત્કૃષ્ટ સાધિક ૧૩૨ સાગરોપમ કેમ કે મિશ્ર સહિત ૨ વાર સાધિક ૬૬ સાગરોપમવાળી સમ્યક્ત્વની કાયસ્થિતિ કાળ દરમ્યાન ૨૮નું સત્તાસ્થાન હોય ત્યાર પછી પણ ૧લે ગુણસ્થાને પલ્યોપમના અસંખ્યાતમા ભાગે જ્યાં સુધીમાં ઉદ્વલના થઈ ન જાય ત્યાં સુધી ૨૮નું સત્તાસ્થાન મળે. જઘન્ય અંતર્મુહૂર્ત. કારણ કે ૨૮નું સત્તાસ્થાન થયા બાદ અંતર્મુહૂર્તમાં અનન્તાનુબંધિ૪ની વિસંયોજના કરતા ૨૪નું સત્તાસ્થાન થતા ૨૮ના સત્તાસ્થાનનો અંતર્મુહૂર્ત પ્રમાણ જઘન્ય કાળ આવે.

૧લે ગુણસ્થાને ૨૮ ની સત્તાવાળો જ્યારે સમ્યક્ત્વ મોહનીય ઉવેલે ત્યારે ૨૭ પ્રકૃતિઓનું ૨જું સત્તાસ્થાન ૧લે અને ૩જે ગુણસ્થાને મળે. કેમ કે ૨૭ ની સત્તાવાળો ૩જે ગુણસ્થાને પણ જાય છે. ઉત્કૃષ્ટ જઘન્ય કાળ પલ્યોપમ અસંખ્ય ભાગ થાય. **કષાયપ્રાભૃત મતે** જઘન્યથી ૧ સમય આવે.

અનાદિ મિથ્યાદષ્ટિને અને ૨૮ ની સત્તાવાળો ક્રમે કરીને સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય ઉવેલ્યા બાદ ૨૬ પ્રકૃતિઓનું ૩જું સત્તાસ્થાન ૧લે જ ગુણસ્થાને હોય. તેનો કાળ અભવ્યને આશ્રયીને અનાદિ અનન્ત, ભવ્યને આશ્રયીને અનાદિ સાંત, અને સમ્યક્ત્વથી પડેલાને આશ્રયીને સાદિ સાંત. ઉત્કૃષ્ટ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત, જઘન્ય અંતર્મુહૂર્ત કાળ આવે. કેમ કે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા બાદ પડીને ૧લે ગુણસ્થાને ૨૬ સત્તાવાળો થયેલો આત્મા ઉત્કૃષ્ટ અને જઘન્યથી આટલો કાળ ૨૬ સત્તાવાળો રહે. પછી સમ્યક્ત્વ પામીને ૨૮ ની સત્તાવાળો થાય.

અનન્તાનુબંધિ[૪] ની વિસંયોજના કર્યા બાદ ૨૪નું ૪થું સત્તાસ્થાન ૩ થી ૧૧ ગુણસ્થાન સુધી મળે .કારણ કે ૨૪ ની સત્તાવાળો ૩જે ગુણસ્થાને પણ જાય અને ઉપર ઉપશમશ્રેણી માંડીને ૧૧મા ગુણસ્થાન સુધી પણ જાય છે. ક્ષપકને આશ્રયીને ૨૪ ની સત્તા ૪ થી ૭ ગુણસ્થાન સુધી જ મળે પછી ૨૧ ની સત્તાવાળો થયા બાદ જ શ્રેણીમાં ચડે. તેનો કાળ ૨૮ ના સત્તાસ્થાનની જેમ ઉત્કૃષ્ટ સાધિક ૧૩૨ સાગરોપમ, જઘન્ય અંતર્મુહૂર્ત આવે. કેમ કે ઉત્કૃષ્ટથી સાધિક ૧૩૨ સાગરોપમ, અને જઘન્યથી અંતર્મુહૂર્ત બાદ પડીને ૧લે ગુણસ્થાને જાય તો ૨૮ની સત્તાવાળો થાય. અને દર્શન[૩] ની ક્ષપણા પ્રારંભે તો ૨૩ ની સત્તાવાળો થાય.

૨૪ ની સત્તાવાળો મિથ્યાત્વ મોહનીયનો ક્ષય કરે ત્યારે ૨૩નું ૫મું સત્તાસ્થાન. અને મિશ્રમોહનીયનો ક્ષય કરે ત્યારે ૨૨ નું ૬ઠ્ઠું સત્તાસ્થાન. આ બે સત્તાસ્થાનોનો ઉત્કૃષ્ટ જઘન્ય કાળ અંતર્મુહૂર્ત ૪ થી ૭ ગુણસ્થાનોમાં હોય. કારણ કે ૪ થી ૭ ગુણસ્થાનોમાં રહેલ અંતર્મુહૂર્ત કાળમાં ક્ષાયિક સમ્યક્ત્વ પામે છે. અને અંતર્મુહૂર્તે[૨] ક્રમશઃ મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

ત્યાર બાદ ૨૨ ની સત્તાવાળો સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય કરે ત્યારે ૨૧ પ્રકૃતિઓનું ૭મું સત્તાસ્થાનક ઉપશમશ્રેણીની અપેક્ષાએ ૪ થી ૧૧ ગુણસ્થાન અને ક્ષપકશ્રેણીને આશ્રયીને ૪ થી ૯ મા ગુણસ્થાનના ૨જા ભાગ સુધી હોય. તેનો કાળ ઉત્કૃષ્ટ સાધિક ૩૩ સાગરોપમ, જઘન્ય અંતર્મુહૂર્ત. કારણ કે ક્ષાયિકસમ્યગ્દષ્ટિનો ભવસ્થ કાળ તેટલો છે.

હવે પછીના બધા સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીમાં આવતા હોવાથી ઉત્કૃષ્ટ જઘન્ય અંતર્મુહૂર્ત કાળ આવે. અને ૯મે ગુણસ્થાને તે તે પ્રકૃતિના ક્ષયથી પ્રાપ્ત થતા હોવાથી આ બધા સત્તાસ્થાનો ૯મે ગુણસ્થાને આવે. તેમાં સંજ્વલનલોભનું ૧ પ્રકૃતિનું સત્તાસ્થાન ૧૦મે ગુણસ્થાને પણ આવે છે. **તે આ પ્રમાણે-**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯મા | ગુણસ્થાનના | ૨જા | ભાગના | | અંતે | ૮ કષાયનો | ક્ષય | થવાથી | ૧૩ | પ્રકૃતિનું | ૮મું સત્તાસ્થાન |
| " | " | ૩જા | ભાગે | આવે. | " | નપુંસકવેદનો | " | " | ૧૨ | " | ૯મું સત્તાસ્થાન |
| " | " | ૪થા | " | " | " | સ્ત્રીવેદનો | " | " | ૧૧ | " | ૧૦મું સત્તાસ્થાન |
| " | " | ૫મા | " | " | " | હાસ્ય[૬]નો | " | " | ૫ | " | ૧૧મું સત્તાસ્થાન |
| " | " | ૬ઠા | " | " | " | પુરુષ વેદનો | " | " | ૪ | " | ૧૨મું સત્તાસ્થાન |
| " | " | ૭મા | " | " | " | સંજ્વલન ક્રોધનો | " | " | ૩ | " | ૧૩મું સત્તાસ્થાન |
| " | " | ૮મા | " | " | " | સંજ્વલનમાનનો | " | " | ૨ | " | ૧૪મું સત્તાસ્થાન |
| " | " | ૯મા | " | " | " | સંજ્વલનમાયાનો | " | " | ૧ | " | ૧૫મું સત્તાસ્થાન |

૧૦મા ગુણસ્થાન સુધી આવે. (અને તે સંજ્વલનલોભનું છે.)

**ગુણસ્થાનકો વિષે મોહનીય કર્મના બંધસ્થાન, ઉદયસ્થાન અને સત્તાસ્થાનોનો સંવેધ :-**

આગળ પૂર્વે અહીં ગુણસ્થાનોમાં બંધસ્થાનો અને એના ભાંગા. તેમ જ ઉદયસ્થાનો અને એની ઉદયચોવીસી, ઉદયભંગો, પદચોવીસી, પદભંગો બતાવ્યા છે. તે બન્ને અહીં સાથે ગોઠવી દેવા. ફક્ત ૯મા ગુણસ્થાને દરેક બંધસ્થાને અલગ અલગ ઉદયસ્થાનો અને એના અલગ અલગ ઉદયભંગો અને પદભંગો બતાવેલ છે. તેમ જ અહીં બધા જ ગુણસ્થાનોના બધા જ ઉદયસ્થાનોમાં યથાસંભવિત સત્તાસ્થાનો અલગ અલગ વધારામાં બતાવ્યા છે. આ પ્રમાણે ગુણસ્થાનકોમાં મોહનીય કર્મના બંધસ્થાન ઉદયસ્થાન અને સત્તાસ્થાનોનો સંવેધ બતાવેલ છે. **તે આ પ્રમાણે-**

૧લે ગુણસ્થાને મોહનીય કર્મનું ૨૨ પ્રકૃતિઓનું બંધસ્થાન તેના ૬ બંધ ભાંગા, ૭ થી ૧૦ પ્રકૃતિઓના ૪ ઉદયસ્થાન, તેની કુલ ૮ ઉદયચોવીસીઓ, ૧૯૨ ઉદયભંગો, ૬૮ પદચોવીસીઓ, ૧૬૩૨ પદભંગો. આ બધું પહેલા બતાવેલ જ છે. તે પ્રમાણે સમજવું. વધારામાં હવે ૪ ઉદયસ્થાનોમાં સત્તાસ્થાનની વિચારણા કરવાની છે. તે આ પ્રમાણે ૭ ના ઉદયસ્થાનમાં ફક્ત એક જ ૨૮નું સત્તાસ્થાન હોય. કેમ કે ૨૪ ની સત્તાવાળો પડીને ૧લે ગુણસ્થાને આવેલને શરૂઆતની ૧ આવલિકા સુધી જ આ અનન્તાનુબંધિના ઉદય વગરનું ઉદયસ્થાન હોય છે. અને તેને આવતાની સાથે જ અનન્તાનુબંધિ[૪] ની સત્તા બંધથી પ્રાપ્ત થાય છે. આ જ રીતે અનન્તાનુબંધિના ઉદય વગરના ૮ ના ઉદયસ્થાનના ૨ વિકલ્પો અને ૯ ના ઉદયસ્થાનના ૧ વિકલ્પ પણ ૧ આવલિકા સુધી જ હોય. અને ત્યાં ૨૮ ની જ સત્તા હોય. અનન્તાનુબંધિ ઉદયવાળા ૮ના ઉદયસ્થાનના ૧ વિકલ્પમાં, ૯ના ઉદયસ્થાનના ૨ વિકલ્પમાં અને ૧૦ના ઉદયસ્થાનમાં ૨૮ ની સત્તાવાળા, સમ્યક્ત્વ મોહનીય ઉવેલ્યા બાદ ૨૭ ની સત્તાવાળા, મિશ્રમોહનીયની પણ ઉવેલના કર્યા બાદ કે અનાદિ મિથ્યાદષ્ટિને ૨૬ ની સત્તાવાળા એમ ૩-૩ પ્રકારના સત્તાસ્થાનો ૮ થી ૧૦ સુધીના ત્રણ ઉદયસ્થાનોમાં હોય છે. તથા ૮-૯ના ઉદયસ્થાનના ૩-૩ સત્તાસ્થાનોમાં અનન્તાનુબંધિ ઉદય વિનાના વિકલ્પોના ૨૮ના સત્તાસ્થાનનો સમાવેશ થઈ જાય છે. તેથી આમ કુલ ૧૦ સત્તાસ્થાનો ચારે ઉદયસ્થાનના મળીને હોય છે.

૨જે ગુણસ્થાને ૨૧નું બંધસ્થાન, ૪ બંધભાંગા, ૭ થી ૯ સુધીના ૩ ઉદયસ્થાનો, ૪ ઉદયચોવીસી, ૯૬ ઉદયભંગ, ૩૨ પદચોવીસી, ૭૬૮ પદભંગ, પહેલાની જેમ જ સમજવા. વધારામાં દરેક ઉદયસ્થાનમાં એક જ ૨૮નું સત્તાસ્થાન હોય. કેમ કે ૨જે ગુણસ્થાને ૧ જ ૨૮નું સત્તાસ્થાન છે. કારણ કે ૨૮ ની સત્તાવાળો ઉપશમશ્રેણીથી કે ઉપશમ સમ્યક્ત્વથી પડીને આવે તેને જ સાસ્વાદન ગુણસ્થાન હોય છે. આ રીતે ૩ ઉદયસ્થાનના કુલ ૩ સત્તાસ્થાનો હોય છે.

૩જે ગુણસ્થાને ૧૭નું બંધસ્થાન, ૨ બંધભાંગા, ૭ થી ૯ સુધીના ૩ ઉદયસ્થાનો, ૪ ઉદયચોવીસી, ૯૬ ઉદયભંગ, ૩૨ પદચોવીસી, ૭૬૮ પદભંગો પૂર્વની જેમ, દરેક ઉદયસ્થાનોમાં ૨૮,૨૭,૨૪ ના ૩-૩ સત્તાસ્થાનો. કેમ કે આ ગુણસ્થાનમાં પણ આ જ ત્રણ સત્તાસ્થાનો છે. કારણ કે ૨૮ ની સત્તાવાળો ૧લા અને ૪થા ગુણસ્થાનથી ૨૪ ની સત્તાવાળો ૪થા ગુણસ્થાનથી અને ૨૭ ની સત્તાવાળો ૧લા ગુણસ્થાનથી અહીં આવે છે. ત્રણે ઉદયસ્થાનના કુલ ૯ સત્તાસ્થાનો થાય.

૪થે ગુણસ્થાને ૧૭નું બંધસ્થાન, ૨ બંધભાંગા, ૬ થી ૯ સુધીના ૪ ઉદયસ્થાનો, ૮ ઉદયચોવીસી, ૧૯૨ ઉદયભાંગા, ૬૦ પદચોવીસી, ૧,૪૪૦ પદભાંગા પૂર્વની માફક. વધારામાં જે ઉદયસ્થાનના વિકલ્પમાં સમ્યક્ત્વ મોહનીયનો ઉદય છે. તે ઉદયસ્થાનના વિકલ્પમાં ૨૮,૨૪,૨૩,૨૨ ના ૪-૪ સત્તાસ્થાનો આવે. કેમ કે ચારે સત્તાસ્થાનો સમ્યક્ત્વ મોહનીય સહિતના છે. જે ઉદયસ્થાનના જે વિકલ્પમાં સમ્યક્ત્વ મોહનીયનો ઉદય નથી તે ઉદયસ્થાનના તે વિકલ્પમાં ઉપશમસમ્યગ્દષ્ટિને આશ્રયીને ૨૮-૨૪ ના સત્તાસ્થાનો અને ક્ષાયિકસમ્યગ્દષ્ટિને આશ્રયીને

૨૧નું સત્તાસ્થાન આવે. આ રીતે ૩-૩ સત્તાસ્થાનો આવે. અને આ જ પ્રમાણે ૫-૬-૭ ગુણસ્થાનોમાં પણ સત્તાસ્થાનો માટે સમજવું. તેથી ૪થે ગુણસ્થાને ૬ ના ઉદયસ્થાનમાં ૨૮-૨૪-૨૧ ના ૩ જ સત્તાસ્થાનો આવે. કેમ કે સમ્યક્ત્વ મોહનીયના ઉદય વગરનો વિકલ્પ છે. ૭-૮ ના ઉદયસ્થાનોમાં ૨૮-૨૪-૨૩-૨૨-૨૧ ના ૫ સત્તાસ્થાનો આવે. કેમ કે સમ્યક્ત્વ મોહનીયના ઉદયવાળા અને ઉદય વગરના એમ બન્ને પ્રકારના વિકલ્પો આમાં છે. ૨૮-૨૪ બન્નેમાં હોવાથી કુલ ૭ ને બદલે ૫ જ થાય. ૯ ના ઉદયસ્થાનમાં ૨૮-૨૪-૨૩-૨૨ ના ૪ સત્તાસ્થાનો આવે. કેમ કે કેવલ સમ્યક્ત્વ મોહનીયના ઉદયવાળો જ વિકલ્પ છે. અને આ જ પ્રમાણે ૫-૬-૭ ગુણસ્થાનોના ૪-૪ ઉદયસ્થાનોમાં પણ કુલ ૧૭-૧૭ સત્તાસ્થાનો આવે. ફકત ૫મા ગુણસ્થાનના ચારે ઉદયસ્થાનોમાં ૧-૧ પ્રકૃતિનો અને ૬-૭ ગુણસ્થાનમાં ૨-૨ પ્રકૃતિનો ઘટાડો સમજવો. તે આ પ્રમાણે

૫મે ગુણસ્થાને ૧૩નું બંધસ્થાન, ૨ બંધભાંગા, ૫ થી ૮ ના ૪ ઉદયસ્થાનો, ૮ ઉદયચોવીસી, ૧૯૨ ઉદયભંગ, ૫૨ પદચોવીસી, ૧,૨૪૮ પદભંગ પૂર્વની જેમ જાણવા. અને વધારામાં ચારે ઉદયસ્થાનોમાં કુલ ૧૭ સત્તાસ્થાનો ૪થા ગુણસ્થાનની જેમ જાણવા.

૬ઠ્ઠે ગુણસ્થાને ૯નું બંધસ્થાન, ૨ બંધભાંગા, ૭મે ગુણસ્થાને ૯નું બંધસ્થાન, ૧ બંધભાંગો, બન્ને ગુણસ્થાનમાં પ્રત્યેકમાં ૪ થી ૭ ના ૪ ઉદયસ્થાનો, ૮ ઉદયચોવીસી, ૧૯૨ ઉદયભંગ, ૪૪ પદચોવીસી, ૧,૦૫૬ પદભંગ અને વધારામાં ૪-૪ ઉદયસ્થાનોમાં ૧૭-૧૭ સત્તાસ્થાનો ૪થા ગુણસ્થાનની જેમ જાણવા.

૮મે ગુણસ્થાને ૯નું બંધસ્થાન, ૧ બંધભંગ, ૪ થી ૬ ના ૩ ઉદયસ્થાનો, ૪ ઉદયચોવીસી, ૯૬ ઉદયભંગ, ૨૦ પદચોવીસી, ૪૮૦ પદભંગો પૂર્વની જેમ. વધારામાં આ ૩ ઉદયસ્થાનોમાં સમ્યક્ત્વ મોહનીયના ઉદય વગરના વિકલ્પો હોવાથી ૨૮-૨૪-૨૧ ના ૩-૩ સત્તાસ્થાનો આવે. તેથી કુલ ૯ સત્તાસ્થાનો થાય.

૯મે ગુણસ્થાને ૫ ના બંધસ્થાને ૧ બંધભંગ, ત્યારે ૨ ના ઉદયસ્થાને ચોવીસી ન આવે. કેમ કે યુગલનો ઉદય નથી. ૧૨ ઉદયભંગ આવે. કારણકે ૪ કષાય x ૩ વેદ = ૧૨ થાય. ૨૪ પદભંગ આવે. કેમ કે ૨ પ્રકૃતિનું ઉદયસ્થાન હોવાથી ૨ x ૧૨ = ૨૪ થાય. અને આ પૂર્વે બતાવેલ જ છે. વધારામાં અહીં આ ઉદયસ્થાનોમાં ૨૮-૨૪-૨૧-૧૩-૧૨-૧૧ ના ૬ સત્તાસ્થાનો આવે. ૪ ના બંધે ૧ ના ઉદયે ૪ ઉદયભંગ અને ૪ પદભંગ પણ પૂર્વ જેમ એટલે કે ૪ ક્રોધાદિ કષાયના વિકલ્પથી ૪ ઉદયભંગ અને તે રીતે જ ૪ પદભંગ. અને વધારામાં અહીં ૨૮-૨૪-૨૧-૧૧-૫-૪ ના ૬ સત્તાસ્થાનો આવે. ૩ ના બંધે ૧ ના ઉદયે ૩ ઉદયભંગ, ૩ પદભંગ અને ૨૮-૨૪-૨૧-૪-૩ ના ૫ સત્તાસ્થાનો આવે. ૨ ના બંધે ૧ ના ઉદયે ૨ ઉદયભંગ, ૨ પદભંગ અને ૨૮-૨૪-૨૧-૩-૨ ના ૫ સત્તાસ્થાનો આવે. ૧ ના બંધે ૧ ના ઉદયે ૧ ઉદયભંગ, ૧ પદભંગ અને ૨૮-૨૪-૨૧-૨-૧ ના ૫ સત્તાસ્થાનો એમ ૯મા ગુણસ્થાને કુલ ૫ બંધસ્થાનોના કુલ ૨૨ ઉદયભંગો, ૩૪ પદભંગો અને ૨૭ સત્તાસ્થાનો આવે. **તે આ પ્રમાણે-** પાંચે બંધસ્થાનના પાંચ ઉદયસ્થાનોમાં ઉપશમશ્રેણીમાં ઉપશમસમ્યગ્દષ્ટિને આશ્રયીને ૨૮-૨૪નું અને ક્ષાયિક સમ્યગ્દષ્ટિને આશ્રયીને ૨૧નું સત્તાસ્થાન આવે. ક્ષપકશ્રેણીમાં ૫ ના બંધે ૨ ના ઉદયે નપુંસક વેદે ક્ષપક શ્રેણી માંડનારની અપેક્ષાએ ૨૧-૧૩ ના સ્ત્રી વેદે ક્ષપકશ્રેણી માંડનારની અપેક્ષાએ ૨૧-૧૩-૧૨ ના અને પુરુષ વેદે ક્ષપકશ્રેણી માંડનારની અપેક્ષાએ ૨૧-૧૩-૧૨-૧૧ ના સત્તાસ્થાનો આવે. એટલે ક્ષપકશ્રેણીની અપેક્ષાએ વધારાના ૧૩-૧૨-૧૧ ના ત્રણ સત્તાસ્થાનો આવે. ૪ના બંધે ૧ના ઉદયે ક્ષપક શ્રેણી માંડનાર સ્ત્રી-નપુંસકવેદીની અપેક્ષાએ ૧૧-૪ ના, પુરુષ વેદીની અપેક્ષાએ ૫-૪ ના આ રીતે ક્ષપકશ્રેણીની અપેક્ષાએ ૧૧-૫-૪ ના સત્તાસ્થાનો આવે. ૩ ના બંધે ૧ ના ઉદયે ક્ષપકશ્રેણીમાં શરૂઆતમાં ૪નું સત્તાસ્થાન. ત્યાર બાદ સમય ન્યૂન ૨ આવલિકાએ ૩નું સત્તાસ્થાન એમ ક્ષપકશ્રેણીને આશ્રયીને ૪-૩ ના બે સત્તાસ્થાન આવે. ૨ ના બંધે ૧ ના ઉદયે ક્ષપકશ્રેણીમાં શરૂઆતમાં ૩નું

સત્તાસ્થાન. ત્યાર બાદ સમય ન્યૂન ૨ આવલિકાએ ૨નું સત્તાસ્થાન એમ ક્ષપકશ્રેણીને આશ્રયીને ૩-૨ ના ૨ સત્તાસ્થાન આવે. ૧ ના બંધે ૧ ના ઉદયે ક્ષપકશ્રેણીમાં શરૂઆતમાં ૨નું સત્તાસ્થાન ત્યાર પછી સમય ન્યૂન ૨ આવલિકાએ ૧નું સત્તાસ્થાન એમ ક્ષપકશ્રેણીને આશ્રયીને ૨ સત્તાસ્થાન આમ પાંચે બંધસ્થાનના કુલ ૨૭ સત્તાસ્થાનો થાય.

૧૦મે ગુણસ્થાને મોહનીય કર્મનો બંધ ન હોવાથી અબંધે, ૧ ના ઉદયે ૧ ઉદયભંગ ૧ પદભંગ, ઉપશમશ્રેણીની અપેક્ષાએ ૨૮-૨૪-૨૧ ના સત્તાસ્થાનો અને ક્ષપકશ્રેણીની અપેક્ષાએ ૧નું સત્તાસ્થાન એમ કુલ ૪ સત્તાસ્થાન આવે.

૧૧મે ગુણસ્થાને મોહનીય કર્મના અબંધે, અનુદયે ૨૮-૨૪-૨૧ ના ૩ સત્તાસ્થાનો ઉપશમશ્રેણીની અપેક્ષાએ આવે.

આમ મોહનીય કર્મના કુલ ૧૦ બંધસ્થાનો અને અબંધના, ૯ ઉદયસ્થાનો અને અનુદયના ૫૨ ઉદયચોવીસી, ૧,૨૭૧ ઉદયભંગ, ૩૫૨ પદચોવીસી ૮,૪૮૩ પદભંગ અને ૧૩૩ સત્તાસ્થાનો થાય.

અન્ય આચાર્યોના મતે :- મોહનીય કર્મના ૪ ના બંધે ૨ નો ઉદય અલ્પકાળ માનેલ છે. તેમના મતે ૪ ના બંધે ૨ ના ઉદયે ૧૨ ઉદયભંગ, ૨૪ પદભંગ, ૨૮-૨૪-૨૧-૫ આ ચાર સત્તાસ્થાનો વધે તેથી કુલ ૧,૨૮૩ ઉદયભંગ, ૮,૫૦૭ પદભંગ અને ૧૩૭ સત્તાસ્થાનો થાય.

આ પ્રમાણે ગુણસ્થાનોમાં મોહનીય કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો કહ્યા. પરંતુ સામાન્યથી એટલે કે ગુણસ્થાનોની અવિવક્ષાથી બતાવા બાકી છે. તે મોહનીય કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગોમાં આવતો ફેરફાર ગ્રન્થના ૧૮મા પેજમાં વિવેચન અને કોઠા દ્વારા સંક્ષેપથી બતાવેલ છે. તે બરોબર જોઈ લેવો.

**૧૪ જીવસ્થાનકો વિષે મોહનીય કર્મના બંધસ્થાનો સાથે ઉદયસ્થાન તથા સત્તાસ્થાનોના સંવેધના ભંગો :-**

૭ લબ્ધિઅપર્યાપ્ત અને લબ્ધિપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય એમ ૮ જીવસ્થાનકોમાં ૧લું જ ૧ જ ગુણસ્થાન, પર્યાપ્ત બાદર એકેન્દ્રિયથી પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના ૫ જીવસ્થાનકોમાં ૧લું ૨જું એમ ૨ ગુણસ્થાન હોય. આ ૧૩ જીવસ્થાનકોને ફકત નપુંસકવેદનો જ ઉદય હોવાથી ૪ ક્રોધાદિકષાય x ૨ યુગલ = ૮ = અષ્ટક આવે. પરંતુ ૩ વેદ ન હોવાના કારણે ચોવીસી ન આવે. તેથી ૧૩ જીવસ્થાનકોમાં ૧લા ગુણસ્થાને મોહનીય કર્મના ૨૨ ના બંધસ્થાને ૬ બંધભાંગા, અનન્તાનુબંધિ ચતુષ્ક યુક્ત ૮ થી ૧૦ સુધીના ૩ ઉદયસ્થાનો, ૪ ઉદયષ્ટકો, ૩૨ ઉદયભંગ, ૩૬ પદઅષ્ટકો, (ઉદયઅષ્ટકોને પ્રકૃતિની સંખ્યાથી ગુણવાથી પદઅષ્ટકો બને. ૮ ના ઉદયસ્થાનનો ૧ વિકલ્પ હોવાથી ૧ ઉદયઅષ્ટક તેને પ્રકૃતિની સંખ્યા ૮ થી ગુણવાથી ૧ x ૮ = ૮ પદઅષ્ટકો, ૯ ના ઉદયસ્થાનના ૨ વિકલ્પ હોવાથી ૨ ઉદયઅષ્ટક તેને પ્રકૃતિની સંખ્યા ૯ થી ગુણવાથી ૨ x ૯ = ૧૮ પદઅષ્ટકો અને ૧૦ ના ઉદયસ્થાનનો ૧ વિકલ્પ હોવાથી ૧ ઉદયઅષ્ટક તેને પ્રકૃતિની સંખ્યા ૧૦ થી ગુણવાથી ૧ x ૧૦ = ૧૦ પદઅષ્ટકો એમ કુલ ૩૬ પદઅષ્ટકો થાય.) (અને અષ્ટકને ૮ થી ગુણવાથી ભાંગાઓ આવે. ઉદયઅષ્ટકને ૮ થી ગુણવાથી ઉદયભાંગા, પદઅષ્ટકોને ૮ થી ગુણવાથી પદભંગો આવે.) ૨૮૮ પદભંગો, દરેક ઉદયસ્થાનમાં ૨૮-૨૭-૨૬ ના ત્રણ ત્રણ સત્તાસ્થાનો આવવાથી કુલ ૯ સત્તાસ્થાનો થાય. ૧લે ગુણસ્થાને આ ત્રણે સત્તાસ્થાનો હોવાથી દરેક ઉદયસ્થાનોમાં ત્રણ ત્રણ સત્તાસ્થાનો બતાવેલ છે.

લબ્ધિપર્યાપ્ત બાદર એકેન્દ્રિયથી લબ્ધિપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના ૫ જીવસ્થાનકોમાં ૨જા ગુણસ્થાને મોહનીય કર્મના ૨૧ ના બંધસ્થાને ૪ બંધભાંગા, ૭ થી ૯ સુધીના ૩ ઉદયસ્થાનો, ૪ ઉદયઅષ્ટક, ૩૨ ઉદયભંગ, ૩૨ પદઅષ્ટક, ૨૫૬ પદભંગો. દરેક ઉદયસ્થાનમાં ૨૮નું સત્તાસ્થાન કુલ ૩ સત્તાસ્થાનો થાય. એ રીતે ૧૩ જીવસ્થાનકોમાં કુલ ૭૨ ઉદયઅષ્ટકો, ૫૭૬ ઉદયભંગો, ૬૨૮ પદઅષ્ટકો, ૫,૦૨૪ પદભંગો, ૧૩૨ સત્તાસ્થાનકો થાય.

લબ્ધિપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનકમાં પૂર્વે સામાન્યથી જે પ્રમાણે ગુણસ્થાનોમાં બતાવેલ છે તે પ્રમાણે આવે. એટલે તેના ૧,૨૭૧ ઉદયભંગો, ૮,૪૮૩ પદભંગો, ૧૩૩ સત્તાસ્થાનો આવે. તેને પૂર્વના ૧૩ જીવસ્થાનકોના ઉદયભંગો અને પદભંગો તથા સત્તાસ્થાનોમાં ઉમેરવાથી ૧૪ જીવસ્થાનકોમાં કુલ ઉદયભંગાદિ આવે.

૧૪ જીવસ્થાનકોમાં કુલ ૧,૮૪૭ ઉદયભંગ, ૧૩,૫૦૭ પદભંગો, ૨૬૫ સત્તાસ્થાનો થાય.

### અન્ય આચાર્યોના મતે :-

૧૪ જીવસ્થાનકોમાં કુલ ૧,૮૫૯ ઉદયભંગ, ૧૩,૫૩૧ પદભંગો, ૨૬૯ સત્તાસ્થાનો થાય. કેમ કે તેમના મતે પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં ૧૨ ઉદયભંગ, ૨૪ પદભંગો, અને ૪ સત્તાસ્થાનો વધે છે.

### સપ્તતિકા ટિપ્પણના અભિપ્રાયે ૧૪ જીવસ્થાનકોમાં મોહનીય કર્મના બંધસ્થાનાદિના સંવેધના ભંગો :-

સપ્તતિકા ટિપ્પણના અભિપ્રાયથી અહીં અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય, પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય, અને અપર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિય એ ત્રણ જીવસ્થાનકોમાં અષ્ટકોને બદલે ચોવીસીઓ લેવી કેમ કે ત્રણે વેદનો ઉદય માનેલ છે. તેથી આ ત્રણ જીવસ્થાનકોમાં ૧લા ગુણસ્થાનના કુલ ૧૨ ઉદયઅષ્ટકો, ૯૬ ઉદયભંગો, ૧૦૮ પદઅષ્ટકો, ૮૬૪ પદભંગોને બદલે ૧૨ ઉદયચોવીસી, ૨૮૮ ઉદયભંગો, ૧૦૮ પદચોવીસી ૨,૫૯૨ પદભંગો, તેમ જ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનના ૨જા ગુણસ્થાનના ૪ ઉદયઅષ્ટકો ૩૨ ઉદયભંગો, ૩૨ પદઅષ્ટકો, ૨૫૬ પદભંગોને બદલે ૪ ઉદયચોવીસી, ૯૬ ઉદયભંગ, ૩૨ પદચોવીસી ૭૬૮ પદભંગ, અને ૩ જીવભેદના કુલ ૧૬ ઉદયઅષ્ટક, ૧૨૮ ઉદયભંગ, ૧૪૦ પદઅષ્ટક, ૧,૧૨૦ પદભંગોને બદલે કુલ ૧૬ ઉદયચોવીસી, ૩૮૪ ઉદયભંગો, ૧૪૦ પદચોવીસી ૩,૩૬૦ પદભંગો થાય. એટલે એકંદર આ ૩ જીવસ્થાનકોમાં જે ઉદયભંગો અને પદભંગો બતાવ્યા હતા તેના કરતા ત્રણ ત્રણ ગણા આવે કેમ કે અષ્ટક કરતા ચોવીસી ત્રણ ગણી છે. એટલે જે ઉદયભંગો અને પદભંગો હતા. તેમાં બે ગુણાનો ઉમેરો થાય કેમ કે અષ્ટક કરતા ચોવીસીમાં ૧૬ નો વધારો થયો છે અને તે અષ્ટક કરતા દ્વિગુણા (બમણા) છે. તેથી પહેલા ૧૩ જીવભેદોમાં જે ઉદયભંગો બતાવ્યા હતા તેમાં ૨૫૬ ઉદયભંગોનો અને પદભંગો બતાવ્યા હતા તેમાં ૨,૨૪૦ પદભંગોનો ઉમેરો કરવો. તે આ પ્રમાણે- ૫૭૬ + ૨૫૬ = ૮૩૨ ઉદયભંગો, અને ૫,૦૨૪ + ૨,૨૪૦ = ૭૨૬૪ પદભંગો થાય. જો કે કોઠામાં સ્વતંત્રપણે ૧૩ જીવસ્થાનકોમાં મોહનીય કર્મનો બંધસ્થાનાદિનો સંવેધ બતાવેલ છે. તેમાં ૧૦ જીવસ્થાનોમાં પૂર્વની જેમ જ બતાવીને ૩ જીવસ્થાનકોમાં અષ્ટકને બદલે ચોવીસીને આશ્રયીને વિશેષ બતાવેલ છે. તે કોઠો જોવાથી સ્હેજમાં સમજ આવી જાય તેમ છે. અહીં ૩ જીવસ્થાનકોમાં ઉદયસ્થાનને આશ્રયી તે જ ઉદયભંગો અને પદભંગોમાં વિશેષ છે. બાકી બંધસ્થાનોને આશ્રયીને અને સત્તાસ્થાનોને આશ્રયીને કશો જ વિશેષ નથી.

૧૪ જીવસ્થાનકોમાં સપ્તતિકાના અભિપ્રાયે મોહનીય કર્મના કુલ ૨,૧૦૩ ઉદયભંગો, ૧૫,૭૪૭ પદભંગો. મતાન્તરે કુલ ૨,૧૧૫ ઉદયભંગો, ૧૫,૭૭૧ પદભંગો આવે. **તે આ રીતે :-**

| જીવસ્થાનક | ઉદયભંગ | પદભંગ |
|---|---|---|
| ૧૩ જીવસ્થાનક | ૮૩૨ | ૭,૨૬૪ |
| પર્યાપ્ત સંજ્ઞી | ૧,૨૭૧ | ૮,૪૮૩ |
| ૧૪ જીવસ્થાનક | ૨,૧૦૩ | ૧૫,૭૪૭ |
| મતાન્તરે :- | + ૧૨ | + ૨૪ |
| ૧૪ જીવસ્થાનક | ૨,૧૧૫ | ૧૫,૭૭૧ |

## નામ કર્મના બંધસ્થાનોના કોઠાઓનું વિવેચન :-

## નામ કર્મના બંધસ્થાનો, તેના ભાંગા, સ્વામીઓ, ગુણસ્થાનો અને કાળ :-

### એકેન્દ્રિય પ્રાયોગ્ય :-

અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ધ્રુવબંધિ[૯], તિર્યંચ[૨], એકેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર, હુંડકસંસ્થાન અને દુ:સ્વર વિના સ્થાવરદશકની[૯] એમ ૨૩ પ્રકૃતિઓના ૧લા બંધસ્થાનને બાંધે છે. ત્યારે તેમાં સૂક્ષ્મ અને સાધારણ સિવાયની ૨૧ પ્રકૃતિઓ બધાને એકસરખી બંધાય છે. બાકીની બે પોતાની પ્રતિપક્ષ પ્રકૃતિની સાથે પરાવર્તમાનભાવે બંધાય છે. એટલે કે ૨૧ + બાદર, પ્રત્યેક કે બાદર, સાધારણ, કે સૂક્ષ્મ, પ્રત્યેક, કે સૂક્ષ્મ, સાધારણ એમ ૪ વિકલ્પે બંધાય છે. માટે નામકર્મના ૨૩પ્રકૃતિના બંધસ્થાનના ૪ બંધભાંગા આવે. અને એ ચારે વિકલ્પોના સ્વામી તિર્યંચ, મનુષ્યરૂપ ૨ ગતિના જ ૧લા ગુણસ્થાનવાળા આવે.

નામ કર્મના ૨૩ ના બંધસ્થાનમાંથી અપર્યાપ્ત નામને બાદ કરી તેના બદલે પર્યાપ્ત, પરાઘાત, ઉચ્છ્વાસ ઉમેરવાથી પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિઓનું ૨જું બંધસ્થાન આવે. અહીં ઉપર જે ૪ વિકલ્પો કર્યા હતા. તેમાં અહીં ૧લા બાદર પ્રત્યેકવાળા વિકલ્પમાં સ્થિર, શુભ અને યશ નામ કર્મ વિકલ્પે બંધાવાથી ૮ બંધભાંગા આવે. બાકીના ૩ વિકલ્પોમાં યશ ન બંધાવાથી એટલે કે અયશ ધ્રુવ થવાથી યશ વિના સ્થિર, શુભ એ બે જ વિકલ્પે બંધાવાથી તેના ૪-૪ બંધભાંગાઓ આવે. કુલ ૨૦ બંધભાંગા થાય. આ ચારે વિકલ્પોમાં સ્વામી ઉપર પ્રમાણે તિર્યંચ મનુષ્યરૂપ ૨ ગતિના ૧લા ગુણસ્થાનવાળા આવે. ઉપરાંત ૮ બંધભાંગાવાળા ૧લા વિકલ્પમાં ભવનપતિથી ઈશાન સુધીના દેવો ૧લા ગુણસ્થાનવાળા પણ આવે.

અને આ જ ૧લા વિકલ્પમાં આતપ કે ઉદ્યોત ઉમેરવાથી પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિઓનું ૩જું બંધસ્થાન થાય. અને તેના આતપ આશ્રયીને સ્થિરાદિ ૮ બંધભાંગા, તેવી જ રીતે ઉદ્યોત આશ્રયીને સ્થિરાદિ ૮ બંધભાંગા. એમ કુલ ૧૬ બંધભાંગા અને ઉપરમાં ૧લા વિકલ્પમાં બતાવ્યા પ્રમાણેના ૩ ગતિના ૧લા ગુણસ્થાનવાળા સ્વામી સમજવા.

આ એકેન્દ્રિય પ્રાયોગ્ય ત્રણે બંધસ્થાનના મળીને કુલ ૪૦ બંધભાંગા થાય. એકેન્દ્રિય જાતિ ૧લા જ ગુણસ્થાને બંધાવાથી આ ત્રણે બંધસ્થાનો ૧લા જ ગુણસ્થાને પરાવર્તમાનભાવે બંધાતા હોવાથી ત્રણે બંધસ્થાનો જઘન્ય ૧ સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત બંધ કાળ આવે.

### વિકલેન્દ્રિય પ્રાયોગ્ય :-

અપર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ધ્રુવબંધિ[૯], તિર્યંચ[૨], વિકલેન્દ્રિય જાતિ, ઔદારિક[૨], સેવાર્તસંઘયણ, હુંડકસંસ્થાન, ત્રસ, બાદર, અપર્યાપ્ત, દુ:સ્વર વિના અસ્થિર[૫], એમ કુલ ૨૫ પ્રકૃતિઓનું ૧લું બંધસ્થાન આવે. એકેન્દ્રિય કરતા અહીં અંગોપાંગ અને સંઘયણ વધવાથી ૨૩ + ૨ = ૨૫ પ્રકૃતિ થાય છે. અહીં અપર્યાપ્ત પ્રાયોગ્ય હોવાથી શક્ય બધું અશુભ જ બંધાતું હોવાથી અહીં ૧ જ વિકલ્પ આવે છે. અને વિકલેન્દ્રિય એટલે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય તે ત્રણે અહીં ભેગા લીધેલ હોવાથી એ ત્રણના કુલ ૩ બંધભાંગા થાય. એવી જ રીતે આગળ પણ સમજવું.

પર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય પૂર્વે અપર્યાપ્ત પ્રાયોગ્ય બતાવેલ ૨૫માંથી અપર્યાપ્ત નામને બાદ કરીને પર્યાપ્ત, પરાઘાત, ઉચ્છ્વાસ, અશુભવિહાયોગતિ અને દુ:સ્વર આ પાંચ ઉમેરવાથી ૨૯ પ્રકૃતિઓનું ૨જું બંધસ્થાન આવે. અને એમાં સ્થિરાદિ[૩] વિકલ્પે હોવાથી ૮ બંધભાંગા આવે. અને વિકલેન્દ્રિયની અપેક્ષાએ ત્રણ ગણા કરવાથી કુલ ૨૪ બંધભાંગા થાય.

પર્યાપ્તવિકલેન્દ્રિય પ્રાયોગ્ય પૂર્વના ૨૯માં ઉદ્યોત ઉમેરવાથી ૩૦ પ્રકૃતિઓનું ૩જું બંધસ્થાન આવે. અને એના ૨૯ ના બંધસ્થાનની જેમ ૮ અને કુલ ૨૪ બંધભાંગા આવે.

આ રીતે ત્રણે બંધસ્થાનના વિકલેન્દ્રિયપ્રાયોગ્ય કુલ ૫૧ બંધભાંગા આવે. ત્રણે બંધસ્થાનના સ્વામી દેવ-નારક ન હોવાથી ફકત તિર્યંચ મનુષ્યો ૨ ગતિના જ ૧લા ગુણસ્થાનવાળા જ આવે. કેમ કે વિકલેન્દ્રિયજાતિ ૧લે ગુણસ્થાને જ તિર્યંચ અને મનુષ્યોને જ બંધાય છે. અને ૧લા ગુણસ્થાને પરાવર્તમાનભાવે આ ત્રણે બંધસ્થાનનો બંધ હોવાથી ત્રણે બંધસ્થાનનો જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત બંધ કાળ આવે.

**પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય :-**

અહીં ત્રણ બંધસ્થાનો વિકલેન્દ્રિયની જેમ આવે. પરંતુ વિકલેન્દ્રિયજાતિને સ્થાને પંચેન્દ્રિયજાતિ લેવી. અપર્યાપ્તપ્રાયોગ્ય ૨૫ ના બંધસ્થાનનો ૧ બંધભાંગો, સ્વામી તિર્યંચ મનુષ્ય ૨ જ ગતિના ૧લા ગુણસ્થાનવાળા અને પરાવર્તમાનભાવે બંધના કારણે જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ વગેરે બધું જ અહીં વિકલેન્દ્રિય માફક સમજવું.

અહીં પર્યાપ્તપ્રાયોગ્ય ૨૯-૩૦ ના બંધસ્થાનોમાં ૧લા ગુણસ્થાને ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૨ વિહાયોગતિ અને સ્થિરાદિ ૬ યુગલ પરાવર્તમાનભાવે બંધાતા હોવાથી તેના ૪,૬૦૮ - ૪,૬૦૮ બંધભાંગા આવે. અને આ બંધસ્થાનો ૨જા ગુણસ્થાને પણ બંધાતા હોવાથી ૨જા ગુણસ્થાનને આશ્રયીને છેલ્લું સંઘયણ સંસ્થાન બંધાતું ન હોવાથી ૫-૫ સંઘયણ-સંસ્થાનની અપેક્ષાએ ૨જા ગુણસ્થાને ૩,૨૦૦ - ૩,૨૦૦ બંધભાંગા આવે. આ બન્ને બંધસ્થાનના સ્વામી ચારે ગતિના ૧લા ૨જા બે ગુણસ્થાનવાળા જાણવા. આબન્ને બંધસ્થાનો ૧લા ૨જા બન્ને ગુણસ્થાને પરાવર્તમાનપણે બંધાતા હોવાથી બન્ને બંધસ્થાનોનો જઘન્ય ૧સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ❀જ બંધકાળ આવે.

સામાન્યથી આ ત્રણ બંધસ્થાનના કુલ ૯,૨૧૭ બંધભાંગા થાય.

એકેન્દ્રિય પ્રાયોગ્ય કુલ ૩ બંધસ્થાનના કુલ ૪૦ બંધભાંગા

વિકલેન્દ્રિય પ્રાયોગ્ય કુલ ૩ બંધસ્થાનના કુલ ૫૧ બંધભાંગા

પંચેન્દ્રિયતિર્યંચ પ્રાયોગ્ય કુલ ૩ બંધસ્થાનના કુલ ૯,૨૧૭ બંધભાંગા

એ રીતે બધા મળીને ૯૩૦૮ બંધભાંગાઓ તિર્યંચગતિ પ્રાયોગ્ય પાંચ બંધસ્થાનોના થાય.

**તે આ રીતે :-**

| કુલ | ૫ | ←બંધસ્થાન→ | ૨૩ | ૨૫ | ૨૬ | ૨૯ | ૩૦ | કુલ બંધભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | એકેન્દ્રિય | ૪ | ૨૦ | ૧૬ | ૦ | ૦ | ૪૦ |
| | ૩ | વિકલેન્દ્રિય | ૦ | ૩ | ૦ | ૨૪ | ૨૪ | ૫૧ |
| | ૩ | પચેન્દ્રિય તિર્યચ | ૦ | ૧ | ૦ | ૪,૬૦૮ | ૪,૬૦૮ | ૯,૨૧૭ |
| કુલ તિર્યચગતિના બંધભાગા : | | | ૪ | ૨૪ | ૧૬ | ૪,૬૩૨ | ૪,૬૩૨ | ૯,૩૦૮ |

**મનુષ્ય પ્રાયોગ્ય :-**

અહીં મનુષ્ય પ્રાયોગ્ય નામ કર્મના ૨૫-૨૯ ના બે બંધસ્થાનો પંચેન્દ્રિય તિર્યંચની જેમ જ સમજવા. પરંતુ તિર્યંચ૨ ને બદલે મનુષ્ય૨ કહેવી. અને વધારામાં ૨૯ પ્રકૃતિના બંધસ્થાનના સ્વામી તરીકે વધારામાં દેવતા નારકીઓ ૩જા-૪થા ગુણસ્થાનવાળા પણ આવે અને તેના હિસાબે ૩જે ૪થે ગુણસ્થાને સ્થિરાદિ૩ ના વિકલ્પથી ૮ બંધભાંગા આવે. અને અનુત્તરદેવને આશ્રયીને ૨૯ના બંધસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ ૩૩ સાગરોપમ આવે.

૨૯ ના બંધસ્થાનમાં જિન નામ ઉમેરવાથી ૩૦ પ્રકૃતિઓનું ૩જું બંધસ્થાન આવે છે. અને તેના સ્થિરાદિ૩ ના વિકલ્પથી ૮ જ બંધભાંગા આવે. અને એના સ્વામી દેવતા નારકી ૪થા ગુણસ્થાનવાળા જ હોય. નારકીને આશ્રયીને જઘન્ય કાળ ૮૪,૦૦૦ વર્ષ અને ઉપર પ્રમાણે અનુત્તરદેવને આશ્રયીને ઉત્કૃષ્ટ કાળ ૩૩ સાગરોપમ આવે.

મનુષ્ય પ્રાયોગ્ય આ ત્રણે નામ કર્મના બંધસ્થાનોના કુલ ૪,૬૧૭ બંધભાંગા થાય.

---

❀૭મી નરકમાં મિથ્યાદષ્ટિને કેવલ પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધ છે. તો પછી તેને આશ્રયીને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ કાળ કેમ ન આવે ? તમારી વાત સાચી છે કે ૭મી નરકમાં ફકત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય જ ૧લે ગુણસ્થાને બંધાય છે. છતાં ત્યાં પણ ૨૯-૩૦ એ બન્ને બંધસ્થાનો અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે ઉદ્યોતના બંધ અને અબંધથી પરાવર્તમાનભાવે બંધાય છે. તેથી ૭મી નારકીને આશ્રયીને પણ તે બન્ને બંધસ્થાનોનો ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત જ બંધ કાળ આવે.

**નરક પ્રાયોગ્ય :-**

નરક પ્રાયોગ્ય ધ્રુવબંધિ[૯], નરક[૨], પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય[૨], હુંડકસંસ્થાન, અશુભવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ[૪], અસ્થિર[૬] રૂપ ૧ જ વિકલ્પ હોવાથી નામ કર્મનું ૨૮ પ્રકૃતિઓનું ૧ જ બંધસ્થાન અને એનો ૧ જ બંધભાંગો આવે. અને નરક પ્રાયોગ્ય બંધ ફકત ૧લા જ ગુણસ્થાને પરાવર્તમાનભાવે થતો હોવાથી અને એકેન્દ્રિયો વિકલેન્દ્રિયો દેવતા નારકો અને કરણ અપર્યાપ્ત બાંધતા ન હોવાથી, કરણપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ અને કરણપર્યાપ્ત મનુષ્યો એમ ૨ જ ગતિના ૧લા ગુણસ્થાનવાળા જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ બાંધે.

**દેવપ્રાયોગ્ય:-**

દેવપ્રાયોગ્ય ધ્રુવબંધિ[૯], દેવ[૨], પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય[૨], સમચતુસ્રસંસ્થાન, શુભવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ[૧૦] રૂપ નામ કર્મનું ૨૮નું ૧લું બંધસ્થાન થાય. અને એના સ્થિરાદિ[૩] પરાવર્તમાનભાવે બંધાતા હોવાથી એના ૮ બંધભાંગા આવે. અને દેવ-નારકો દેવ-નરકપ્રાયોગ્ય બંધ કરતા ન હોવાથી તેમ જ એકેન્દ્રિયો વિકલેન્દ્રિયો અને સમ્યગ્દષ્ટિ સિવાયના કરણઅપર્યાપ્ત પણ દેવ-નરકપ્રાયોગ્ય બાંધતા ન હોવાથી કરણઅપર્યાપ્ત યુગલિક તિર્યંચ-મનુષ્ય કરણઅપર્યાપ્ત સંખ્યાતવર્ષાયુષ્ય વાળા મનુષ્ય ૪થા ગુણસ્થાનવાળા તથા કરણપર્યાપ્ત ૧ થી ૫ ગુણસ્થાનવાલા પંચેન્દ્રિય તિર્યંચો અને ૧ થી ૮/૬ ગુણસ્થાનવાળા મનુષ્યો આ દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિના બંધસ્થાનને બાંધે. અને સ્થિરાદિ[૩] વિકલ્પે બંધાતા હોવાથી તેના ૮ બંધભાંગા આવે. અને તેમાં પણ ૭ થી ૮/૬ ગુણસ્થાનવાળા મનુષ્યને અસ્થિર, અશુભ, અયશ:કીર્તિ ન બંધાવાથી સ્થિર, શુભ, યશ:કીર્તિ જ નિયમા બાંધે છે. તેથી તેમને ૧ જ બંધભાંગો આવે. ૧લા ગુણસ્થાનના પરાવર્તમાનબંધની અપેક્ષાએ જઘન્ય ૧ સમય અને ૧/૩ પૂર્વકોટી વર્ષ બાકી રહે છતે યુગલિકભવનું આયુષ્ય બાંધીને મનુષ્ય યથાસંભવ તુરત જ ક્ષાયિક સમ્યક્ત્વ પામી યુગલિકમાં ઉત્પન્ન થાય તેની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૧/૩ પૂર્વકોટી વર્ષ અધિક ૩ પલ્યોપમ જેટલો કાળ આવે.

દેવપ્રાયોગ્ય નામ કર્મના ૨૮ ના બંધસ્થાનમાં જિન નામ ઉમેરવાથી ૨૯ પ્રકૃતિનું ૨જું બંધસ્થાન આવે. અને આ બંધસ્થાનને કેવલ સંખ્યાતવર્ષાયુષ્યવાળા મનુષ્ય જ કરણ અપર્યાપ્ત ૪થા ગુણસ્થાનવાળા અને કરણપર્યાપ્ત ૪ થી ૮/૬ ગુણસ્થાનવાળા બાંધે. કેમ કે દેવ-નારકો તો દેવ-નરક પ્રાયોગ્ય બાંધે જ નહીં. અને તિર્યંચોને જિન નામ બંધાતું ન હોવાથી આ બંધસ્થાનને બાંધે નહીં. અહીં પણ ૨૮ ના બંધસ્થાનની જેમ ૮ બંધભાંગા અને ૭-૮મે ગુણસ્થાને ૧ બંધભાંગો આવે. ઉપશમશ્રેણીમાં પડતી વખતે આ બંધસ્થાનનો ૧ સમય બંધ કરી કાળ કરનારની અપેક્ષાએ આ બંધસ્થાનનો જઘન્ય ૧ સમય, અને પૂર્વકોટી વર્ષના આયુષ્યવાળા જેટલી શક્ય તેટલી જલ્દી જિન નામ કર્મની નિકાચના કરી ભવના અંત સુધી બાંધી દેવલોકમાં જતા આ બંધસ્થાન બદલાઈ જાય. કેમ કે દેવલોકમાં જતાની સાથે જ આ દેવપ્રાયોગ્ય ૨૯ ના બદલે મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નું બંધસ્થાન શરૂ થઈ જાય. તેથી આની અપેક્ષાએ ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી વર્ષ કાળ છે.

દેવપ્રાયોગ્ય ૨૮-૨૯ ના બંધસ્થાનમાં આહારક[૨] ઉમેરવાથી ૩૦-૩૧ ના બે બંધસ્થાન થાય. અને આહારક[૨] ના બંધક જ આના બંધક હોવાથી આ બે બંધસ્થાનના સ્વામી અપ્રમત્તયતિ ૭-૮/૬ ગુણસ્થાનવાળા હોય. અને તેમને શક્ય બધું શુભ જ બંધાતુ હોવાથી ૧-૧ બંધભાંગો આવે. અને ગુણસ્થાનના કાળની અપેક્ષાએ જઘન્ય ૧ સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

આ રીતે આ દેવપ્રાયોગ્ય ૨૮-૨૯-૩૦-૩૧ એ ચાર બંધસ્થાનના કુલ ૧૮ બંધભાંગા છે.

૮મા ગુણસ્થાનના ૬ઠ્ઠા ભાગના અંતે દેવ[૨] વગેરે નામ કર્મની ૩૦ પ્રકૃતિઓ વિચ્છેદ થાય ત્યારે યશ:કીર્તિરૂપ ૧ જ પ્રકૃતિનું અપ્રાયોગ્ય (કેમ કે કોઈ પણ ગતિ સાથે બંધાતુ ન હોવાથી) બંધસ્થાન આવે. અને એના સ્વામી બન્ને શ્રેણીવાળા ૮/૭ થી ૧૦મા ગુણસ્થાનવાળા જાણવા. ૧ જ પ્રકૃતિ હોવાથી ૧ જ બંધભાંગો આવે. અને ઉપશમશ્રેણીની અપેક્ષાએ જઘન્ય ૧ સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે. કેમ કે ૮/૭ થી ૧૦ ગુણસ્થાનનો સમુદિત ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત જ છે. અને સંપૂર્ણ શ્રેણીનો કાળ પણ અંતર્મુહૂર્ત હોવાથી તેનાથી અધિક કાળ ન આવે.

આ રીતે કુલ બધા ૮ બંધસ્થાનો અને એના કુલ ૧૩,૯૪૫ બંધભાંગા થાય. અને તે જુદી જુદી જાતના ૨ કોઠા અને યન્ત્ર દ્વારા બતાવામાં આવ્યા છે.

## નામ કર્મના ઉદયસ્થાનોના કોઠાઓનું વિવેચન :-

### નામ કર્મના ઉદયસ્થાનો, તેના ભાંગાઓ અને કાળ :-

### એકેન્દ્રિય પ્રાયોગ્ય :-

વિગ્રહગતિમાં લબ્ધિ અપર્યાપ્ત કે લબ્ધિ પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ધ્રુવદયિ[૧૨], તિર્યંચ[૨], એકેન્દ્રિયજાતિ, સ્થાવર, સૂક્ષ્મ કે બાદર, પર્યાપ્ત કે અપર્યાપ્ત, દુર્ભગ, અનાદેય, અયશઃકીર્તિરૂપ ૨૧ પ્રકૃતિનું ઉદયસ્થાન હોય છે. આમ તો દરેક જીવને વિગ્રહગતિમાં ૨૧નું જ ઉદયસ્થાન હોય છે. પરંતુ ગતિ, જાતિ વગેરે પોતપોતાને પ્રાયોગ્ય લેવા. તેમાં ૨૧માંથી ૧૮ પ્રકૃતિઓ નિયત છે. ૧૮ + અપર્યાપ્ત, સૂક્ષ્મ, અયશઃકીર્તિ, કે અપર્યાપ્ત, બાદર, અયશઃકીર્તિ, કે પર્યાપ્ત, સૂક્ષ્મ, અયશઃકીર્તિ, કે પર્યાપ્ત, બાદર, અયશઃકીર્તિ, કે પર્યાપ્ત, બાદર, યશઃકીર્તિ એ પાંચ વિકલ્પોથી પાંચ ઉદયભાંગા આવે. ૨૧માં સૂક્ષ્મ/ બાદરના વિકલ્પથી ૨ ઉદયભાંગા, એની સાથે પર્યાપ્ત/અપર્યાપ્તના વિકલ્પથી ૪ ઉદયભાંગા, તેમાં પર્યાપ્ત બાદર સાથે યશઃકીર્તિ પણ વિકલ્પે આવવાથી કુલ ૫ ઉદયભાંગા થાય છે. પર્યાપ્ત બાદર વિકલ્પમાં યશઃકીર્તિ અને અયશઃકીર્તિ વિકલ્પે છે. જ્યારે તે સિવાયના ૩ વિકલ્પોમાં ફક્ત એકલી અયશઃકીર્તિ જ છે. તેથી અહીં પાંચ ઉદયભાંગા થાય છે. અને આ ઉદયસ્થાન વિગ્રહગતિમાં હોવાથી વિગ્રહગતિ જેટલો જઘન્ય ૧ સમય, અને ઉત્કૃષ્ટ ૩ સમય કાળ આવે.

વિગ્રહગતિના ૨૧ ના ઉદયસ્થાનમાંથી આનુપૂર્વી બાદ કરતા અને ઔદારિક શરીર હુંડકસંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક કે સાધારણ ઉમેરવાથી ભવસ્થનું લબ્ધિ અપર્યાપ્ત કે લબ્ધિ પર્યાપ્ત પ્રાયોગ્ય એકેન્દ્રિયનું અપર્યાપ્તાવસ્થાનું ૨જું ૨૪ પ્રકૃતિઓનું ઉદયસ્થાન વિગ્રહગતિમાં થઈને કે ભવાન્તરમાંથી સીધા અહીં આવતા આવે. અહીં પ્રત્યેક કે સાધારણ વિકલ્પે હોવાથી તેનાથી પૂર્વેના પાંચ ઉદયભાંગાને ગુણવાથી ૧૦ ઉદયભાંગા થાય. અને આ ઉદયસ્થાન અપર્યાપ્તાવસ્થામાં હોવાથી તેનો જઘન્ય ઉત્કૃષ્ટકાળ અંતર્મુહૂર્ત આવે.

અને લબ્ધિપર્યાપ્ત બાદર વાયુકાય કરણપર્યાપ્ત થયા બાદ જ્યારે વૈક્રિય શરીરની વિકુર્વણા કરે ત્યારે પર્યાપ્ત બાદર વૈક્રિય શરીરી વાયુકાયને પણ આ પ્રમાણે ૨૪ પ્રકૃતિઓનું ઉદયસ્થાન આવે. અને એનો કાળ પણ તેટલો જ આવે. પરંતુ અહીં ઔદારિક શરીરને બદલે વૈક્રિય શરીરનો ઉદય હોય. અને તેઉકાય-વાયુકાયને ઉદયમાં પ્રાયઃ બધુ અશુભ જ હોવાથી ૧ જ ઉદયભાંગો આવે. અને વૈક્રિયશરીરીની વિકુવર્ણા કરતા કાળ પણ કરી શકે છે તે હિસાબે વૈક્રિયશરીરી વાયુકાયના ૨૪-૨૫-૨૬ના ત્રણે ઉદયસ્થાનનો કાળ જઘન્ય ૧ સમય આવે. અને કાળ ન કરે તો પણ ત્રણેનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત જ આવે.

આ રીતે આ ઉદયભાંગા સહિત ૨૪ ના ઉદયસ્થાનના કુલ ૧૧ ઉદયભાંગા થાય.

ઉપરના ૨૪ ના ઉદયસ્થાનના અપર્યાપ્તાના ૪ છોડીને બાકીના ૭ ઉદયભાંગાઓમાં અંતર્મુહૂર્ત બાદ પરાઘાતનામ ઉમેરવાથી ૨૫ પ્રકૃતિઓના ૩જા ઉદયસ્થાનના ૭ ઉદયભાંગા જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળવાળા આવે.

અંતર્મુહૂર્ત બાદ લબ્ધિ પર્યાપ્તના ૨૫ ના ઉપરના ૭ ઉદયભાંગાવાળા ઉદયસ્થાનમાં ઉચ્છ્વાસ ઉમેરવાથી ૨૬ પ્રકૃતિઓનું ૪થું ઉદયસ્થાન અને ૭ ઉદયભાંગા આવે. તેમાં ઉચ્છ્વાસને બદલે ઉદ્યોત ઉમેરવાથી પ્રત્યેક કે સાધારણની સાથે યશઃકીર્તિ કે અયશઃકીર્તિના વિકલ્પથી ૪ ઉદયભાંગા. અને આતપ ઉમેરવાથી પ્રત્યેકની સાથે યશઃકીર્તિ કે અયશઃકીર્તિના વિકલ્પથી ૨ ઉદયભાંગા એમ કુલ ૧૩ ઉદયભાંગા આવે.

અને એ જ પ્રમાણે કોઠામાં બતાવેલ છે. ઉચ્છ્વાસવાળા ૭ ઉદયભાંગાવાળા ૨૬ ના ઉદયસ્થાનનો કાળ જેને ઉદ્યોત કે આતપ નો ઉદય થવાનો છે તેને અપર્યાપ્તવસ્થા આશ્રયીને અને પર્યાપ્ત જઘન્યાયુષ્યવાળા જીવને આશ્રયીને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પર્યાપ્ત બાદર પૃથ્વીકાયના જીવને આશ્રયીને અપર્યાપ્તાવસ્થાના અંતર્મુહૂર્ત ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ આવે. અને ૪ ઉદયભાંગાવાળા ઉદ્યોતવાળા તેમ જ ૨ ઉદયભાંગાવાળા આતપવાળા એમ ૬ ઉદયભાંગાવાળા ૨૬ ના ઉદયસ્થાનનો જઘન્ય ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત આવે. કેમ કે હજી અપર્યાપ્તાવસ્થા છે.

બાકી અપ્કાય વગેરેની અપેક્ષાએ અંતર્મુહૂર્ત ન્યૂન પોત-પોતાની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ જેટલો ઉત્કૃષ્ટ કાળ જાણવો. તેવી જ રીતે ૨૭ના ઉદયસ્થાનમાં પણ સમજવું.

અંતર્મુહૂર્ત બાદ ઉપરના ઉદ્યોત કે આતપ ઉદયવાળા ૬ ઉદયભાંગાવાળા લબ્ધિપર્યાપ્તના ૨૬ના ઉદયસ્થાનમાં ઉચ્છ્વાસ ઉમેરવાથી કે ઉચ્છ્વાસના ઉદયવાળા ૨૬ ના ઉદયસ્થાનમાં ઉદ્યોત કે આતપ ઉમેરવાથી પણ આજ ૬ ઉદયભાંગાવાળું ૨૭ પ્રકૃતિઓનું ૫મું ઉદયસ્થાન આવે. અને એનો કાળ જઘન્ય અંતર્મુહૂર્ત જઘન્યાયુષ્યવાળા જીવની અપેક્ષાએ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૨૨,૦૦૦ વર્ષ પર્યાપ્ત બાદર પૃથ્વીકાયની અપેક્ષાએ ઉપર પ્રમાણે આવે.

આ રીતે એકેન્દ્રિય પ્રાયોગ્ય કુલ ૫ ઉદયસ્થાનો, અને તેના કુલ ૪૨ ઉદયભાંગા છે.

લબ્ધિઅપર્યાપ્ત સૂક્ષ્મ અકેન્દ્રિય વગેરે પ્રાયોગ્યની અલગ અલગ રીતથી કે વિવક્ષાથી વિચારીએ તો તેઓને આશ્રયીને કેટલા કેટલા ઉદયભાંગા આવે. તે નીચેના નાના ૨ કોઠામાં બતાવેલ છે. તે જોવાથી ખ્યાલમાં આવી જાય તેમ છે. તે પણ ઉપરના કોઠામાં બતાવેલ ભાંગાઓ જોવાથી સહેલાઈથી સમજી શકાય તેમ છે. અને તે કોઠામાંથી જોઈ લેવું.

### વિકલેન્દ્રિયપ્રાયોગ્ય :-

વિગ્રહગતિમાં લબ્ધિ અપર્યાપ્ત કે લબ્ધિ પર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ધ્રુવોદયિ[૧૨], તિર્યંચ[૨], સ્વજાતિ, ત્રસ[૨], પર્યાપ્ત કે અપર્યાપ્ત, દુર્ભગ, અનાદેય, યશ કે અયશરૂપ ૨૧ પ્રકૃતિઓનું ૧લું ઉદયસ્થાન આવે. એમાં અપર્યાપ્ત સાથે અયશઃકીર્તિ જ ઉદયમાં આવતી હોવાથી તેનો ૧ જ ઉદયભાંગો આવે. અને પર્યાપ્ત સાથે યશઃકીર્તિ કે અયશઃકીર્તિ વિકલ્પે ઉદયમાં આવતી હોવાથી તેના ૨ ઉદયભાંગા થાય. આમ કુલ ૩ ઉદયભાંગા બેઈન્દ્રિયના થાય. તેવી રીતે તેઈન્દ્રિય ચઉરિન્દ્રિયના પણ ૩-૩ ઉદયભાંગા થાય. તેથી ત્રણેના એટલે કે વિકલેન્દ્રિયના કુલ ૯ ઉદયભાંગા થાય. આ ઉદયસ્થાન વિગ્રહગિતમાં જ હોવાના લીધે તેનો કાળ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૩ સમય આવે.

ભવસ્થ સ્વસ્થાન લબ્ધિ અપર્યાપ્ત કે લબ્ધિ પર્યાપ્તને અપર્યાપ્તાવસ્થામાં ૨૧ ના ઉદયસ્થાનમાંથી આનુપૂર્વી બાદ કરતા અને ઔદારિક[૨], સેવાર્તસંઘયણ, હુંડકસ્થાન, ઉપઘાત અને પ્રત્યેકનામ એમ ૬ પ્રકૃતિઓ ઉમેરતા ૨૬ પ્રકૃતિઓનું વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨જું ઉદયસ્થાન વિગ્રહગતિમાં થઈને કે ભવાંતરમાંથી સીધા અહીં આવતા આવે. અને એના ૨૧ ના ઉદયસ્થાનની જેમ ૯ ઉદયભાંગા આવે. તથા જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે. કેમ કે અપર્યાપ્તાવસ્થા છે.

અંતર્મુહૂર્ત બાદ લબ્ધિપર્યાપ્તને ૨૬ ના ઉદયસ્થાનમાં પરાઘાત અને અશુભવિહાયોગતિ ઉમેરવાથી વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓનું ૩જું ઉદયસ્થાન આવે. અને આ ઉદયસ્થાન ફકત પર્યાપ્ત જીવોને જ હોવાથી અપર્યાપ્તના ૩ ઉદયભાંગા ન આવે. ફકત પર્યાપ્તાના જ ૬ ઉદયભાંગા આવે. અને આ ઉદયસ્થાનનો કાળ જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત આવે. કેમ કે અપર્યાપ્તાવસ્થામાં છે.

અંતર્મુહૂર્ત બાદ લબ્ધિપર્યાપ્તને ૨૮ ના ઉદયસ્થાનમાં શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થવાથી ઉચ્છ્વાસ નામ કર્મ ઉમેરવાથી અથવા ઉદ્યોતનામ કર્મ ઉમેરવાથી વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓના ઉદયવાળું ૪થું ઉદયસ્થાન આવે. અહીં ઉદ્યોતનો ઉદય શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિની પૂર્વે પણ અને પછી પણ થઈ શકે છે. બન્ને વિકલ્પોમાં પૂર્વની જેમ ૬-૬ ઉદયભાંગા આવવાથી કુલ ૧૨ ઉદયભાંગા થાય. આનો કાળ પણ પૂર્વની જેમ જ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત આવે.

અંતર્મુહૂર્ત બાદ લબ્ધિપર્યાપ્તને ઉદ્યોતના ઉદયવાળાને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થવાને લીધે શ્વાસોચ્છ્વાસ નામ કર્મનો ઉદય થવાથી અથવા શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થયેલ ને ઉદ્યોતનો ઉદય થવાથી કે અથવા ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવાને લીધે સ્વરનામ કર્મનો ઉદય થવાથી વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓના ઉદયવાળું ૫મું ઉદયસ્થાન આવે.

બે રીતથી ઉદ્યોતના ઉદયવાળા વિકલ્પમાં ઉપર પ્રમાણે ૬ ઉદયભાંગા આવે. અને ઉદ્યોતના ઉદય વગરના ભાષાપર્યાપ્તિથી પર્યાપ્તના સ્વરના ઉદયવાળા વિકલ્પમાં સ્વરના વિકલ્પથી ૧૨ ઉદયભાંગા આવે. આ રીતે ૩૦ ના ઉદયસ્થાનના કુલ ૧૮ ઉદયભાંગા થાય. તેમાં ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત સ્વરના ઉદયવાળા ૩૦ ના ઉદયસ્થાનનો કાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટ ભવસ્થિતિ જેટલો આવે. કેમ કે પૂર્ણ પર્યાપ્ત થયેલ છે. તથા બે રીતના ઉદ્યોતના ઉદયવાળા વિકલ્પમાં જઘન્ય ઉત્કષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે. કેમ કે હજી ૧ પર્યાપ્તિ પૂર્ણ કરવાની બાકી છે. તેથી અપર્યાપ્તાવસ્થાનો કાળ આવે. અને અંતર્મુહૂર્ત બાદ અવશ્ય (એ ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવાથી) પ્રકૃત ઉદયસ્થાન બદલાય જાય છે.

શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિની જેમ ભાષાપર્યાપ્તિની પૂર્વે અને પછી પણ ઉદ્યોતનો ઉદય થઈ શકે છે. તેથી અંતર્મુહૂર્ત બાદ લબ્ધિપર્યાપ્તને ભાષાપર્યાપ્તિથી પર્યાપ્તને ઉદ્યોતનો ઉદય થવાથી અથવા ભાષાપર્યાપ્તિ અપર્યાપ્તના બે રીતના ઉદ્યોતના ઉદયવાળાને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવાને લીધે સુસ્વર કે દુ:સ્વરનો ઉદય વધવાથી વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૧ પ્રકૃતિઓનું ૬ ઠ્ઠું ઉદયસ્થાન પ્રાપ્ત થાય. અને સ્વરના વિકલ્પથી એના ૧૨ ઉદયભાંગા આવે. અને કાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વના ભાષાપર્યાપ્તના ૩૦ ના ઉદયસ્થાનની જેમ અંતર્મુહૂર્ત ન્યૂન ઉત્કૃષ્ટ ભવસ્થિતિ જેટલો આવે. કેમ કે પૂર્ણ પર્યાપ્ત છે.

આ રીતે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય કુલ ૬ ઉદયસ્થાનો અને એના કુલ ૬૬ ઉદયભાંગા આવે. પરંતુ બેઈન્દ્રિય વગેરેની અલગ અલગ વિવક્ષા કરવામાં આવે તો દરેકના કુલ ૬ - ૬ ઉદયસ્થાનોના કુલ ૨૨-૨૨ ઉદયભાંગાઓ આવે. અને એમાં પણ અપર્યાપ્ત અને પર્યાપ્તના અલગ ગણવામાં આવે તો અપર્યાપ્તના ૨-૨ અને પર્યાપ્તના ૨૦-૨૦ ઉદયભાંગાઓ આવે. એવી રીતે બીજે પણ સમજી લેવું.

## પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય :-

વિગ્રહગતિમાં લબ્ધિઅપર્યાપ્ત કે લબ્ધિપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ધ્રુવોદયી[૧૨], તિર્યંચ[૨] પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત કે અપર્યાપ્ત, સુભગ કે દુર્ભગ, આદેય કે અનાદેય, યશ:કીર્તિ કે અયશ:કીર્તિરૂપ ૨૧ પ્રકૃતિઓનું ૧લું ઉદયસ્થાન આવે. અને તેમાં અપર્યાપ્તને દુર્ભગ, અનાદેય, અયશ:કીર્તિનો જ ઉદય હોવાથી ૧ જ ઉદયભાંગો આવે. અને પર્યાપ્તને દુર્ભગાદિ[૩] વિકલ્પે હોવાથી તેના ૮ ઉદયભાંગા આવે. એટલે કુલ ૯ ઉદયભાંગા થાય. અને આ ઉદયસ્થાન વિગ્રહગતિમાં હોવાના કારણે જઘન્ય ૧ સમય અન ઉત્કૃષ્ટ ૩ સમય કાળ આવે.

વિગ્રહગતિમાં થઈને કે કોઈ ભવાંતરમાંથી સીધા જ અહીં આવતા ભવસ્થ સ્વસ્થાને લબ્ધિઅપર્યાપ્ત કે લબ્ધિપર્યાપ્તને અપર્યાપ્તાવસ્થામાં ૨૧ ના ઉદયસ્થાનમાંથી આનુપૂર્વી બાદ કરતા અને ઔદારિક[૨], ૧ સંઘયણ, ૧ સંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક નામ એમ ૬ ઉમેરવાથી અપર્યાપ્ત કે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિઓનું ૨જું ઉદયસ્થાન આવે. તેમાં અપર્યાપ્તને અશુભ સંઘયણ, સંસ્થાન વગેરે ૧ જ વિકલ્પવાળા હોવાથી ૧ ઉદયભાંગો આવે. અને પર્યાપ્તને સંઘયણ સંસ્થાન ૬-૬માંથી વિકલ્પે હોવાથી અને પૂર્વની જેમ દુર્ભગાદિ[૩] પણ વિકલ્પે હોવાથી ૨૮૮ ઉદયભાંગા આવે. એમ કુલ ૨૮૯ ઉદયભાંગા થાય. પૂર્વની જેમ જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

અંતર્મુહૂર્ત બાદ લબ્ધિપર્યાપ્તને ૨૬ ના ઉદયસ્થાનમાં પરાઘાત અને શુભ કે અશુભ વિહાયોગતિ એમ બે પ્રકૃતિઓ ઉમેરવાથી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓનું ૩જું ઉદયસ્થાન આવે. આ ઉદયસ્થાન પર્યાપ્તને પ્રાપ્ત થાય છે. તેથી ૨૬ ના પર્યાપ્તના જે ૨૮૮ ઉદયભાંગા તે અહીં ડબલ એટલે ૫૭૬ ઉદયભાંગા આવે. કેમ કે અહીં શુભ કે અશુભ વિહાયોગતિનો વિકલ્પ છે. અને આ ઉદયસ્થાનનો કાળ પણ પૂર્વની જેમ જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત આવે.

અંતર્મુહૂર્ત બાદ લબ્ધિપર્યાપ્તને વિકલેન્દ્રિયની જેમ ૨૮ ના ઉદયસ્થાનમાં ઉચ્છ્વાસ કે ઉદ્યોતનો ઉદય વધવાથી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓનું ૪થું ઉદયસ્થાન આવે. પૂર્વની જેમ ૧-૧ વિકલ્પમાં ૫૭૬-૫૭૬ એમ બે વિકલ્પના મળીને કુલ ૧,૧૫૨ ઉદયભાંગા આવે. અને પૂર્વની જેમ જ બન્ને વિકલ્પોમાં જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

અંતર્મુહૂર્ત બાદ લબ્ધિપર્યાપ્તને વિકલેન્દ્રિયની જેમ ૨૯ ના ઉદ્યોતના ઉદયવાળાને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થવાથી કે શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થયેલને ઉદ્યોતનો ઉદય થવાથી અથવા ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવાથી વિકલેન્દ્રિયની જેમ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓનું ૫મું ઉદયસ્થાન પ્રાપ્ત થાય. બે રીતથી ઉદ્યોતના ઉદયવાળા વિકલ્પમાં પૂર્વની જેમ ૫૭૬ ઉદયભાંગા આવે. અને ઉદ્યોતના ઉદય વગરના અને ભાષાપર્યાપ્તિથી પર્યાપ્તના સ્વરના ઉદયવાળા વિકલ્પમાં સ્વરના શુભ-અશુભના વિકલ્પથી ૧,૧૫૨ ઉદયભાંગા આવે. એટલે ૩૦ ના ઉદયસ્થાનના કુલ ૧,૭૨૮ ઉદયભાંગા થાય. બે રીતના ઉદ્યોતના ઉદયવાળાનો કાળ જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત પૂર્વની જેમ આવે અને ભાષાપર્યાપ્તનો જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૩ પલ્યોપમ આવે. કેમ કે ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩ પલ્યોપમની છે.

અંતર્મુહૂર્ત બાદ લબ્ધિપર્યાપ્તને વિકલેન્દ્રિયની જેમ ભાષાપર્યાપ્તને ઉદ્યોતનો ઉદય થવાથી કે બે રીતના ઉદ્યોતના ઉદયવાળાને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવાથી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૧ પ્રકૃતિઓનું ૬ઠ્ઠું ઉદયસ્થાન પ્રાપ્ત થાય. તેના સ્વરના શુભાશુભ વિકલ્પથી ૧,૧૫૨ ઉદયભાંગા અને કરણપર્યાપ્ત થવાથી જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૩ પલ્યોપમ કાળ આવે. કેમ કે પંચેન્દ્રિયતિર્યંચની ઉત્કૃષ્ટભવસ્થિતિ ૩ પલ્યોપમની છે.

આ રીતે પંચેન્દ્રિય તિર્યંચ સામાન્યના કુલ ૬ ઉદયસ્થાન અને એના કુલ ૪,૯૦૬ ઉદયભાંગા આવે.

## ઉત્તર વૈક્રિય શરીરી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય :-

નવું ઉત્તરવૈક્રિય શરીર બનાવતા પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચને શરૂઆતમાં અપર્યાપ્તાવસ્થામાં ધ્રુવોદયી[૧૨], તિર્યંચગતિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિય[૨], સમચતુરસ્રસંસ્થાન, ઉપઘાત, ત્રસ[૪], સુભગ કે દુર્ભગ, આદેય કે અનાદેય, યશઃકીર્તિ કે અયશ:કીર્તિ રૂપ વૈક્રિયશરીરી પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિઓનું ૧લું ઉદયસ્થાન પ્રાપ્ત થાય. અને એના સુભગાદિ[૩] વિકલ્પે હોવાથી ૮ ઉદયભાંગા આવે. જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે. કેમ કે અપર્યાપ્તાવસ્થા છે. આ પણ વિકુર્વણા કરતા કાળ ન કરનાર સ્વભાવિકની અપેક્ષાએ જાણવું. બાકી વૈક્રિયશરીરની વિકુવર્ણા કરતા કાળ કરે તેની હિસાબે જઘન્ય કાળ ૧ સમય આવે. અને તેવી જ રીતે આગળ બતાવતા ૨૭-૨૮-૨૯-૩૦ના ૪ ઉદયસ્થાનોનો પણ જઘન્યકાળ ૧ સમય આવે. અને તે પ્રમાણે કોઠામાં ૧ સમય બતાવેલ છે.

અંતર્મુહૂર્ત બાદ ૨૫ ના ઉદયસ્થાનમાં પરાઘાત અને શુભવિહાયોગતિ ઉદય થવાથી વૈક્રિયશરીરી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૭ પ્રકૃતિઓનું ૨જું ઉદયસ્થાન પ્રાપ્ત થાય. અને એના પણ પૂર્વની જેમ ૮ ઉદયભાંગા અને જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

અંતર્મુહૂર્ત બાદ ૨૭ ના ઉદયસ્થાનમાં ઉદ્યોતનો ઉદય કે ઉચ્છ્વાસપર્યાપ્તિથી પર્યાપ્ત થવાથી ઉચ્છ્વાસનો ઉદય વધવાથી વૈક્રિયશરીરી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓનું ૩જું ઉદયસ્થાન પ્રાપ્ત થાય. અને એના ઉદ્યોતવાળા અને ઉદ્યોત વગરના ૮-૮ ઉદયભાંગા. એમ કુલ ૧૬ ઉદયભાંગા. અને બન્ને વિકલ્પોનો જઘન્ય ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત આવે.

અંતર્મુહર્ત બાદ ૨૮ ના ઉદયસ્થાનના ઉદ્યોતના ઉદયવાળાને ઉચ્છ્વાસપર્યાપ્તિથી પર્યાપ્ત થનારને ઉચ્છ્વાસનો ઉદય કે ઉચ્છ્વાસપર્યાપ્તિથી પર્યાપ્તને ઉદ્યોતનો ઉદય અથવા ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવાથી સ્વરનો ઉદય વધવાથી વૈક્રિયશરીરી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓનું ૪થું ઉદયસ્થાન પ્રાપ્ત થાય. અને ઉદ્યોતના ઉદયવાળા અને ઉદ્યોત ઉદય વગરના એમ ૮-૮ કુલ ૧૬ ઉદયભાંગા આવે. ઉદ્યોતના ઉદયવાળા વિકલ્પનો જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મહૂર્ત કાળ આવે. અને ભાષાપર્યાપ્તનો ઉદ્યોતના ઉદય વગરના વિકલ્પનો જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૪ મુહૂર્તકાળ આવે. કેમ કે ઉત્તર વૈક્રિયશરીરી પંચેન્દ્રિય તિર્યંચનો ૪ મુહૂર્ત ઉત્કૃષ્ટ કાળ છે.

અંતર્મુહૂર્ત બાદ ૨૯ ના ઉદયસ્થાનવાળા ભાષાપર્યાપ્તિથી પર્યાપ્તને ઉદ્યોતનો ઉદય થવાથી કે ઉદ્યોતના ઉદયવાળાને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવાથી બન્ને રીતે ઉદ્યોતના ઉદયવાળા વૈક્રિયશરીરી પંચેન્દ્રિયતિર્યંચ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓનું ૫મું ઉદયસ્થાન આવે. અને એના પૂર્વની જેમ ૮ ઉદયભાંગા આવે. અને એનો કાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૪ મુહૂર્ત આવે. ઉત્તરવૈક્રિય શરીરી પંચેન્દ્રિય તિર્યંચને જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ તેટલો છે.

આ રીતે ઉત્તરવૈક્રિય શરીરી પંચેન્દ્રિયતિર્યંચના કુલ ૫ ઉદયસ્થાન, અને એના કુલ ૫૬ ઉદયભાંગા આવે.

સામાન્ય રીતે ચારે પ્રકારના તિર્યંચ પ્રાયોગ્યના કુલ ૯ ઉદયસ્થાનના કુલ ૫,૦૭૦ ઉદયભાંગા થાય.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **તે આ પ્રમાણે :-** | એકેન્દ્રિય | " | " | ૫ | " | " | ૪૨ | " | " |
| | વિકલેન્દ્રિય | " | " | ૬ | " | " | ૬૬ | " | " |
| | પંચેન્દ્રિય તિર્યંચ | " | " | ૬ | " | " | ૪,૯૦૬ | " | " |
| વૈક્રિયશરીરી | પંચેન્દ્રિય તિર્યંચ | " | " | ૫ | " | " | ૫૬ | " | " |

એ રીતે બધા મળીને ૫,૦૭૦ ઉદયભાંગા તિર્યંચગતિ પ્રાયોગ્ય કુલ ૯ ઉદયસ્થાનોના થાય. **તે આ રીતે :-**

| કુલ | ←ઉદયસ્થાન→અનુક્રમ→ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | કુલ ઉદયભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ↓પ્રાયોગ્ય→પ્રકૃતિસંખ્યા→ | ૨૧ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ↓ |
| ૫ | એકેન્દ્રિય | ૫ | ૧૧ | ૭ | ૧૩ | ૬ | | | | | ← ૪૨ |
| ૬ | વિકલેન્દ્રિય | ૯ | | | ૯ | | ૬ | ૧૨ | ૧૮ | ૧૨ | ← ૬૬ |
| ૬ | પંચેન્દ્રિય તિર્યંચ | ૯ | | | ૨૮૯ | | ૫૭૬ | ૧,૧૫૨ | ૧,૭૨૮ | ૧,૧૫૨ | ← ૪,૯૦૬ |
| ૫ | વૈક્રિયશરીરી પંચે.તિર્યંચ | | | ૮ | | ૮ | ૧૬ | ૧૬ | ૮ | | ← ૫૬ |
| | તિર્યંચગતિ પ્રાયોગ્ય કુલ ઉદયભાંગા→ | ૨૩ | ૧૧ | ૧૫ | ૩૧૧ | ૧૪ | ૫૯૮ | ૧,૧૮૦ | ૧,૭૫૪ | ૧,૧૬૪ | ←↑૫,૦૭૦ |

આ પ્રમાણે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયતિર્યંચ અને ઉત્તર વૈક્રિય શરીરી પંચેન્દ્રિયના બધા અલગ અલગ બતાવેલ ઉદયસ્થાનો અને ઉદયભંગો બધા ભેગા કરતા એકંદર તિર્યંચગતિ પ્રાયોગ્ય કુલ ૯ ઉદયસ્થાન અને કુલ ૫,૦૭૦ ઉદયભાંગા આવે. જે અહીં ઉપર કોઠામાં બતાવેલ છે.

## મનુષ્યગતિ પ્રાયોગ્ય :-

વિગ્રહગતિમાં લબ્ધિઅપર્યાપ્ત કે લબ્ધિપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ધ્રુવોદયિ[૧૨], મનુષ્ય[૨], પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત કે અપર્યાપ્ત, સુભગ કે દુર્ભગ, આદેય કે અનાદેય યશઃકીર્તિ કે અયશઃકીર્તિરૂપ મનુષ્યગતિ પ્રાયોગ્ય ૨૧ પ્રકૃતિઓનું ૧લું ઉદયસ્થાન આવે. અને તેમાં અપર્યાપ્તને દુર્ભગ, અનાદેય, અયશઃકીર્તિનો જ ઉદય હોવાથી ૧ જ ઉદયભાંગો આવે. અને પર્યાપ્તને દુર્ભગાદિ[૩]નો વિકલ્પ હોવાથી તેના ૮ ઉદયભાંગા આવે. આમ કુલ ૯ ઉદયભાંગા

પંચેન્દ્રિયતિર્યંચની માફક થાય. અને આ ઉદયસ્થાન વિગ્રહગતિમાં હોવાથી વિગ્રહગતિને આશ્રયીને આ ઉદયસ્થાનનો કાળ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૩ સમય આવે.

વિગ્રહગતિમાં થઈને કે ભવાંતરમાંથી સીધા જ અહીં આવતા ભવસ્થ સ્વસ્થાને લબ્ધિઅપર્યાપ્ત કે લબ્ધિપર્યાપ્તને અપર્યાપ્તાવસ્થામાં ૨૧ ના ઉદયસ્થાનમાંથી આનુપૂર્વી બાદ કરીને ઔદારિક², ૧ સંઘયણ, ૧ સંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક નામ એમ ૬ પ્રકૃતિઓ ઉમેરતા મનુષ્યપ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિઓનું ૨૬નું ઉદયસ્થાન પ્રાપ્ત થાય. અને એના પંચેન્દ્રિયતિર્યંચની જેમ કુલ ૨૮૯ ઉદયભાંગા અને જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

અંતર્મુહૂર્ત બાદ પંચેન્દ્રિય તિર્યંચની માફક લબ્ધિપર્યાપ્તને ૨૬ ના ઉદયસ્થાનમાં પરાઘાત અને વિહાયોગતિ ઉમેરતા મનુષ્યપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓનું ૩જું ઉદયસ્થાન, અને એના વિહાયોગતિના વિકલ્પથી ૫૭૬ ઉદયભાંગા. અને જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

ત્યાર પછી અંતર્મુહૂર્ત બાદ લબ્ધિપર્યાપ્તને ૨૮ ના ઉદયસ્થાનમાં ઉચ્છ્‌વાસ પર્યાપ્તિ પૂર્ણ થવાથી ઉચ્છ્‌વાસ નામ કર્મ ઉમેરતા મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓનું ૪થું ઉદયસ્થાન અને એના ૨૮ ના ઉદયસ્થાનની જેમ ૫૭૬ ઉદયભાંગા. અને જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

ત્યાર પછી અંતર્મુહૂર્ત બાદ લબ્ધિપર્યાપ્તને ૨૯ ના ઉદયસ્થાનમાં ભાષા પર્યાપ્તિ પૂર્ણ થવાના કારણે સ્વર ઉમેરતા મનુષ્યગતિ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓનું ૫મું ઉદયસ્થાન અને સુસ્વર/દુ:સ્વરના વિકલ્પથી એના ૧,૧૫૨ ઉદયભાંગા આવે. અને કાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતમુહૂર્ત ન્યૂન ૩ પલ્યોપમ આવે. કેમ કે પર્યાપ્ત મનુષ્યની જઘન્ય ભવસ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૩ પલ્યોપમની છે.

આ રીતે મનુષ્યગતિ સામાન્ય પ્રાયોગ્ય કુલ ૫ ઉદયસ્થાન અને એના કુલ ૨,૬૦૨ ઉદય-ભાંગા છે.

### ઉત્તર વૈક્રિય શરીરી મનુષ્ય પ્રાયોગ્ય :-

નવું ઉત્તર વૈક્રિય શરીર બનાવતા પર્યાપ્ત મનુષ્યને બધું જ ઉત્તર વૈક્રિય શરીરી પંચેન્દ્રિય તિર્યંચની જેમ જ આવે. ફકત તિર્યંચગતિને બદલે મનુષ્યગતિ આવે. અને ઉદ્યોતના ઉદયવાળા ૨૮,૨૯,૩૦ ઉદયસ્થાનોમાં મનુષ્યને સુભગ, આદેય, યશ:કીર્તિનો જ ઉદય હોવાથી ૮-૮ ઉદયભાંગાને બદલે ૧-૧ જ ઉદયભાંગો આવે. તેથી કુલ ૫૬ ને બદલે ૩૫ ઉદયભાંગા થાય.

### આહારક શરીરી મનુષ્ય પ્રાયોગ્ય :-

આહારક શરીરી મનુષ્યને બધું જ ઉત્તર વૈક્રિય શરીરી મનુષ્યની જેમ જ સમજવું. પરંતુ અહીં વૈક્રિય² ને બદલે આહારક² આવે. અને ઉદ્યોત ઉદય વગરના ૨૫,૨૭,૨૮,૨૯ એ ૪ ઉદયસ્થાનમાં પણ સુભગ, આદેય, યશ:કીર્તિનો જ ઉદય હોવાથી ૮-૮ ઉદયભાંગાને બદલે ૧-૧ જ ઉદયભાંગો આવે. તેથી કુલ ૭ ઉદયભાંગા થાય. અને ઉદ્યોતના ઉદય વગરના ૨૯ ના ઉદયસ્થાનનો અને ઉદ્યોતના ઉદય સહિતના ૩૦ ના ઉદયસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ પણ અંતર્મુહૂર્ત જ આવે. પરંતુ ઉત્તરવૈક્રિય શરીરી મનુષ્યની જેમ ૪-૪ મુહૂર્ત ન આવે. કેમ કે આહારક શરીર અંતર્મુહૂર્તથી વધારે ટકતું નથી.

જિન નામના ઉદય વગરના સામાન્ય કેવલિ ભગવંતને ૧૪ મા ગુણસ્થાનની અયોગ્યવસ્થામાં ઉદયવતી મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ³, સુભગ, આદેય અને યશ:કીર્તિરૂપ સામાન્ય કેવલી પ્રાયોગ્ય ૮ પ્રકૃતિઓનું ૧લું

ઉદયસ્થાન આવે. અને અહીં બધુ જ શુભ હોવાથી ૧ જ ઉદયભાંગો આવે. અને એનો કાળ ૧૪મા ગુણસ્થાનના કાળ જેટલો પાંચહ્રસ્વાક્ષર આવે.

આ ૮ના ઉદયસ્થાનમાં ધ્રુવોદયિ૧૨ ઉમેરતા કેવલી સમુદ્ઘાતના ૩-૪-૫ સમયના કાર્મણ કાયયોગ વખતે સામાન્ય કેવલિ પ્રાયોગ્ય ૨૦ પ્રકૃતિઓનું ૨જું ઉદયસ્થાન આવે. અને આનો પણ ૧ જ વિકલ્પ હોવાથી ૧ જ ઉદયભાંગો આવે. અને કાળ જઘન્ય ઉત્કૃષ્ટ ૩ સમય આવે. કેમ કે કેવલિ સમુદ્ઘાતના ૩-૪-૫ સમયે જ આ ઉદયસ્થાન છે.

આ ૨૦ ના ઉદયસ્થાનમાં ઔદારિક૨, ૧લું સંઘયણ, કોઈ ૧સંસ્થાન, પ્રત્યેક અને ઉપઘાત ઉમેરાતા કેવલિ સમુદ્ઘાતના ૨જા, ૬ઠ્ઠા, ૭મા સમયના ઔદારિક મિશ્ર કાયયોગના વખતે સામાન્ય કેવલિ પ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિઓનું ૩જું ઉદયસ્થાન આવે. અને એના ૬ સંસ્થાનના વિકલ્પથી ૬ ઉદયભાંગા આવે. અને ૨જા સમયની અપેક્ષાએ જઘન્ય ૧ સમય અને ૬ઠ્ઠા-૭મા સમયની અપેક્ષાએ ઉત્કૃષ્ટ ૨ સમય કાળ આવે.

આ ૨૬ ના ઉદયસ્થાનમાં પરાઘાત, ઉચ્છ્વાસ, વિહાયોગતિ અને સ્વર ઉમેરાતા સ્વસ્થાનમાં રહેલ ૧૩મા ગુણસ્થાનવાળા સ્વભાવસ્થ તથા કેવલિ સમુદ્ઘાતના ૧લે ૮મે સમયે રહેલ સામાન્ય કેવલિ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓનું ૪થું ઉદયસ્થાન આવે. અને તેમાં વિહાયોગતિ અને સ્વરના શુભાશુભ વિકલ્પથી ૨૪ ઉદયભાંગા આવે. અને એનો સયોગિકેવલિની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટી વર્ષ કાળ આવે.

૩૦ ના ઉદયસ્થાનમાં સ્વરનિરોધ કરતા સામાન્ય કેવલિ પ્રાયોગ્ય૨૯ પ્રકૃતિઓનું ૫મું ઉદયસ્થાન સ્વરનિરોધકાળે આવે. તેમાં સ્વરનો નિરોધ થયેલ હોવાથી તેના વિના સંસ્થાન અને વિહાયોગતિની અપેક્ષાએ ૧૨ ઉદયભાંગા આવે. અને જઘન્ય તથા ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત આવે.

ત્યાર પછી અંતર્મુહૂર્ત બાદ ઉચ્છ્વાસનો પણ નિરોધ કરતા સામાન્ય કેવલિ પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓનું ૬ઠ્ઠું ઉદયસ્થાન આવે અને એના પૂર્વની જેમ ૧૨ ઉદયભાંગા આવે. અને એનો પણ જઘન્ય તથા ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

આ રીતે આ સામાન્ય કેવલિ પ્રાયોગ્ય કુલ ૬ ઉદયસ્થાન અને કુલ ૫૬ ઉદયભાંગા છે. પરંતુ તેમાં સામાન્ય મનુષ્ય કરતા નવા ૮,૨૦ના પહેલા બે જ ઉદયસ્થાનો અને એના ૨ જ ઉદયભાંગા નવા આવેલ છે. બાકીના ૪ ઉદયસ્થાનો અને એના ૫૪ ઉદયભંગોનો સામાન્ય મનુષ્ય પ્રાયોગ્ય ઉદયસ્થાનોમાં અને ઉદયભંગોમાં સમાવેશ થઈ જાય છે. તેથી તેના ઉદયસ્થાનો અને ઉદયભંગો અલગ ગણવાના નથી.

સામાન્ય કેવલિ પ્રાયોગ્યના છ એ ઉદયસ્થાનોમાં જિન નામ ઉમેરતા અનુક્રમે ૯,૨૧,૨૭,૩૧,૩૦,૨૯ પ્રકૃતિઓના ઉદયવાળા ૬ ઉદયસ્થાનો તીર્થંકર કેવલિ ભગવંત પ્રાયોગ્ય આવે. અને છ એ ઉદયસ્થાનો જિન નામ સહિતના નવા હોવાથી સામાન્ય મનુષ્ય પ્રાયોગ્યના ઉદયસ્થાનોમાં અને એના ઉદયભંગોમાં આ છ એ ઉદયસ્થાનોનો અને એના ઉદયભંગોનો સમાવેશ થતો નથી. તીર્થંકર પરમાત્માને અસ્થિર, અશુભ અને ઉપઘાત વિના બાકી બધી શુભ જ પ્રકૃતિઓનો ઉદય હોવાથી ૧ જ વિકલ્પ હોવાથી છ એ ઉદયસ્થાનોમાં ૧-૧ જ ઉદયભંગો આવે. એથી કુલ ૬ ઉદયભાંગા થાય. છ એ ઉદયસ્થાનનો કાળ સામાન્ય કેવલિ પ્રાયોગ્ય ઉદયસ્થાનો જેટલો જ જાણવો.

આ રીતે સામાન્ય કેવલિ પ્રાયોગ્ય ૨ ઉદયસ્થાન અને એના ૨ ઉદયભાંગા અને તીર્થંકર કેવલિ પ્રાયોગ્ય ૬ ઉદયસ્થાન અને એના ૬ ઉદયભાંગા મળીને કેવલી પ્રાયોગ્ય કુલ ૮ ઉદયસ્થાન અને એના કુલ ૮ ઉદયભાંગા આવે.

આ પ્રમાણે સામાન્ય, ઉત્તર વૈક્રિય શરીરી, આહારક શરીરી અને કેવલિ પ્રાયોગ્યના મળીને મનુષ્ય પ્રાયોગ્યના કુલ ૧૧ ઉદયસ્થાનો અને એના કુલ ૨,૬૫૨ ઉદયભાંગા થાય. **તે આ પ્રમાણે :-**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સામાન્ય મનુષ્ય | પ્રાયોગ્ય | કુલ ૫ | ઉદયસ્થાનના | કુલ | ૨,૬૦૨ | ઉદયભાંગા | થાય. |
| ઉત્તર વૈક્રિય શરીરી મનુષ્ય | " | " ૫ | " | " | ૩૫ | " | " |
| આહારક શરીરી મનુષ્ય | " | " ૫ | " | " | ૭ | " | " |
| કેવલિ ભગવંત | " | " ૮ | " | " | ૮ | " | " |

એ રીતે બધા મળીને ૨,૬૫૨ ઉદયભાંગા મનુષ્યગતિ પ્રાયોગ્ય કુલ ૧૧ ઉદયસ્થાનોના થાય. **તે આ રીતે:-**

| કુલ | ←ઉદયસ્થાન→અનુક્રમ→ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | કુલ ઉદયભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | ↓પ્રાયોગ્ય→પ્રકૃતિસંખ્યા→ | ૮ | ૯ | ૨૦ | ૨૧ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ↓ |
| ૫ | સામાન્ય મનુષ્ય | | | | ૯ | | ૨૮૯ | | ૫૭૬ | ૫૭૬ | ૧,૧૫૨ | | ← ૨,૬૦૨ |
| ૫ | ઉત્તર વૈક્રિય શરીરી મનુષ્ય | | | | | ૮ | | ૮ | ૯ | ૯ | ૧ | | ← ૩૫ |
| ૫ | આહારક શરીરી મનુષ્ય | | | | | ૧ | | ૧ | ૨ | ૨ | ૧ | | ← ૭ |
| ૮ | કેવલિ ભગવંત | ૧ | ૧ | ૧ | ૧ | | | ૧ | | ૧ | ૧ | ૧ | ← ૮ |
| મનુષ્યગતિ પ્રાયોગ્ય કુલ ઉદયભાંગા → | | ૧ | ૧ | ૧ | ૧૦ | ૯ | ૨૮૯ | ૧૦ | ૫૮૭ | ૫૮૮ | ૧,૧૫૫ | ૧ | ←↑૨,૬૫૨ |

## દેવ પ્રાયોગ્ય :-

વિગ્રહગતિમાં ધ્રુવોદયી[૧૨], દેવ[૨], પંચેન્દ્રિયજાતિ, ત્રસ[3], સુભગ કે દુર્ભગ, આદેય કે અનાદેય યશઃકીર્તિ કે અયશઃકીર્તિરૂપ દેવપ્રાયોગ્ય ૨૧ પ્રકૃતિઓનું ૧લું ઉદયસ્થાન આવે. અને એના સુભગાદિ[3] ના વિકલ્પથી ૮ ઉદયભાંગા આવે. અને વિગ્રહગતિની અપેક્ષાએ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૨ સમય કાળ આવે.

વિગ્રહગતિમાં થઈને કે ભવાન્તરમાંથી સીધા જ અહીં આવતા ભવસ્થ સ્વસ્થાને અપર્યાપ્તાવસ્થામાં ૨૧ના ઉદયસ્થાનમાંથી આનુપૂર્વી બાદ કરતા અને વૈક્રિય[૨], સમચતુરસ્રસંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક નામ કર્મ એમ ૬ પ્રકૃતિઓ ઉમેરતા દેવ પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિઓનું ૨જું ઉદયસ્થાન આવે. અને પૂર્વની જેમ એના ૮ ઉદયભાંગા અને જઘન્ય તથા ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

ત્યાર પછી અંતર્મુહૂર્ત બાદ ૨૫ ના ઉદયસ્થાનમાં પરાઘાત અને શુભવિહાયોગતિ ઉમેરાતા દેવપ્રાયોગ્ય ૨૭ પ્રકૃતિઓનું ૩જું ઉદયસ્થાન અને પૂર્વની જેમ જ ૮ ઉદયભાંગા તથા જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

ત્યાર પછી અંતર્મુહૂર્ત બાદ ૨૭ ના ઉદયસ્થાનમાં ઉચ્છ્વાસ કે ઉદ્યોતનો ઉમેરો થવાથી ૨ પ્રકારનું દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓનું ૪થું ઉદયસ્થાન આવે અને બન્ને પ્રકારમાં ૮-૮ ઉદયભાંગા તેથી કુલ ૧૬ ઉદયભાંગા અને બન્ને પ્રકારમાં જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

ત્યાર પછી અંતર્મુહૂર્ત બાદ ૨૮ ના ઉદયસ્થાનમાં ઉચ્છ્વાસવાળાને ઉદ્યોતનો કે ઉદ્યોતવાળાને ઉચ્છ્વાસનો ઉદય વધવાથી બન્ને રીતના ઉદ્યોતના ઉદયવાળા તેમ જ ઉદ્યોતના ઉદય વગરના ઉચ્છ્વાસના ઉદયવાળાને સુસ્વરનો ઉદય વધવાથી દેવપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓનું ૫મું ઉદયસ્થાન આવે. ઉદ્યોતના ઉદયવાળાને ૮ અને ઉદ્યોત ઉદય વગરના ભાષાપર્યાપ્તને ૮ એમ કુલ ૧૬ ઉદયભાંગા આવે. બન્ને રીતના ઉદ્યોતના ઉદયવાળા વિકલ્પમાં પૂર્વની જેમ જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે. કેમ કે અપર્યાપ્તાવસ્થા છે. અને ઉદ્યોતના ઉદય વગરના ભાષાપર્યાપ્તને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમ આવે. કેમ કે અંતર્મુહૂર્ત બાદ ઉદ્યોતનો ઉદય થવાની અપેક્ષાએ જઘન્ય કાળ અને ઉદ્યોતનો ઉદય ન થનાર કરણપર્યાપ્ત અનુત્તરદેવની અપેક્ષાએ ઉત્કૃષ્ટ કાળ આવે.

ત્યાર પછી અંતર્મુહૂર્ત બાદ ભાષાપર્યાપ્તને ઉદ્યોતનો ઉદય કે ઉદ્યોતના ઉદયવાળાને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવાથી સુસ્વરનો ઉદય વધવાથી દેવ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓનું ૬ઠ્ઠું ઉદયસ્થાન આવે. અને એના પૂર્વની જેમ જ ૮ ઉદયભાંગા આવે.

અને જઘન્ય કાળ અંતર્મુહૂર્ત આવે. ઉત્કૃષ્ટ કાળ ૧૫ દિવસ આવે. કેમ કે દેવતાને ઉદ્યોતનો ઉદય ઉત્તરવૈક્રિય શરીરી વખતે હોય. અને ઉત્તર વૈક્રિય શરીરનો દેવતાને જઘન્ય કાળ અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટ કાળ ૧૫ દિવસનો છે.

અહીં ઉત્તર વૈક્રિય શરીરની વિકુર્વણા કરતા કાળ કરનારની અપેક્ષાએ ૨૫-૨૭-૨૮-૨૯-૩૦ના પાંચે દેવ પ્રાયોગ્ય ઉદયસ્થાનોનો જઘન્ય કાળ ૧ સમય આવે. કાળ નહિ કરતા સ્વભાવિકની અપેક્ષાએ અંતર્મુહૂર્ત કાળ અહીં અને કોઠામાં બતાવેલ છે. એવી જ રીતે નરકમાં પણ જાણવું.

આ રીતે દેવ પ્રાયોગ્ય કુલ ૬ ઉદયસ્થાનો અને એના કુલ ૬૪ ઉદયભાંગા થાય.

**નરક પ્રાયોગ્ય :-**

વિગ્રહગતિમાં ધ્રુવોદયિ[૧૨], નરક[૨], પંચેન્દ્રિયજાતિ, ત્રસ[૩], દુર્ભગ, અનાદેય, અયશઃકીર્તિરૂપ નરક પ્રાયોગ્ય ૨૧ પ્રકૃતિઓનું ૧લું ઉદયસ્થાન આવે. (ધ્રુવોદયિ અને ધ્રુવોદયિપ્રાયઃ શુભ (પણ અશુભ જેવી) પ્રકૃતિઓને છોડીને બાકી શક્ય બધી અશુભ જ પ્રકૃતિઓનો જ ઉદય થવાથી) અને એનો ૧ જ વિકલ્પ હોવાથી ૧ જ ઉદયભાંગો આવે. વિગ્રહગતિના કારણે જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૨ સમય કાળ આવે.

વિગ્રહગતિમાં થઈને કે ભવાંતરમાંથી સીધો જ અહીં આવતા ભવસ્થ સ્વસ્થાને અપર્યાપ્તાવસ્થામાં ૨૧ ના ઉદયસ્થાનમાંથી આનુપૂર્વી બાદ કરતા અને વૈક્રિય[૨], હુંડક સંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક નામ કર્મની પ્રકૃતિઓ ઉમેરાતા નરક પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિઓનું ૨જું ઉદયસ્થાન આવે. પૂર્વની જેમ અહીં પણ ૧ જ વિકલ્પ હોવાથી ૧ જ ઉદયભાંગો આવે. અને આ અવસ્થા જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી હોવાથી આ ઉદયસ્થાનનો જઘન્ય ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત આવે.

ત્યાર પછી અંતર્મુહૂર્ત બાદ આ ૨૫ ના ઉદયસ્થાનમાં શરીર પર્યાપ્તિથી પર્યાપ્તને પરાઘાત અને કુખગતિનો ઉદય વધતા નરક પ્રાયોગ્ય ૨૭ પ્રકૃતિઓનું ૩જું ઉદયસ્થાન આવે. પૂર્વની જેમ અહીં પણ ૧ જ ઉદયભાંગો આવે. અને અપર્યાપ્તાવસ્થા હોવાથી પૂર્વોક્ત પદ્ધતિ અનુસારે જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

ત્યાર પછી અંતર્મુહૂર્ત બાદ આ ૨૭ ના ઉદયસ્થાનમાં ઉચ્છ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્તને ઉચ્છ્વાસનો ઉદય ઉમેરાતા નરક પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓનું ૪થું ઉદયસ્થાન આવે. અને પૂર્વોક્ત પદ્ધતિથી ૧ ઉદયભાંગો અને જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ આવે.

ત્યાર પછી અંતર્મુહૂર્ત બાદ આ ૨૮ ના ઉદયસ્થાનમાં ભાષાપર્યાપ્તિથી પર્યાપ્તને દુઃસ્વરનો ઉદય વધવાના કારણે નરક પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓનું ૫મું ઉદયસ્થાન આવે. અને એનો ૧ ઉદયભાંગો આવે. અને જઘન્ય કાળ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમ આવે.

આ રીતે નરક પ્રાયોગ્ય કુલ ૫ ઉદયસ્થાનો અને એના કુલ ૫ ઉદયભાંગા આવે.

આ પ્રમાણે એકેન્દ્રિયથી માંડીને નરક સુધીના કુલ ૮ થી માંડીને ૩૧ સુધીના ૧૨ ઉદયસ્થાનોના કુલ ૭,૭૯૧ ઉદયભાંગા થાય. અને તે બધા અલગ અલગ કોઠાઓમાં અને એક સાથે ૧ કોઠામાં બતાવામાં આવ્યા છે. જે જોવાથી સ્પષ્ટ સમજાય તેમ છે.

પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, દેવ અને ઉત્તર વૈક્રિય શરીરીઓને મતાન્તરે દુર્ભગ સાથે અનાદેયનો જ સુભગ સાથે આદેયનો જ ઉદય માનેલ છે. તેથી તે મતે ત્યાં ત્યાં બતાવેલ ઉદયભાંગાઓ કરતા અરધા અરધા ઉદયભાંગાઓ આવે. તે હિસાબે કુલ ૩,૯૬૩ ઉદયભાંગાઓ થાય. અને તે પણ તે તે સ્થાને બતાવેલ છે.

**નામ કર્મના સત્તાસ્થાનોના કોઠાનું વિવેચન :-**

**નામ કર્મના સત્તાસ્થાનોનું સ્વરૂપ, તેના સ્વામીઓ અને ગુણસ્થાનો તથા કાળ :-**

સર્વપ્રકૃતિરૂપ ૯૩ પ્રકૃતિઓનું ૧લું સત્તાસ્થાન. આ સત્તાસ્થાન શરૂઆતમાં મનુષ્યને જ હોય. કેમ કે જિન નામનો નૂતન બંધ મનુષ્યગતિ સિવાય થતો નથી. જિન નામની સત્તાવાળો તિર્યંચગતિમાં જાય નહીં. અને જિન નામ અને આહારક૪ ની યુગપત્સત્તાવાળો નરકગતિમાં અને ૧લે ગુણસ્થાને જાય નહીં. જિન નામ અને આહારક૪ ની યુગપત્સત્તાવાળો મનુષ્યમાંથી દેવલોકમાં જ જાય છે. તેથી ૯૩નું સત્તાસ્થાન ફકત ૨ જ ગતિમાં પ્રાપ્ત થાય છે. ૪થા ગુણસ્થાનથી માંડીને ઉપશમશ્રેણીની અપેક્ષાએ ૧૧મા ગુણસ્થાન સુધી અને ક્ષપકશ્રેણીની અપેક્ષાએ ૯મા ગુણસ્થાનના ૧લા ભાગ સુધી પ્રાપ્ત થાય. અને તેનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત આવે. કેમ કે ૮૯ ની સત્તાવાળો આહારક૪ બાંધી અંતર્મુહૂર્તમાં ક્ષપકશ્રેણી માંડે ત્યારે ૯૩ ના સત્તાસ્થાનનો જઘન્ય કાળ ✱અંતર્મુહૂર્ત મળે. આહારક૪ બાંધ્યા પછી ઓછામાં ઓછા અંતર્મુહૂર્ત બાદ જ ક્ષપકશ્રેણીમાં તેનો ક્ષય થઈ શકે છે. તે પહેલા નહીં. તેથી આનાથી ઓછો કાળ પ્રાપ્ત ન થાય. ઉત્કૃષ્ટ કાળ પલ્યોપમનો અસંખ્યાત ભાગ આવે. કારણ કે પલ્યોપમનો અસંખ્યાત ભાગ જેટલો કાળ પસાર થયે છતે અવશ્ય આહારક૪ ની ઉદ્વલના થઈ જાય છે.

જિન નામ વિના ૯૨ પ્રકૃતિઓનું ૨જું સત્તાસ્થાન. આ સત્તાસ્થાનવાળા જીવો ચારે ગતિમાં જતા હોવાથી ચારે ગતિમાં આ સત્તાસ્થાન પ્રાપ્ત થાય છે. ૧લા ગુણસ્થાનથી માંડીને ૧૧મા ગુણસ્થાન સુધી પ્રાપ્ત થાય છે. કેમ કે આ સત્તાસ્થાનવાળા નીચે બધા ગુણસ્થાનોમાં જાય છે. તેમ જ ઉપશમશ્રેણીની અપેક્ષાએ ૪થા ગુણસ્થાનથી ૧૧ ગુણસ્થાનો સુધી અને ક્ષપકશ્રેણીના હિસાબે ૪થા ગુણસ્થાનથી ૯મા ગુણસ્થાનના ૧લા ભાગ સુધી મળે છે. આ સત્તાસ્થાનનો જઘન્ય કાળ ૧ સમય આવે. કેમ કે ૯૨ ની સત્તાવાળો થયા બાદ ૧ સમય બાદ તુરત જ નૂતન જિન નામ બાંધવાનું શરૂ કરે. એટલે ૯૩ ની સત્તાવાળો થાય. એ હિસાબે ૯૨ ની સત્તાસ્થાનનો જઘન્ય કાળ આવે. અને ઉત્કૃષ્ટ કાળ પલ્યોપમનો અસંખ્યાત ભાગ પ્રમાણ આવે. કેમ કે ૯૩ ની સત્તાસ્થાનની જેમ પલ્યોપમના અસંખ્ય ભાગ ગએ છતે આહારક૪ ની ઉવેલના થતા ૮૮નું સત્તાસ્થાન આવી જાય છે.

આહારક૪ વિના ૮૯ પ્રકૃત્તિઓનું ૩જું સત્તાસ્થાન. આ સત્તાસ્થાન જિન નામની સત્તાવાળાને હોવાથી આ સત્તાસ્થાનવાળો તિર્યંચગતિમાં જતો નથી તેથી તે સિવાય બાકીની ૩ ગતિમાં આ સત્તાસ્થાન પ્રાપ્ત થાય છે. ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ બદ્ધનરકાયુષ્ક જિનનામની સત્તાવાળાની અપેક્ષાએ ૮૯નો આ સત્તાસ્થાન જેમ નરકગતિમાં પ્રાપ્ત થાય છે. તેવી રીતે ૧લે ગુણસ્થાને પણ પ્રાપ્ત થાય છે. તેથી ૧લે ગુણસ્થાને અને ઉપશમશ્રેણીની અપેક્ષાએ ૪થા થી ૧૧મા ગુણસ્થાન સુધી અને ક્ષપકશ્રેણીની અપેક્ષાએ ૪થી ૯મા ગુણસ્થાનના ૧લા ભાગ સુધી આ સત્તાસ્થાન પ્રાપ્ત થાય. આનો જઘન્ય કાળ ૮૮ની સત્તાવાળો નૂતન જિનનામ બાંધી ૮૯ની સત્તાવાળો ૧ સમય થઈ તરત જ ૨જે સમયે નૂતન આહારક૪ બાંધી ૯૩ની સત્તાવાળો થાય. તેની અપેક્ષાએ ૧ સમય આવે. નરકની અપેક્ષાએ સાધિક ૮૪,૦૦૦ વર્ષ✻. અને આગળ પાછળ પૂર્વકોટી વર્ષાયુષ્યવાળા ૨ મનુષ્યભવ સહિત ૩૩ સાગરોપમવાળા અનુત્તરદેવની અપેક્ષાએ ઉત્કૃષ્ટ કાળ દેશોન ૨ પૂર્વકોટી વર્ષ અધિક ૩૩ સાગરોપમ આવે✡.

---

**ટિપ્પણ :-** ✱ જો ૯૨ની સત્તાવાળો અવિરત સમ્યગ્દષ્ટિ આહારક૪ને ઉવેલતા ૧ સમય બાકી હોય અને નૂતન જિનનામ બાંધે તો ૧ સમય ૯૩ની સત્તાવાળો થઈ ૨જે સમયે ૮૯ની સત્તાવાળો થાય. તો તેની અપેક્ષાએ ૯૩ના સત્તાસ્થાનનો જઘન્યકાળ ૧ સમય આવે. તત્ત્વ કેવલિગમ્ય.

✻ મતાન્તરે જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ. ✡ મતાન્તરે ઉત્કૃષ્ટ દેશોન ૧ ક્રોડ ૮૪ લાખ પૂર્વ વર્ષ અધિક ૩૩ સાગરોપમ.

આહારક$^4$ અને જિન નામ વિના ૮૮ પ્રકૃતિઓનું ૪થું સત્તાસ્થાન. આ સત્તાસ્થાન ૯૨ ના સત્તાસ્થાનની જેમ ચારે ગતિમાં અને ૧ થી ૧૧ ગુણસ્થાન સુધી અને ક્ષપકશ્રેણીના હિસાબે ૯/૧ ગુણસ્થાન સુધી હોય. તેનો જઘન્ય કાળ ટૂંક સમયમાં ૮૮ ની સત્તાવાળો થઈ ૮ વર્ષની ઉંમરે દીક્ષા પ્રાપ્ત કરી યથા શીઘ્ર ક્ષપકશ્રેણી માંડનારની અપેક્ષાએ સાધિક ૮ વર્ષ આવે. કેમ કે નરક$^2$ કે દેવ$^2$ ની ઉદ્‌વલના કરી ૮૬ સત્તાસ્થાનવાળો થાય ત્યારે તેને ૮૮નું સત્તાસ્થાન પલ્યોપમનો અસંખ્ય ભાગ સુધી જઘન્યથી હોય. અને આહારક$^4$ બાંધીને ૯૨ ના સત્તાસ્થાનવાળો થનાર પણ ૮ વર્ષની ઉંમરે દીક્ષા લઈ યથાશીઘ્ર આહારક$^4$ ને બાંધે ત્યારે તેની અપેક્ષાએ પણ સાધિક ૮ વર્ષનો જ જઘન્ય કાળ ૮૮ ના સત્તાસ્થાનનો પ્રાપ્ત થાય. તેવી જ રીતે ટૂંકમાં ૮૮ સત્તાસ્થાનવાળો થયેલ ૮ વર્ષ બાદ જ જિન નામ બાંધીને ૮૯ ના સત્તાસ્થાનવાળો થાય છે. તેથી તેની અપેક્ષાએ પણ ૮૮ ના સત્તાસ્થાનનો જઘન્ય કાળ સાધિક ૮ વર્ષ જ આવે. પણ આ રીતે એનાથી ઓછો ન આવે. પરંતુ ૯૨ના સત્તાસ્થાનવાળો અવિરત સમ્યગ્દષ્ટિ આહારક$^4$ ને ઉવેલીને ૮૮ના સત્તાસ્થાનવાળો થયેલો અવિરતસમ્યગ્દષ્ટિ યથાશીઘ્ર અપ્રમત્તપણું પામીને નૂતન બંધદ્વારા ફરીથી આહારક$^4$ ની સત્તાથી ૯૨ના સત્તાસ્થાનવાળા થનારની અપેક્ષાએ ૮૮ના સત્તાસ્થાનનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત આવે. અને આ સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ સાધિક ૨,૦૦૦ સાગરોપમ આવે. કારણ કે ત્રસપણાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાધિક ૨,૦૦૦ સાગરોપમની છે અને સ્થાવરપણામાં આ સત્તાસ્થાન પલ્યોપમનો અસંખ્યાત ભાગ સુધી મળે ત્યાર બાદ અવશ્ય નરક$^2$ કે દેવ$^2$ ની ઉદ્‌વલા થવાથી ૮૬નું સત્તાસ્થાન આવી જાય. આ રીતે આ સત્તાસ્થાન વધારેમાં વધારે પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક ત્રસકાયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કાળ સુધી મળી શકે છે.

આ ચારે સત્તાસ્થાનો પ્રથમચતુષ્કની સંજ્ઞાવાળા છે.

આ પ્રથમચતુષ્ક સત્તાસ્થાનવાળાને ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણસ્થાનના ૧લા ભાગને અંતે સ્ત્યાનર્દ્ધિત્રિકની સાથે નરક$^2$, તિર્યંચ$^2$, જાતિ$^4$, આતપ$^2$, સ્થાવર$^2$ અને સાધારણ એ ૧૩ નામ કર્મની પ્રકૃતિઓનો ક્ષય થતા અનુક્રમે ૮૦,૭૯,૭૬ અને ૭૫ ના સત્તાસ્થાનો દ્વિતીયચતુષ્ક સંજ્ઞાવાળા પ્રાપ્ત થાય છે. આ ૪ સત્તાસ્થાનો ૧૧મા ગુણસ્થાન વિના ૯મા ગુણસ્થાનના ૨જા ભાગથી ૧૪મા ગુણસ્થાનના ઉપાન્ત્ય સમય સુધી પ્રાપ્ત થાય છે. અને તેથી જ તેમનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ❀દેશોન પૂર્વકોટી વર્ષ. સયોગિકેવલિ ગુણસ્થાનની અપેક્ષાએ પ્રાપ્ત થાય છે.

પરંતુ ૮૦-૭૬ના સત્તાસ્થાનોનો જઘન્યકાળ ૫ ભરત અને ૫ એરાવત એ ૧૦ કર્મભૂમિના ક્ષેત્રની અપેક્ષાએ દેશોન ૩૦ વર્ષ આવે. અને ૫ મહાવિદેહ કર્મભૂમિના ક્ષેત્રની અપેક્ષાએ વર્ષપૃથકત્વ પ્રાપ્ત થાય. કારણકે તીર્થંકર પરમાત્માઓનો ભવસ્થ જઘન્ય કેવલિ પર્યાય તેટલો છે.

ત્યાંથી અયોગિકેવલિના ચરમ સમયે તીર્થંકર પરમાત્માને નામ કર્મની ઉદયવતી ૯ પ્રકૃતિઓનું અને તે સિવાયના અતીર્થંકર પરમાત્માઓને નામ કર્મની ઉદયવતી ૮ પ્રકૃતિઓનું સત્તાસ્થાન હોય છે. અને તેથી તેનો કાળ જઘન્ય ઉત્કૃષ્ટ ૧ સમય છે. કેમ કે મોક્ષમાં જતા પૂર્વ સમયે અને સંસારના છેલ્લા સમયે ૧ સમય માત્ર આ બે સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે.

૮૮ ના સત્તાસ્થાનવાળો ૧લે ગુણસ્થાને એકેન્દ્રિયપણામાં દેવ$^2$ કે નરક$^2$ ઉવેલે એટલે ૮૬ પ્રકૃતિઓનું ૧લું અધ્રુવસત્તાસ્થાન આવે. બાકીની નરક$^2$ કે દેવ$^2$ ની સાથે વૈક્રિય$^4$ ને ઉવેલે એટલે ૮૦ પ્રકૃતિઓનું ૨જું અધ્રુવસત્તાસ્થાન આવે. તે પછી તેઉકાય-વાઉકાયમાં મનુષ્ય$^2$ ઉવેલે ૭૮ પ્રકૃતિઓનું ૩જું અધ્રુવસત્તાસ્થાન આવે. આ ત્રણ સત્તાસ્થાનોને અધ્રુવસંજ્ઞા આપેલ છે. આ સત્તાસ્થાનો એકેન્દ્રિયપણામાં તેમાં પણ ૩જું ૭૮ પ્રકૃતિઓનું સત્તાસ્થાન તેઉકાય -

**❀ ટિપ્પણ :- મતાન્તરે ૮૦ અને ૭૬ ના સત્તાસ્થાનો ઉત્કૃષ્ટ કાળ દેશોન ૮૪ કે ૧ લાખ પૂર્વ વર્ષ.**

વાઉકાયપણામાં ઉવેલવાથી પ્રાપ્ત થતું હોવાથી આ ત્રણે અધ્રુવસંજ્ઞક સત્તાસ્થાનો તિર્યંચગતિમાં પ્રાપ્ત થાય. અને મનુષ્ય² વિનાનું ૭૮ છોડીને બાકીના બે ૮૬,૮૦ ના સત્તાસ્થાનો એકેન્દ્રિયમાંથી સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ અને સામાન્ય મનુષ્યપણામાં આવીને જ્યાં સુધી દેવ કે નરક પ્રાયોગ્ય બંધ ન કરે ત્યાં સુધી પ્રાપ્ત થાય. તેથી ૮૬-૮૦ ના બે સત્તાસ્થાનો એકેન્દ્રિય વિકલેન્દ્રિય સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ અને સામાન્ય મનુષ્યના બધા જ ઉદયવિકલ્પોમાં પ્રાપ્ત થાય છે. માટે ૨ ગતિમાં પ્રાપ્ત થાય છે. જ્યારે ૭૮નું સત્તાસ્થાન ફકત તિર્યંચગતિમાં જ પ્રાપ્ત થાય. તેમાં પણ તેઉકાયના સંભવિત બધા જ ઉદયવિકલ્પોમાં અને વાયુકાયમાં વૈક્રિય શરીરના વિકલ્પો છોડીને બાકીના સંભવિત બધા જ વિકલ્પોમાં ૭૮ પ્રકૃતિઓનું સત્તાસ્થાન પ્રાપ્ત થાય. તેઉકાય-વાઉકાયમાંથી નીકળી બાકીના એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ ના શરૂઆતના વિગ્રહગતિ અને સ્વસ્થાન ભવસ્થના અપર્યાપ્તાવસ્થાના પહેલા બે જ ઉદય વિકલ્પોમાં ૭૮નું સત્તાસ્થાન પ્રાપ્ત થાય. પછીના ઉદય વિકલ્પો આવતા પહેલા જ મનુષ્ય² બંધાય જવાથી ૭૮નું સત્તાસ્થાન ન મળે. ૭૮નું મટીને ૮૦નું થઈ જાય. ૭૮નું સત્તાસ્થાન તિર્યંચ પ્રાયોગ્ય ૫,૦૭૦ ઉદયભાંગામાંથી ફકત ૩૩૫ ઉદયભાંગાઓમાં જ આવે. અને તે પુસ્તકના પેજ નંબર ૨૯ ના નીચેના કોઠામાં **"૭૮ ની સત્તાવાળા ઉદયભંગો"** આ પ્રમાણે હેડીંગ કરીને ૩૩૫ ઉદયભંગો બતાવેલ છે. તેથી ૭૮નું સત્તાસ્થાન ફકત એકલી તિર્યંચગતિમાં જ અને ૮૬,૮૦ ના બે સત્તાસ્થાનો તિર્યંચગતિ, અને મનુષ્યગતિ એમ ૨ ગતિમાં પ્રાપ્ત થાય છે. ૮૬ પ્રકૃતિઓના ૧લા અધ્રુવસત્તાસ્થાનનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત આવે. કારણ કે ૮૬ સત્તાસ્થાનવાળો જીવ ઉવેલ્યા બાદ અંતર્મુહૂર્તમાં યથાશીઘ્ર દેવ-નરકબંધ પ્રાયોગ્યભવમાં દેવ² કે નરક² ને ફરીથી બાંધે એટલે અંતર્મુહૂર્તમાં ફરીથી ૮૮ ના સત્તાસ્થાનવાળો થાય. તેને ૮૬ ના સત્તાસ્થાનનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત આવે. અને ઉત્કૃષ્ટ કાળ પલ્યોપમનો અસંખ્ય ભાગ આવે. કેમ કે ૮૬ ના સત્તાસ્થાનવાળો થયા બાદ બાકી રહેલ દેવ² કે નરક² સાથે વૈક્રિય⁴ ને ઉવેલતા પલ્યોપમનો અસંખ્ય ભાગ લાગે. ત્યાં સુધી ૮૬ ના સત્તાસ્થાનનો વધારેમાં વધારે કાળ પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ ૮૦નું સત્તાસ્થાન થાય. ૮૦ પ્રકૃતિઓના ૨જા અધ્રુવસત્તાસ્થાનનો અંતર્મુહૂર્ત જઘન્ય કાળ આવે. અને તે પણ ૮૬ ના સત્તાસ્થાનની જેમ જ આવે. તે આ રીતે-૮૦ ના સત્તાસ્થાનવાળો થયા બાદ યથાશીઘ્ર દેવ-નરક બંધપ્રાયોગ્યભવમાં જઈ યથાશીઘ્રપણે દેવ² કે નરક² સાથે વૈક્રિય⁴ બાંધતા અંતર્મુહૂર્તમાં ફરીથી ૮૬ ના સત્તાસ્થાનવાળા થાય છે. તેને ૮૦ ના સત્તાસ્થાનનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત આવે. અને ઉત્કૃષ્ટ કાળ અસંખ્ય પુદ્ગલ પરાવર્ત આવે. કેમકે એકેન્દ્રિયપણામાં પલ્યોપમના અસંખ્યાત ભાગ જેટલા કાળે ઉવેલીને આ ૮૦ ના સત્તાસ્થાનને પ્રાપ્ત કર્યા બાદ એકેન્દ્રિયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્ય પુદ્ગલ પરાવર્ત કાળ સુધી પણ રહે છે કારણ કે તેટલા કાળ સુધી દેવ-નરકપ્રાયોગ્ય બંધ નથી થતો. તેમ જ તેટલો કાળ તેઉકાય-વાઉકાયના ભવો વિનાનો પણ પ્રાપ્ત થઈ શકે છે. અથવા ૭૮ ની સત્તા વગરનો તેટલો કાળ પ્રાપ્ત થાય છે.

તેઉકાય-વાઉકાયમાં મનુષ્ય² ઉવેલ્યા બાદના ૭૮ પ્રકૃતિઓના ૩જા અધ્રુવસત્તાસ્થાનનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત (કે સમય) આવે. તેઉકાય-વાઉકાયમાં ઉવેલ્યા બાદ તુરત બંધપ્રાયોગ્યભવમાં ઉત્પન્ન થઈ બાંધતા આવે. ઉત્કૃષ્ટ કાળ અસંખ્ય લોક આવે. કેમ કે મનુષ્ય² તેઉકાય-વાઉકાયમાં ઉવેલ્યા બાદ જેટલો કાળ તેઉકાય-વાઉકાયમાં રહે તેટલા કાળ સુધી ૭૮નું સત્તાસ્થાન પ્રાપ્ત થાય છે. કારણ કે તેઉકાય-વાઉકાયમાં મનુષ્ય² બંધાતી નથી અને તેઉકાય-વાઉકાયની સમુદિત ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અને તેઉકાયની તથા વાઉકાયની અલગ-અલગ પણ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્ય લોક છે. છતાં અલગ-અલગ કરતા સમુદિતની કાયસ્થિતિ મોટી આવે. અને અહીં ૭૮ના સત્તાસ્થાનના ઉત્કૃષ્ટ કાળ તરીકે તે સમુદિતની કાયસ્થિતિ જ લેવી.

અહીં પ્રથમ ચતુષ્ક સંજ્ઞાના ચાર, દ્વિતીયચતુષ્ક સંજ્ઞાના ચાર, અયોગિકેવલિના ચરમ સમયના બે એમ કુલ દશ અને અધ્રુવ સંજ્ઞાના ત્રણ મળીને કુલ તેર સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે. પરંતુ ૮૦ પ્રકૃતિઓનું સત્તાસ્થાન દ્વિતીય ચતુષ્ક સંજ્ઞામાં ૧લું અને અધ્રુવ સંજ્ઞામાં ૨જું આવતું હોવાથી અને બન્ને સત્તાસ્થાન ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા હોવા છતાં પણ સંખ્યાની દૃષ્ટિએ સમાન હોવાથી ૧ જ સત્તાસ્થાનની અહીં વિવક્ષા કરેલ છે. તેથી કુલ ૧૨ સત્તાસ્થાન છે. તેમાંથી મનુષ્યગતિમાં ૭૮ ના સત્તાસ્થાનના સિવાયના ૧૧ સત્તાસ્થાનો છે. ૭૮નું સત્તાસ્થાન મનુષ્ય[૨] વગરનું હોવાથી કોઈ પણ રીતે મનુષ્યગતિમાં ઘટી શકે તેમ નથી. તિર્યંચગતિમાં પ્રથમ ચતુષ્ક સંજ્ઞામાંના ૯૨,૮૮ અને ૮૬,૮૦,૭૮ એ ત્રણ અધ્રુવ સંજ્ઞાવાળા મળીને કુલ પાંચ જ સત્તાસ્થાન હોય. કેમ કે પ્રથમ ચતુષ્ક સંજ્ઞાના ૯૩,૮૯ ના સત્તાસ્થાનો જિન નામવાળા છે. અને દ્વિતીય ચતુષ્ક સંજ્ઞાના ૪ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીમાં અને કેવલિને અને છેલ્લા બે અયોગિકેવલિના ચરમ સમયે હોવાથી તિર્યંચગતિમાં સંભવતા નથી. કારણકે જિનની સત્તાવાળા અને શ્રેણીવાળા અને એના ઉપરના ગુણસ્થાનોવાળા તિર્યંચગતિમાં હોય નહીં. દેવગતિમાં પ્રથમ ચતુષ્ક સંજ્ઞાના ચારે અને નરકગતિમાં ૯૩ સિવાયના ત્રણ સત્તાસ્થાનો હોય. કેમ કે ૯૩ ની સત્તાવાળો નરકમાં અને ૧લે ગુણસ્થાને જતો ન હોવાથી નરકમાં ન હોય. બાકીના ત્રણ હોય. ૮૯ ના સત્તાસ્થાનવાળો જિનની સત્તાવાળો નરકમાં જતો હોવાથી ત્રણ સત્તાસ્થાન નરકમાં પ્રાપ્ત થાય છે. અને ૯૩ અને ૮૯ બન્ને જિનનામના સત્તાસ્થાનવાળા દેવલોકમાં જતા હોવાથી દેવલોકમાં ચારે સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે. ૮૮થી ઓછી પ્રકૃતિની સત્તાવાળા દેવ-નરકમાં જતા ન હોવાથી અધ્રુવ સંજ્ઞાવાળા, અને બાકીના મનુષ્ય સિવાય બીજા કોઈને પ્રાપ્ત થતા ન હોવાથી દ્વિતીય ચતુષ્ક સંજ્ઞાવાળા અને અયોગિકેવલિના ચરમ સમયના સત્તાસ્થાનો દેવ-નરકમાં પ્રાપ્ત ન થાય. બાકીનું વિશેષ કોઠામાં અને ટિપ્પણમાં બતાવેલ છે. તે જોઈ લેવું.

૭૮નું સત્તાસ્થાન તેઉકાય-વાઉકાયમાં અને ત્યાંથી નીકળી અન્ય એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચરૂપ તિર્યંચના ભવોમાં શરૂઆતમાં વિગ્રહગતિ અને સ્વસ્થાન ભવસ્થ અપર્યાપ્તાવસ્થાના એમ બે-બે ઉદયસ્થાનોમાં પ્રાપ્ત થાય છે. તો તે ૭૮ ની સત્તાવાળા ૩૩૫ ઉદયભંગો કોઠામાં બતાવેલ છે.

**નામ કર્મના બંધસ્થાનો, ઉદયસ્થાનો, સત્તાસ્થાનોનો ટુંકો સંવેધ :-**

સામાન્યથી ૮ બંધસ્થાનોમાં અને અબંધમાં કેટલા ઉદયસ્થાનો અને સત્તાસ્થાનો હોય તે કોઠામાં બતાવેલ છે.

**સામાન્યથી નામકર્મના બંધસ્થાન, ઉદયસ્થાન અને સત્તાસ્થાનોનો સંવેધ :-**

**સામાન્યથી નામ કર્મના ૨૩-૨૫-૨૬ ના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ:-**

અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૪ બંધભાંગાવાળા ૨૩ પ્રકૃતિઓના બંધસ્થાનને ૧૨ ઉદયસ્થાનોમાંથી ફક્ત કેવલિ ભગવંતને જ ઉદયમાં આવતા હોવાથી ૮,૯,૨૦ ના ૩ ઉદયસ્થાનો ન સંભવે. કેમ કે કેવલિ ભગવંતને નામ કર્મનો બંધ જ નથી. તે સિવાયના દેવ નારકો પણ આ ૨૩ ના બંધસ્થાનને ન બાંધે. ફક્ત ૧લા જ ગુણસ્થાનવાળા તિર્યંચ મનુષ્યો જ બાંધે. તેથી તે ૨ ગતિના પ્રાયોગ્ય ૨૧ થી ૩૧ સુધીના ૯ ઉદયસ્થાનો સંભવે. તેવી જ રીતે ઉપરના ગુણસ્થાનોમાં જ ઉદય આવનાર ઉદયભંગો પણ સંભવતા ન હોવાથી કુલ ૮૭ ઉદયભંગો ન સંભવે. તે આ પ્રમાણે- ઉદ્યોતના ઉદયવાળા વૈક્રિય શરીરી મનુષ્યના ૩, આહારક શરીરી મનુષ્યના ૭, કેવલિ ભગવંતના ૮, દેવતાના ૬૪ અને નારકના ૫, એમ કુલ ૮૭ ઉદયભંગો ન સંભવે. કારણ કે આ ઉદયભાંગાવાળા જીવો ૨૩ ના બંધસ્થાનને બાંધતા નથી. તે સિવાયના ઉદયભાંગાવાળા જ બાંધે છે. તેથી તે ૮૭ વિના ૭,૭૦૪ ઉદયભાંગા સંભવે છે. અને તે સંવેધના કોઠામાં વિગતવાર બતાવેલ છે. ૯ ઉદયસ્થાનમાંથી પહેલા ચાર ૨૧,૨૪,૨૫,૨૬ ઉદયસ્થાનોમાં ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ એ પાંચ-પાંચ સત્તાસ્થાનો આવે. કેમ કે તેઉકાય-વાઉકાયને આ ચારે ઉદયસ્થાનો હોય છે. તેઉકાય-વાઉકાયમાંથી આવેલ જીવોને ૨૫ વિનાના મનુષ્ય[૨] બાંધ્યા વગરના ત્રણ ઉદયસ્થાનો હોય છે. અને તેમાં ૭૮નું સત્તાસ્થાન પ્રાપ્ત થાય છે. ૨૭ થી ૩૧ સુધીના ૫ ઉદયસ્થાનો તેઉકાય-વાઉકાયને હોતા નથી. તેમ જ તેઉકાય-વાઉકાયમાંથી આવેલાને પણ જ્યાં સુધી મનુષ્ય[૨] ન બાંધે ત્યાં સુધી હોતા નથી. માટે આ પાંચ ઉદયસ્થાનોમાં ૭૮નું સત્તાસ્થાન ન આવે. તેથી તે સિવાયના ૪ સત્તાસ્થાન હોય. આ રીતે ૯ ઉદયસ્થાનના કુલ ૪૦ સત્તાસ્થાનો હોય. તેમ જ સત્તાસ્થાનો માટે વિશેષ હકીકતવાળું ખાનું જોવું.

આવી જ રીતે પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ બંધભાંગાવાળા ૨૫ પ્રકૃતિઓના અને ૧૬ બંધભાંગાવાળા ૨૬ પ્રકૃતિઓના બંધસ્થાનોનો પણ સંવેધ જાણવો. પરંતુ આ બંધસ્થાનોને દેવતાઓ પણ બાંધનારા હોવાથી તેમના ૬૪ ઉદયભાંગાઓ અસંભવિત ૮૭ ઉદયભાંગામાંથી બાદ કરતા અસંભવિત ફક્ત ૨૩ જ ઉદયભાંગા રહે. અને સંભવિત ૭,૭૦૪ ઉદયભાંગાઓમાં એ ૬૪ ઉમેરતા સંભવિત ૭,૭૬૮ ઉદયભાંગા થાય.

**સામાન્યથી નામ કર્મના ૨૮ ના બંધસ્થાનની સાથે ઉદયસ્થાનો અને સત્તાસ્થાનોનો સંવેધ :-**

૮ બંધભાંગાવાળા દેવપ્રાયોગ્ય અને ૧ બંધભાંગાવાળા નરક પ્રાયોગ્ય એમ કુલ ૯ બંધભાંગાવાળા ૨૮ પ્રકૃતિઓના બંધસ્થાનને એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, લબ્ધિઅપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો, લબ્ધિઅપર્યાપ્ત મનુષ્યો, કેવલિ ભગવંતો, દેવતાઓ અને નારકો ન બાંધે. માટે તેઓના ઉદયભાંગાઓ અસંભવિતમાં આવે. અને તે કુલ ૧૮૯ છે. ૧૨ ઉદયસ્થાનોમાં ૮,૯,૨૦ કેવલિને જ હોવાથી અને ૨૪નું એકેન્દ્રિયને જ હોવાથી એ ૪ ઉદયસ્થાનો અસંભવિતમાં આવે. તે સિવાયના પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય એ બે ગતિના સામાન્ય, વૈક્રિય શરીરી અને આહારક શરીરીના ૨૧ થી ૩૧ સુધીના ૮ ઉદયસ્થાનો સંભવિત છે. અને તેના ૭,૬૦૨ ઉદયભાંગાઓ સંભવિત છે. તેમાં પણ નરકપ્રાયોગ્ય ૨૮ ના બંધસ્થાનને બાંધનાર ફક્ત છેલ્લા ૨ જ ૩૦-૩૧ ઉદયસ્થાનો છે. કેમ કે અપર્યાપ્તાવસ્થામાં નરક પ્રાયોગ્ય બંધ થતો નથી. તેમ જ વૈક્રિય શરીરી મનુષ્ય અને આહારક શરીરી મનુષ્ય પણ નરકપ્રાયોગ્ય બંધ ન કરે. તેથી તેઓ વિનાના ૩૦ ના ઉદયસ્થાનના ૨,૮૮૮ અને ૩૧ ના ઉદયસ્થાનના ૧,૧૫૨ કુલ ૪,૦૪૦ ઉદયભાંગાઓ સંભવિત છે. બાકીના ૩,૭૫૧ ઉદયભાંગાઓ અસંભવિત છે. દેવપ્રાયોગ્યના પણ ૨૮ ના બંધસ્થાનને અપર્યાપ્તાવસ્થામાં મિથ્યાદષ્ટિ ન બાંધે. ફક્ત પૂર્વભવમાંથી સમ્યક્ત્વ લઈને આવેલ આત્માઓ જ અપર્યાપ્તાવસ્થામાં દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓના બંધસ્થાનને બાંધે.

અહીં આ ઉદયભાંગાઓ સપ્તતિકાચૂર્ણિ અને ટીકાના અનુસારે સમજવા. કારણ કે તેમાં આ પ્રમાણે સૂચવેલ છે. અને તે પ્રમાણે વિગતવાર કોઠામાં બતાવેલ છે.

બાકીનું વિશેષ 'વિશેષ હકીકત'વાળા ખાનામાં અને ટિપ્પણમાં જણાવેલ છે. તે પ્રમાણે જાણવું.

આઠે ઉદયસ્થાનોમાં ૯૨,૮૮ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે. કારણ કે આ બે સત્તાસ્થાનો ચારે ગતિના જીવોને સંભવે છે. વધારામાં ૮૦ ના સત્તાસ્થાનવાળા એકેન્દ્રિયભવમાંથી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ સંજ્ઞી કે અસંજ્ઞીના ભવમાં કે પર્યાપ્ત મનુષ્યભવમાં આવી પર્યાપ્ત થઈ ૩૦-૩૧ ના ઉદયસ્થાનમાં વર્તતા પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ સંજ્ઞી કે અસંજ્ઞી અને ૩૦ ના ઉદયસ્થાનમાં વર્તતા પર્યાપ્ત મનુષ્ય, દેવ કે નરક પ્રાયોગ્ય બાંધે ત્યારે તેઓને ૮૬ પ્રકૃતિઓનું સત્તાસ્થાન આવે. અને બદ્ધનરકાયુષ્ક જિન નામની સત્તાવાળો ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્ય નરકમાં જતા પૂર્વે છેલ્લા અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વે જાય ત્યારે નરક પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓના બંધસ્થાનને બાંધતા ૩૦ પ્રકૃતિઓના ઉદયસ્થાનમાં વર્તતા પર્યાપ્ત મનુષ્યને ૮૯ પ્રકૃતિઓનું સત્તાસ્થાન આવે. આ રીતે કુલ ૧૯ સત્તાસ્થાનો થાય.

**સામાન્યથી નામ કર્મના ૨૯ ના બંધસ્થાનની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

પર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૪ બંધભાંગાવાળા, પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૪,૬૦૮ બંધભાંગાવાળા, પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૪,૬૦૮ બંધભાંગાવાળા, અને દેવપ્રાયોગ્ય ૮ બંધભાંગાવાળા એમ કુલ ૯,૨૪૮ બંધભાંગાવાળા ૨૯ પ્રકૃતિઓના બંધસ્થાનને કેવલિ ભગવંતો વિના યથાસંભવ સર્વજીવો બાંધે છે. માટે કેવલ કેવલિ ભગવંતો પ્રાયોગ્ય એવા ૮,૯,૨૦ ના ત્રણ ઉદયસ્થાનો અસંભવિત છે. તે સિવાયના ૨૧ થી ૩૧ સુધીના ૯ ઉદયસ્થાનનો સંભવિત છે અને કેવલિ ભગવંતોના ૮ ઉદયભાંગા અસંભવિત છે. તે સિવાયના ૭,૭૮૩ ઉદયભાંગા સંભવિત છે અને તે બધા ઉદયસ્થાનો અને ઉદયભાંગાઓ વિગતવાર કોઠામાં બતાવેલ છે.

પૂર્વે ૨૩,૨૫,૨૬ ના બંધસ્થાનોમાં જે રીતે બતાવેલ છે. તે રીતે આ ૨૯ ના બંધસ્થાનમાં પણ ૯૨,૮૮,૮૬,૮૦ આ ચાર સત્તાસ્થાનો બધા જ નવે ઉદયસ્થાનોમાં આવે અને પહેલા ચાર ૨૧,૨૪,૨૫,૨૬ ના ઉદયસ્થાનોમાં ૭૮નું સત્તાસ્થાન આવે. આ પ્રમાણે ૯ ઉદયસ્થાનોમાં કુલ ૪૦ સત્તાસ્થાનો પૂર્વના ૩ બંધસ્થાનોની જેમ જ આવે. વધારામાં જિન નામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓના બંધસ્થાનને બાંધતા પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્યના ૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦ પ્રકૃતિઓના ૭ ઉદયસ્થાનોમાં ૯૩,૮૯ પ્રકૃતિઓના બે-બે સત્તાસ્થાનો વધવાથી કુલ ૫૪ સત્તાસ્થાનો થાય. તેમાં પણ મતાન્તરે ૨૧,૨૬ ઉદયસ્થાનમાં ૯૩નું સત્તાસ્થાન ન આવે. કેમ કે પલ્યોપમના અસંખ્ય ભાગ જેટલા કાળે અવશ્ય આહારક[૪] ઉવેલાઈ જતું હોવાથી અને સમ્યગ્દષ્ટિ આત્માઓને દેવલોકનું સાધિક પલ્યોપમથી ઓછું આયુષ્ય બંધાતું ન હોવાના કારણે અને એમાં પણ જિન નામની સત્તાવાળા સમ્યગ્દષ્ટિ દેવતાને સાધિક પલ્યોપમથી ઓછું ન સંભવે. માટે દેવલોકમાંથી મનુષ્યભવમાં આવતા પહેલા જ દેવલોકમાં જ ૯૩માંથી ૮૯ પ્રકૃતિઓનું સત્તાસ્થાન થઈ જાય અને નરકગતિમાં તો ૯૩ ના સત્તાસ્થાનવાળો જતો જ ન હોવાથી ત્યાંથી ૯૩નું સત્તાસ્થાન લઈને મનુષ્યભવમાં આવવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી. તેથી મતાન્તરે કુલ ૫૨ સત્તાસ્થાનો થાય. અહીં ૨૧-૨૬ ના ઉદયસ્થાનો ભવાન્તરમાંથી આવેલને જ અપર્યાપ્તાવસ્થામાં શરૂઆતમાં આવતા હોવાથી મતાન્તરે ૯૩ પ્રકૃતિઓનું સત્તાસ્થાન પ્રાપ્ત ન થાય. પરંતુ બાકીના ૨૫,૨૭,૨૮,૨૯,૩૦ ના ૫ ઉદયસ્થાનો પર્યાપ્ત મનુષ્યને પ્રાપ્ત થતા હોવાથી આહારક[૪] અને જિન નામના નૂતનબંધથી પણ આ મનુષ્ય પ્રાયોગ્ય પાંચ ઉદયસ્થાનોમાં ૯૩નું સત્તાસ્થાન આવે. ૮૯ સત્તાસ્થાન તો બધા જ સાતે ઉદયસ્થાનોમાં કેમ કે દેવપ્રાયોગ્ય ૨૯નું બંધસ્થાન જિન નામના બંધની સહિતનું છે. તેથી સુતરાં આવે અને વળી નરકપ્રાયોગ્ય પાંચે ૨૧,૨૫,૨૭,૨૮,૨૯ ના ઉદયસ્થાનોમાં ૧લે ગુણસ્થાને મનુષ્ય પ્રાયોગ્ય જિન નામ વિનાની ૨૯ પ્રકૃતિઓના બંધસ્થાને બાંધતા ૮૯નું સત્તાસ્થાન આવે. અને જેઓ ૨૧-૨૬ ના ઉદયસ્થાનમાં ૯૩ ના સત્તાસ્થાનને બતાવે છે. તેઓના મતે ૯૩ ના સત્તાસ્થાનવાળો ઉદ્‌વલના યોગ્ય પલ્યોપમના અસંખ્ય ભાગ કરતા ઓછા સ્થિતિવાળા દેવમાં ઉત્પન્ન થાય. તેની અપેક્ષાએ ઘટી શકે. તદુપરાંત સત્તાસ્થાનોનું વિશેષ "વિશેષ હકીકત" ના મથાળાવાળા ખાનામાં બતાવેલ છે. "ત્યાંથી તે પણ વિશેષ જોઈ લેવો.

**સામાન્યથી નામ કર્મના ૩૦ ના બંધસ્થાનની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

પર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૪ બંધભાંગાવાળા, પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૪,૬૦૮ બંધભાંગાવાળા, જિન નામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૮ બંધભાંગાવાળા અને આહારક$^{2}$ સહિત દેવપ્રાયોગ્ય ૧ બંધભાંગાવાળા એમ કુલ ૪,૬૪૧ બંધભાંગાવાળા ૩૦ પ્રકૃતિઓના બંધસ્થાનને ઉદ્યોતના ઉદયવાળા વૈક્રિય શરીરી મનુષ્ય, આહારક શરીરી મનુષ્ય અને કેવલિ ભગવંતો વિનાના યથાસંભવ બધા જીવો બાંધે છે. માટે કેવલિ ભગવંતોને જ ઉદયમાં આવનાર ૮,૯,૨૦ પ્રકૃતિઓના ત્રણ ઉદયસ્થાનો અસંભવિત છે. તે સિવાયના ૨૧ થી ૩૧ સુધીના ૯ ઉદયસ્થાનો સંભવિત છે. ૩ ઉદ્યોતના ઉદયવાળા વૈક્રિય શરીરી મનુષ્યના, ૭ આહારક શરીરી મનુષ્યના અને ૮ કેવલિ ભગવંતોના એમ કુલ ૧૮ ઉદયભાંગાઓ અસંભવિત છે. તે સિવાયના ૭,૭૭૩ ઉદયભાંગાઓ સંભવિત છે અને તે બધા ઉદયસ્થાનો અને ઉદયભાંગાઓ કોઠાઓમાં વિગતવાર બતાવેલ છે. તેમ જ ટિપ્પણમાં પણ વિશેષ વાત જણાવેલ છે.

૨૯ ના બંધસ્થાનની જેમ અહીં પણ ૨૩,૨૫,૨૬ બંધસ્થાનોની માફક ૯ ઉદયસ્થાનો ૪૦ સત્તાસ્થાનો આવે. અને વધારામાં જિન નામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓના બંધસ્થાનના દેવપ્રાયોગ્ય ૬ ઉદયસ્થાનોમાં ૯૩,૮૯ ના બે-બે સત્તાસ્થાનો આવે. તેથી કુલ ૫૨ સત્તાસ્થાનો થાય. જો કે આ બંધસ્થાનને બાંધનાર નરકપ્રાયોગ્ય ક્ષાયિકસમ્યગ્દષ્ટિની અપેક્ષાએ ૨૧,૨૫,૨૭,૨૮,૨૯ એ પાંચ ઉદયસ્થાનોમાં અને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ ૨૯ ના ઉદયસ્થાનમાં ૮૯ પ્રકૃતિઓનું સત્તાસ્થાન આવે. પરંતુ દેવપ્રાયોગ્ય ઉદયસ્થાનોમાં જ તે ઉદયસ્થાનોનો સમાવેશ થઈ જતો હોવાથી એનાથી અલગ કોઈ વિશેષતા આવતી નથી. તેમ જ સત્તાસ્થાનોનું વિશેષ "વિશેષ હકીકત" ના હેડીંગવાળા ખાનામાં બતાવેલ છે. ત્યાંથી તે પણ વિશેષ જોઈ લેવો.

**સામાન્યથી નામ કર્મના ૩૧ ના બંધસ્થાનની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

આહારક$^{2}$ અને જિન નામ સહિતના ૧ બંધભાંગાવાળા દેવપ્રાયોગ્ય ૩૧ પ્રકૃતિઓના બંધસ્થાનને ૭ થી ૮/૬ ગુણસ્થાનવાળા અપ્રમત્તયતિ જ બાંધતા હોવાથી યથાસંભવ શુભ પ્રકૃતિઓના બંધના કારણે ૧ જ બંધભાંગો આવે છે. તેવી રીતે જ ૭મા ગુણસ્થાને સંઘયણ સંસ્થાન વિહાયોગતિ અને સ્વર સિવાયની અધ્રુવોદયી બધી શુભ જ પ્રકૃતિઓ ઉદયમાં હોવાથી અને કરણપર્યાપ્ત હોવાથી ૧ જ ૩૦ પ્રકૃતિઓના ઉદયસ્થાનમાં વર્તતા (૬ સંઘયણ x ૬ સંસ્થાન x ૨ વિહાયોગતિ x ૨ સ્વર =) ૧૪૪ ઉદયભાંગાવાળાને માત્ર ૧ જ ૯૩ પ્રકૃતિઓનું સત્તાસ્થાન હોય. કેમ કે બંધમાં આહારક$^{2}$ અને જિન નામ બન્ને સાથે હોવાથી ૯૩ થી ઓછી પ્રકૃતિઓનું સત્તાસ્થાન આવે નહીં, કારણ કે આહારક$^{2}$ અને જિન નામ બંધમાં હોવાથી અવશ્ય સત્તામાં હોય જ. અને હજુ આહારક$^{4}$ અને જિન નામની સત્તાવાળા અબંધમાં એટલે કે ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણસ્થાનના ૨જા ભાગથી ૧૪મા ગુણસ્થાનના ઉપાન્ત્ય સમય સુધી હોય તો ૮૦નું સત્તાસ્થાન અને અયોગિકેવલિના ચરમ સમયે ૯નું સત્તાસ્થાન આવે. તે સિવાય આહારક$^{4}$ અને જિન નામની સત્તાવાળાને અબંધમાં પણ અને યાવત્ ઉપશમશ્રેણીમાં પણ ૧૧મા ગુણસ્થાન સુધી ૯૩ ની જ સત્તા હોય. તેથી અહીં આ બંધસ્થાનને ૧૧ ઉદયસ્થાનો ૭,૬૪૭ ઉદયભાંગાઓ અને ૧૧ સત્તાસ્થાનો અસંભવિત છે.

મતાન્તરે ૭મા ગુણસ્થાને વૈક્રિય શરીરી મનુષ્ય અને આહારક શરીરી મનુષ્યને માનનારની અપેક્ષાએ પ્રસ્તુત ૩૧ પ્રકૃતિઓના બંધસ્થાનમાં વધારામાં ઉદ્યોતના ઉદય વગરના ૨૯ પ્રકૃતિઓના ઉદયસ્થાનનો અને ઉદ્યોત સહિતના ઉદયવાળા ૩૦ પ્રકૃતિઓના ઉદયસ્થાનનો એમ બે ઉદયસ્થાનના વૈક્રિય શરીરીનો ૧-૧ ઉદયભાંગો અને આહારક શરીરીનો ૧-૧ ઉદયભાંગો એમ બે-બે ઉદયભાંગા અને કુલ ૪ ઉદયભાંગા વધે. એટલે ૨ ઉદયસ્થાનના કુલ ૧૪૮ ઉદયભાંગા થાય. અને ૨ ઉદયસ્થાનની અપેક્ષાએ ૯૩ પ્રકૃતિઓના બે સત્તાસ્થાનો પ્રાપ્ત થાય.

**સામાન્યથી નામ કર્મના ૧ ના બંધસ્થાનની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

૧ બંધભાંગાવાળા અપ્રાયોગ્ય ૧ જ યશકીર્તિરૂપ ૧ પ્રકૃતિના બંધસ્થાનના ૮/૭ થી ૧૦મા ગુણસ્થાનવાળા ૨ શ્રેણીવાળા ૩૦ પ્રકૃતિઓના ૧ જ ઉદયસ્થાનમાં વર્તતા ૭૨ ઉદયભાંગાવાળા જ હોય. કારણ કે ઉપશમશ્રેણી પણ પહેલા ૩ સંઘયણવાળા જ માંડે છે. તેથી ૬ સંઘયણના ૧૪૪ કરતા અરધા (૩ સંઘયણ x ૬ સંસ્થાન x ૨ વિહાયોગતિ x ૨ સ્વર =) ૭૨ ઉદયભાંગા આવે. અને ઉપશમશ્રેણીમાં ૧૦મા ગુણસ્થાન સુધી અને ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણસ્થાનના ૧લા ભાગ સુધી પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૪ સત્તાસ્થાનો અને ક્ષપકશ્રેણીમાં ૯/૨ થી ૧૦મા ગુણસ્થાન સુધી દ્વિતીય ચતુષ્ક સંજ્ઞાવાળા ૪ સત્તાસ્થાનો એમ કુલ ૮ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે.

**સામાન્યથી નામ કર્મના અબંધની સાથે ઉદયસ્થાન તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

અબંધ થયા બાદ ૨૪,૨૫ વિનાના ૧૦ ઉદયસ્થાનો ૧૧ થી ૧૪ ગુણસ્થાનોમાં પ્રાપ્ત થાય છે. અને એના ૧૧૦ ઉદયભાંગાઓ અને ૩૦ સત્તાસ્થાનો આવે. **તે આ રીતે** - કેવલિ ભગવંતોના ૮ ઉદયસ્થાનોના ૮ ઉદયભાંગાઓ આવે. ઉપરાંત અજિનના ૨૬,૨૯,૨૮ ના ઉદયસ્થાનોના ક્રમે કરીને ૬,૧૨,૧૨ કુલ ૩૦ ઉદયભાંગા આવે. ઉપશમશ્રેણીમાં ૧૧મે ગુણસ્થાને ૩૦ પ્રકૃતિઓના ઉદયસ્થાનના ૭૨ ઉદયભાંગાઓ આવે. એટલે કુલ ૧૧૦ ઉદયભાંગા થાય. તેમાં આ ૩૦ ના ઉદયસ્થાનના ૭૨ ઉદયભાંગાઓમાં ૧૨મા ગુણસ્થાનના ૨૪ ઉદયભાંગાઓ ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનના અજિનના ૨૪ ઉદયભાંગાઓ પણ સમાય જાય. તેથી અબંધમાં ૭,૬૮૧ ઉદયભાંગા અસંભવિત છે. અહીં કેવલિ સિવાયના જે ૨૬,૨૮,૨૯,૩૦ એ ચાર ઉદયસ્થાનો બતાવ્યા છે. તે ૪ ઉદયસ્થાનોમાંથી ૨૯,૩૦ ઉદયસ્થાનોનો કેવલિના ૮ ઉદયસ્થાનોમાં પણ ૨૯,૩૦ ના ઉદયસ્થાનો આવતા હોવાથી તેમાં જ એટલે કે એ ૮ ઉદયસ્થાનોમાં ગણાય જવાથી તેમાં જ સમાવેશ થઈ જાય છે. જ્યારે ૨૬,૨૮ ના બે ઉદયસ્થાનો અલગ વધારાના આવે છે. તેનો તેમાં ઉમેરો કરવાથી કુલ ૧૦ ઉદયસ્થાનો થાય. અને આ બધા ઉદયસ્થાનો અને ઉદયભાંગાઓ વ્યવસ્થિત વિગતવાર કોઠામાં આપ્યા છે.

કેવલિ ભગવંતોના ૮ ઉદયસ્થાનોમાં ૨-૨ સત્તાસ્થાનો આવે. તેમાં જિન નામના ઉદયવાળા ૯,૨૧,૨૭,૩૧,૩૦,૨૯ પ્રકૃતિઓવાળા ૬ ઉદયસ્થાનોમાં ૮૦-૭૬ પ્રકૃતિઓવાળા બે-બે સત્તાસ્થાનો આવે. અને જિન નામના ઉદય વગરના ૮,૨૦ પ્રકૃતિઓવાળા ૨ ઉદયસ્થાનોમાં ૭૯-૭૫ પ્રકૃતિઓવાળા બે-બે સત્તાસ્થાનો આવે. તે ઉપરાંત વધારામાં અયોગિ કેવલિના ચરમ સમયે જિન નામના ઉદયવાળા ૯ પ્રકૃતિઓવાળા ઉદયસ્થાનમાં ૯ પ્રકૃતિઓનું સત્તાસ્થાન અને જિન નામના ઉદય વગરના ૮ પ્રકૃતિઓવાળા ઉદયસ્થાનમાં ૮ પ્રકૃતિઓનું ઉદયસ્થાન પ્રાપ્ત થાય. તે સિવાય અજિનના ૨૬,૨૯,૨૮ પ્રકૃતિઓવાળા ઉદયસ્થાનોમાં પણ ૭૯-૭૫ પ્રકૃતિઓવાળા બે-બે સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. અને ૩૦ પ્રકૃતિઓવાળા ઉદયસ્થાનમાં (૧૧મા ગુણસ્થાને) ઉપશમશ્રેણીની અપેક્ષાએ ૧૧મા ગુણસ્થાને પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૪ સત્તાસ્થાનો (૧૨મે ગુણસ્થાને) ક્ષપકશ્રેણીની અપેક્ષાએ ૧૨મા ગુણસ્થાને ૧૩મા ગુણસ્થાને અને ૧૪મા ગુણસ્થાનના ઉપાન્ત્ય સમય સુધી પણ દ્વિતીય ચતુષ્ક સંજ્ઞાવાળા ૪ સત્તાસ્થાનો એમ કુલ ૮ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. આમ કુલ ૩૨ સત્તાસ્થાનો થાય. પરંતુ તીર્થંકર કેવલિ ભગવંતના ૩૦ ના ઉદયસ્થાનના ૮૦-૭૬ પ્રકૃતિઓવાળા બે સત્તાસ્થાનો જે પહેલા ગણ્યા છે. તે આ ૩૦ ના ઉદયસ્થાનના ૮ સત્તાસ્થાનોની અંદર આવી જતા હોવાથી અલગ ન ગણવાથી તે ૨ વિના કુલ ૩૦ સત્તાસ્થાનો અબંધમાં પ્રાપ્ત થાય છે. અને તે બધું વ્યવસ્થિત વિગતવાર કોઠામાં (યન્ત્રમાં) બતાવવામાં આવેલ છે. તે ધ્યાનથી ખાસ જોવું.

**ગુણસ્થાનકો વિષે નામ કર્મના બંધસ્થાનો, ઉદયસ્થાનો, સત્તાસ્થાનો સામાન્યથી અને સંવેધથી ભંગો:-**

**૧લે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનો અને એના ભાંગા, ઉદયસ્થાન અને એના ભાંગા તથા સત્તાસ્થાનો સામાન્યથી :-**

પ્રથમ ગુણસ્થાને-જે ઉપરના ગુણસ્થાનોમાં જ સંભવતા હોય તેવા બંધસ્થાનો બંધભાંગાઓ, ઉદયસ્થાનો, ઉદયભાંગાઓ અને સત્તાસ્થાનો અહીં ન સંભવે. તે સિવાયના સંભવે. તે આ રીતે-૭-૮/૬ ગુણસ્થાને બંધાતું ૩૧ પ્રકૃતિઓવાળું બંધસ્થાન અને ૮/૭ થી ૧૦મા ગુણસ્થાન સુધી બંધાતું ૧ પ્રકૃતિવાળું બંધસ્થાન એમ બે બંધસ્થાનો અહીં ન સંભવે. તે સિવાયના ૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦ ના ૬ બંધસ્થાનો સંભવે. જિન નામવાળા, આહારક$^{ર}$વાળા અને અપ્રાયોગ્ય એવા ૨૯ ના ૮,૩૦ ના ૯,૩૧ નો ૧, અને ૧ નો ૧ એમ કુલ ૧૯ બંધભાંગાઓ ન સંભવે. કારણ કે દેવપ્રાયોગ્ય ૨૯નું બંધસ્થાન જિન નામ સહિતનું હોવાથી તેના ૮, મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નું બંધસ્થાન પણ જિન નામ સહિતનું હોવાથી તેના ૮, અને દેવપ્રાયોગ્ય ૩૦નું બંધસ્થાન આહારક$^{ર}$ સહિતનું હોવાથી તેનો ૧, એમ ૩૦ ના કુલ ૯, દેવપ્રાયોગ્ય ૩૧નું બંધસ્થાન આહારક$^{ર}$ અને જિન નામ સહિતનું હોવાથી તેનો ૧, અને અપ્રાયોગ્ય ૧ શ્રેણીમાં હોવાથી તેનો ૧ એમ કુલ ૧૯ બંધભાંગાઓ અસંભવિત છે. તે સિવાયના ૧૩,૯૨૬ બંધભાંગાઓ સંભવિત છે. ફકત કેવલિ ભગવંતને હોવાના કારણે ૮,૯,૨૦ એ ત્રણ ઉદયસ્થાનો અસંભવિત છે. તે સિવાયના ૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧ એ ૯ ઉદયસ્થાનો સંભવિત છે. ઉદ્યોતના ઉદયવાળા વૈક્રિય શરીરી મનુષ્યના ૩ ઉદયભાંગાઓ ઉપરના પમા વગેરે ગુણસ્થાને, આહારક શરીરી મનુષ્યના ૭ ઉદયભાંગાઓ મુનિને જ, અને કેવલિના ૮ ઉદયભાંગાઓ કેવલિ ભગવંતોને જ સંભવતા હોવાથી આ ૧૮ ઉદયભાંગાઓ અસંભવિત છે. તે સિવાયના ૭,૭૭૩ ઉદયભાંગાઓ અહીં આ ૧લા ગુણસ્થાને સંભવિત છે. ૯૩ સિવાય પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૩ અને અધ્રુવ સંજ્ઞાવાળા ૩ એમ કુલ ૬ સત્તાસ્થાન સંભવે. ૯૩ ની સત્તાવાળો નરકની જેમ ૧લે ગુણસ્થાને પણ જતો ન હોવાથી અને દ્વિતીયચતુષ્કના ચાર સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીમાં અને કેવલિ ભગવંતોને અને અયોગિકેવલિના ચરમ સમયે જ ૮,૯ આ બે સત્તાસ્થાનો આવતા હોવાથી તે ન સંભવે. આમ ૯૩, દ્વિતીય ચતુષ્કના ચાર, અને અયોગિકેવલિના બે મળીને કુલ ૭ સત્તાસ્થાનો થાય. પરંતુ દ્વિતીય ચતુષ્કમાં ૮૦ નું સત્તાસ્થાન છે. તેવી રીતે અધ્રુવસંજ્ઞામાં પણ ૮૦નું સત્તાસ્થાન છે. તે બે એક જ ગણવાથી ૮૦નું સંભવિતમાં લીધેલું હોવાથી તે સિવાયના ૯૩,૭૯,૭૬,૭૫,૯,૮ એમ ૬ સત્તાસ્થાનો સામાન્યથી અસંભવિત છે.

**૧લે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

અહીં ૧લે ગુણસ્થાને ૨૩,૨૫,૨૬,૨૯,૩૦ ના બંધસ્થાનોનો ઉદયસ્થાનાદિની સાથેનો સંવેધ જેમ ગુણસ્થાન વગેરેની વિવક્ષા વગર સામાન્યથી સંવેધ બતાવેલ છે. તેમ જ અહીં પણ ૯-૯ ઉદયસ્થાનો તેના ૭,૭૦૪ વગેરે ઉદયભાંગાઓ વગેરે આવે. પરંતુ ફકત ૨૯ ના ઉદયસ્થાનમાં ઉપરના પમા વગેરે ગુણસ્થાનોના હિસાબે ૩ ઉદ્યોતના ઉદયવાળા વૈક્રિય શરીરી મનુષ્યના અને ૭ આહારક શરીરી મનુષ્યના એમ કુલ ૧૦ ઉદયભાંગાઓ આવતા હતા તે અહીં ન આવે. એટલે અહીં સામાન્યથી જ કાઢી નાખેલ છે અને જે સામાન્ય કે ઓઘમાં ન હોય તે વિશેષમાં પણ ન જ હોય. તે હિસાબે ૨૯ ના બંધસ્થાનના અસંભવિત ૧૮ ઉદયભાંગાઓ અને સંભવિત ૭,૭૭૩ ઉદયભાંગાઓ આવે. સામાન્ય સંવેધની જેમ જ ૨૩,૨૫,૨૬ બંધસ્થાનોના સંવેધમાં કુલ ૪૦-૪૦ સત્તાસ્થાનો આવે. અને તે જ રીતે ૨૯-૩૦ના બંધસ્થાનોના સંવેધમાં પણ કુલ ૪૦-૪૦ સત્તાસ્થાનો આવે. વધારાના જિન નામ સત્તાવાળા સત્તાસ્થાનો ન આવે. ફકત મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનના જિન નામની સત્તાવાળા મિથ્યાદષ્ટિ નારકને પોતાના પ્રાયોગ્ય૨૧,૨૫,૨૭,૨૮,૨૯ ના પાંચે ઉદયસ્થાનોમાં ૮૯ પ્રકૃતિઓનું સત્તાસ્થાન હોય. ૯૩નું સત્તાસ્થાન તો નરકગતિમાં અને ૧લે ગુણસ્થાને હોય જ નહીં. એટલે ૨૯ બંધસ્થાનના કુલ ૪૫ સત્તાસ્થાનો થાય.

૧લા ગુણસ્થાને અપર્યાપ્તાવસ્થામાં દેવ કે નરક પ્રાયોગ્ય બંધ થતો નથી. તેવી જ રીતે તથાસ્વભાવે ઉત્તર વૈક્રિય શરીરી તિર્યંચ અને મનુષ્યોને પણ દેવ-નરક પ્રાયોગ્ય બંધ ન થાય. તેથી દેવ પ્રાયોગ્ય ૮ બંધભાંગાવાળા અને નરકપ્રાયોગ્ય ૧ બંધભાંગાવાળા એમ કુલ ૯ બંધભાંગાવાળા ૨૮ ના બંધસ્થાનને કરણપર્યાપ્તાવસ્થામાં વર્તતા ૩૦ ના ઉદયસ્થાનના પંચેન્દ્રિય તિર્યંચોના ૧,૧૫૨ અને મનુષ્યના ૧,૧૫૨ એમ કુલ ૨,૩૦૪ ઉદયભાંગા અને ૩૧ ના ઉદયસ્થાનના પંચેન્દ્રિય તિર્યંચના ૧,૧૫૨ ઉદયભાંગા અને બન્ને ઉદયસ્થાનના મળીને કુલ ૩,૪૫૬ ઉદયભાંગા થાય. અને બન્ને ઉદયસ્થાનોમાં ૯૨,૮૮,૮૬ એ ત્રણ-ત્રણ સત્તાસ્થાનો હોય. અને વધારામાં નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધસ્થાનના જિન નામની સત્તાવાળા મનુષ્યને પોતાના ૩૦ ના ઉદયસ્થાનમાં ૮૯ પ્રકૃતિઓનું ૪થું સત્તાસ્થાન હોય. તેથી કુલ ૭ સત્તાસ્થાનો ૨૮ ના બંધસ્થાનમાં પ્રાપ્ત થાય છે.

૧લા ગુણસ્થાને સંવેધોના કુલ ઉદયભાંગાઓ ૪૨,૨૪૨ અને સત્તાસ્થાનો ૨૧૨ પ્રાપ્ત થાય છે. અને બધું જ વ્યવસ્થિત રીતે કોઠામાં બતાવેલ છે. તેમ જ વિશેષ હકીકતમાં તેમ જ ટિપ્પણમાં વિશેષ જણાવેલ છે. તેમ જ મતાન્તરો પણ જણાવેલ છે.

**૨જે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનો અને એના ભાંગા, ઉદયસ્થાનો અને એના ભાંગાઓ તથા સત્તાસ્થાનો સામાન્યથી :-**

૨જે ગુણસ્થાને નરક સિવાયના ૩ ગતિ પ્રાયોગ્ય અને પંચેન્દ્રિય પ્રાયોગ્ય જ બંધ થાય. તેથી ૨૮,૨૯,૩૦ પ્રકૃતિઓના ત્રણ જ બંધસ્થાન આવે. કેમ કે ૨૩,૨૫,૨૬ પ્રકૃતિઓના ત્રણ બંધસ્થાનો એકેન્દ્રિય પ્રાયોગ્ય છે. અને અહીં પંચેન્દ્રિય પ્રાયોગ્ય જ બંધ હોવાથી આ ત્રણ બંધસ્થાનો ૧લા ગુણસ્થાને જ બંધાય. અને ૩૧,૧ પ્રકૃતિઓના બે બંધસ્થાનો ઉપરના ૭મા વગેરે ગુણસ્થાને બંધાતા હોવાથી અહીં ન બંધાય. તેથી તે પાંચ સિવાયના ૨૮,૨૯,૩૦ ના ત્રણ જ બંધસ્થાનો અહીં બંધાય. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો આ ત્રણે બંધસ્થાનોને બાંધે છે, કેમ કે તેઓ ત્રણે ગતિ પ્રાયોગ્ય બંધ કરે છે. જ્યારે દેવતા અને નારકો દેવ-નરક સિવાય ૨ જ ગતિ પ્રાયોગ્ય બંધ કરતા હોવાથી અહીં દેવપ્રાયોગ્ય ૨૮ ના સિવાયના બાકીના પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્યના ૨૯ પ્રકૃતિઓના અને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓના એમ બે બંધસ્થાનોને જ બાંધે. દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધસ્થાનના ૮ બંધભાંગા, લબ્ધિપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનના ૩,૨૦૦ અને લબ્ધિપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ અને ૩૦ ના બંધસ્થાનના ૩,૨૦૦ - ૩,૨૦૦ એમ કુલ ૯,૬૦૮ બંધભાંગા થાય. ૧લે ગુણસ્થાને ૬ સંઘયણ૬ સંસ્થાન બંધાતા હોવાથી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને મનુષ્ય પ્રાયોગ્ય ૪,૬૦૮-૪,૬૦૮ બંધભાંગા આવતા હતા. જ્યારે અહીં સેવાર્ત સંઘયણ અને હુંડક સંસ્થાન ૨જે ગુણસ્થાને બંધાતા ન હોવાથી તે વિના ૫ સંઘયણ અને ૫ સંસ્થાનના હિસાબે ૩,૨૦૦ - ૩,૨૦૦ બંધભાંગા આવે છે.

સામાન્યથી ચારે ગતિના કરણપર્યાપ્ત સંજ્ઞીને ઉપશમ સમ્યક્ત્વથી પડતા ૨જું સાસ્વાદન ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકે છે. તેવી જ રીતે ઉપશમશ્રેણીથી પડતાને પણ ૨જું સાસ્વાદન ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકે છે. તદુપરાંત ૨જે સાસ્વાદન ગુણસ્થાને કાળ કરીને ૨જું સાસ્વાદન ગુણસ્થાન સાથે લઈને લબ્ધિપર્યાપ્ત બાદર પ્રત્યેક એકેન્દ્રિય, લબ્ધિપર્યાપ્ત વિકલેન્દ્રિય, લબ્ધિપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ આટલા તિર્યંચ ગતિના ભેદોમાં, પર્યાપ્ત મનુષ્યમાં અને દેવતામાં એમ કુલ ૩ ગતિમાં જાય. ત્યાં કરણ અપર્યાપ્તાવસ્થામાં પ્રથમ બે ઉદયસ્થાનમાં એટલે કે વિગ્રહગતિમાં થઈને જનારને ૧લું અને ૨જું એમ ૨ ઉદયસ્થાન આવે. અને વિગ્રહગતિ વિના જનારને પહેલા સીધું જ ૨જું ભવસ્થનું ૧ જ ઉદયસ્થાન આવે. એમાં વર્તતા હોય ત્યાં જ ૨જું સાસ્વાદન ગુણસ્થાન પૂરું થઈ ૧લું મિથ્યાત્વ ગુણસ્થાન આવી જાય. વિગ્રહગતિમાં રહેલ સર્વસંસારી જીવોને ૧લું ૨૧નું ઉદયસ્થાન આવે. અને ૨જું એકેન્દ્રિયને ૨૪નું ઉદયસ્થાન,

દેવતાને ૨૫નું ઉદયસ્થાન અને વિકલેન્દ્રિય પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યને ૨૬નું ઉદયસ્થાન આવે. આમ કુલ ૪ ઉદયસ્થાનો આવે. અને ૧-૧ જીવભેદમાં ૨-૨ થી વધારે ઉદયસ્થાનો ન હોય. એટલે ૩ ગતિમાં કરણઅપર્યાપ્તાવસ્થામાં લબ્ધિપર્યાપ્તાના ૨૧ થી ૨૬ સુધીના ૪ ઉદયસ્થાનોના ઉદયભાંગા અને કરણપર્યાપ્તસંજ્ઞિના ૪ગતિના ૨૯-૩૦-૩૧ના ૩ ઉદયસ્થાનોના ઉદયભાંગા સંભવિત છે. આ પ્રમાણે ૭ ઉદયસ્થાનો સંભવિત છે. પાંચ ઉદયસ્થાનો અસંભવિત છે. તેમાં પણ ૨૧ ના ઉદયસ્થાનના પર્યાપ્ત બાદર એકેન્દ્રિયના ૨, પર્યાપ્ત વિકલેન્દ્રિયના ૬, પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૮, પર્યાપ્ત મનુષ્યના ૮, અને દેવના ૮, એમ સંભવિત કુલ ૩૨ ઉદયભાંગા છે. બાકીના ૧૦ ઉદયભાંગા અસંભવિત છે. ૨૪ ના ઉદયસ્થાનના પર્યાપ્ત બાદર પ્રત્યેક એકેન્દ્રિયના જ ૨ ઉદયભાંગા આવે. બાકીના ૯ ઉદયભાંગા અસંભવિત છે. ૨૫ ના ઉદયસ્થાનના દેવના ૮ ઉદયભાંગા સંભવિત છે. બાકીના ૨૫ ઉદયભાંગા અસંભવિત છે. ૨૬ ના ઉદયસ્થાનના પર્યાપ્ત વિકલેન્દ્રિયના ૬, પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૮, પર્યાપ્ત મનુષ્યના ૨૮૮, એમ કુલ ૫૮૨ ઉદયભાંગા સંભવિત છે. બાકી એકન્દ્રિયના ૧૩, અપર્યાપ્ત વિકલેન્દ્રિયના ૩, અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચનો ૧, અપર્યાપ્ત મનુષ્યનો ૧, એમ કુલ ૧૮ ઉદયભાંગા અસંભવિત છે. ૨૯ના ઉદયસ્થાનના દેવના૮, નરકનો૧, એ કુલ ૯ ઉદયભાંગા સંભવિત છે. બાકીના ૧,૭૭૬ ઉદયભાંગા અસંભવિત છે. ૩૦ ના ઉદયસ્થાનના પંચેન્દ્રિય તિર્યંચના ૧,૧૫૨, મનુષ્યના ૧,૧૫૨, દેવના ૮, એમ કુલ ૨,૩૧૨ ઉદયભાંગા સંભવિત છે. બાકીના ૬૦૫ ઉદયભાંગા અસંભવિત છે. ૩૧ ના ઉદયસ્થાનના પંચેન્દ્રિય તિર્યંચના ૧,૧૫૨ ઉદયભાંગા સંભવિત છે. બાકી પર્યાપ્તવિકલેન્દ્રિયના ૧૨, અને કેવલિનો ૧ એમ કુલ ૧૩ ઉદયભાંગા અસંભવિત છે. એમ કુલ ૭ ઉદયસ્થાનના કુલ ૪,૦૯૭ ઉદયભાંગા સંભવિત છે. એ જ ૭ ઉદયસ્થાનના બાકીના કુલ ૨,૪૫૬ ઉદયભાંગા અને ૫ ઉદયસ્થાનના બધા ૧,૨૩૮ ઉદયભાંગા આ બધા મળીને ૩,૬૯૪ ઉદયભાંગા અસંભવિત છે.

સામાન્યથી અહીં ૨જે સાસ્વાદન ગુણસ્થાને ૮૮ પ્રકૃતિઓનું સત્તાસ્થાન હોય. અને ૯૨ પ્રકૃતિઓનું સત્તાસ્થાન ઉપશમશ્રેણીથી પડેલાને જ હોય. સાતે ઉદયસ્થાનોમાં ૮૮નું સત્તાસ્થાન અને ૩૦ ના ઉદયસ્થાનમાં શ્રેણીથી પડેલને ૯૨નું સત્તાસ્થાન એમ સામાન્ય સંવેધથી કુલ ૮ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. અહીં સાસ્વાદન ગુણસ્થાને ૯૨,૮૮ સિવાયના બાકીના સત્તાસ્થાન સંભવતા નથી, કેમ કે ૮૯નું જિન નામની સત્તાવાળું હોવાથી, ૮૬,૮૦,૭૮ અધ્રુવ સંજ્ઞાવાળા ત્રણ ૧લે જ ગુણસ્થાને હોવાથી અને બાકીના બધા ઉપરના ગુણસ્થાને હોવાથી અહીં ન સંભવે. આ બધું વિગતવાર વ્યવસ્થિત કોઠામાં આપેલ છે. તેમ જ ટિપ્પણ અને વિશેષ હકીકતમાં પણ જણાવેલ છે.

### ૨જે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-

૨જે ગુણસ્થાને દેવપ્રાયોગ્ય ૨૮ બંધસ્થાનના બાંધનાર ૩૦ ના ઉદયસ્થાનના કરણપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૧,૧૫૨ અને કરણપર્યાપ્ત મનુષ્યના ૧૧૫૨ એમ કુલ ૨,૩૦૪ અને ૩૧ ના ઉદયસ્થાનના કરણપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૧,૧૫૨ એમ કુલ ૩,૪૫૬ ઉદયભાંગા આવે. અને ૩૦ ના ઉદયસ્થાનમાં ૯૨-૮૮ એમ બે અને ૩૧ ના ઉદયસ્થાનમાં ફકત ૮૮નું સત્તાસ્થાન આવે. કુલ ૩ સત્તાસ્થાન થાય.

૩,૨૦૦ - ૩,૨૦૦ = ૬,૪૦૦ બંધભાંગાવાળા સામાન્ય પર્યાપ્ત મનુષ્ય અને સામાન્ય પર્યાપ્ત પંચેન્દ્રિયતિર્યંચ પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓવાળા અને ૩,૨૦૦ બંધભાંગાવાળા સામાન્ય પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓવાળા બંધસ્થાનના સામાન્યથી બતાવ્યાની જેમ ૭-૭ ઉદયસ્થાનો અને ૪,૦૯૭ - ૪,૦૯૭ ઉદયભાંગાઓ અને ૮-૮ સત્તાસ્થાનો એમ સંવેધમાં કુલ ૩ બંધસ્થાનો, તેના કુલ ૯,૬૦૮ બંધભાંગાઓ, ત્રણે બંધસ્થાનના કુલ ૧૧,૬૫૦ ઉદયભાંગાઓ અને કુલ ૧૯ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે.

અને આ બધું વિગતવાર વ્યવસ્થિત રીતે કોઠામાં બતાવામાં આવેલ છે. તેમ જ ટિપ્પણ અને વિશેષ હકીકતમાં પણ બતાવવામાં આવેલ છે.

**૩જે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનો અને એના ભાંગા, ઉદયસ્થાનો અને એના ભાંગા તથા સત્તાસ્થાનો સામાન્યથી :-**

આ ગુણસ્થાન કરણ પર્યાપ્ત સંજ્ઞીને જ હોય છે. અહીં આ ગુણસ્થાને ૩૦-૩૧ ના ઉદયસ્થાનમાં રહેલ પંચેન્દ્રિય તિર્યંચો અને ૩૦ ના ઉદયસ્થાનમાં રહેલ મનુષ્ય દેવપ્રાયોગ્ય ૨૮, અને ૨૯ના ઉદયસ્થાનમાં રહેલ દેવ-નારકો મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ બાંધે.

માટે અહીં સામાન્યથી ૨૮-૨૯ ના બે બંધસ્થાનો અને એના ૧૬ બંધભાંગા ૨૯-૩૦-૩૧ ના ત્રણ ઉદયસ્થાનો અને એના ૩,૪૬૫ ઉદયભાંગા અને ૯૨,૮૮ ના બે સત્તાસ્થાન સંભવે છે. કેમ કે અધ્રુવ સંજ્ઞાવાળા ૩ સત્તાસ્થાનો ૧લે ગુણસ્થાને જ હોવાથી ૯૩-૮૯ ના ૨ સત્તાસ્થાનો જિન નામની સત્તાવાળા હોવાથી અને બાકીના ક્ષપકશ્રેણ્યાદિમાં હોવાથી અહીં સંભવતા નથી. આ બધું વ્યવસ્થિત કોઠામાં અને ટિપ્પણમાં આપેલ છે.

**૩જે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો અને સત્તાસ્થાનોનો સંવેધ :-**

અને સંવેધમાં દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધસ્થાનના ૩૦-૩૧ ના બે ઉદયસ્થાનો અને એના ૩,૪૫૬ ઉદયભાંગા અને ૧-૧ ઉદયસ્થાનના ૨-૨ સત્તાસ્થાનો કુલ ૪ સત્તાસ્થાનો અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનના ૨૯ ના એક ઉદયસ્થાનના ૯ ઉદયભાંગા અને બે સત્તાસ્થાન. આ પ્રમાણે કુલ ૨ બંધસ્થાન, ૧૬ બંધભાંગા, ૩,૪૬૫ ઉદયભાંગા અને કુલ ૬ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે. અને આમાં ઘણું તો સામાન્યની જેમ જ આવે છે. આ બધું વિગતવાર કોઠામાં બતાવેલ છે. અને ટિપ્પણમાં વિશેષ પણ જણાવેલ છે.

**૪થે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનો અને એના ભાંગા, ઉદયસ્થાનો અને એના ભાંગા, તથા સત્તાસ્થાનો સામાન્યથી :-**

આગુણસ્થાન લબ્ધિપર્યાપ્ત સંજ્ઞીને કરણથી પર્યાપ્ત અને અપર્યાપ્ત બન્નેને હોય છે. કારણ કે આ ૪થું ગુણસ્થાન લઈને જીવો ભવાન્તરમાં પણ જાય છે. આ ગુણસ્થાને રહેલ તિર્યંચોને દેવપ્રાયોગ્ય ૨૮, મનુષ્યોને દેવપ્રાયોગ્ય ૨૮,૨૯ અને દેવ-નારકોને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯-૩૦ નો બંધ થાય. અને આ રીતે ૨૮,૨૯,૩૦ ના ત્રણ બંધસ્થાનો અને એના ૩૨ બંધભાંગા આવે. કેમ કે અશુભ સંઘયણ વગેરે બંધાતા નથી. બાકીના બંધસ્થાનો અને બંધભાંગાઓ ન આવે. આ ગુણસ્થાને એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, લબ્ધિઅપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો, લબ્ધિઅપર્યાપ્ત મનુષ્ય, ઉદ્યોતના ઉદયવાળા વૈક્રિય શરીરી મનુષ્ય, આહારક શરીરી મનુષ્યો અને કેવલિ ભગવંતો ન હોય. તેથી તેમના ૧૩૦ ઉદયભાંગાઓ અસંભવિત જાણવા. તે સિવાયના ૭,૬૬૧ ઉદયભાંગા સંભવિત જાણવા. કેવલ કેવલિ ભગવંત પ્રાયોગ્ય હોવાથી ૮,૯,૨૦ ના અને કેવલ એકેન્દ્રિય પ્રાયોગ્ય હોવાથી ૨૪નું એમ કુલ ૪ ઉદયસ્થાનો આ ગુણસ્થાને ન સંભવે. બાકીના ૮ ઉદયસ્થાનો સંભવિત જાણવા. આ ગુણસ્થાને પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૯૩,૯૨,૮૯,૮૮ આ ૪ જ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. બાકી બધા જ ન સંભવે. તે આ રીતે-દ્વિતીય ચતુષ્ક સંજ્ઞાવાળા ૮૦,૭૯,૭૬,૭૫ ક્ષપકશ્રેણ્યાદિમાં,૯,૮ અયોગિકેવલિના ચરમ સમયે જ અને અધ્રુવ સંજ્ઞાવાળા ૮૮,૮૬,૮૦ ૧લે ગુણસ્થાને જ પ્રાપ્ત થતા હોવાથી અહીં પ્રાપ્ત ન થાય. અને આ પ્રમાણે સામાન્યથી સંભવતા બંધસ્થાનો, બંધભાંગાઓ, ઉદયસ્થાનો, ઉદયભાંગાઓ અને સત્તાસ્થાનો વ્યવસ્થિત રીતે કોઠામાં બતાવેલ છે.

**૪થે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

આ ગુણસ્થાને દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધસ્થાનના ૮ બંધભાંગા અને ૨૧ થી ૩૧ સુધીના ૮ ઉદયસ્થાનોના દેવ-નારકો દેવપ્રાયોગ્ય બાંધતા ન હોવાના કારણે તેમના ૬૯ ઉદયભાંગા વિના અહીં સંભવિત એવા શેષ ૭,૫૯૨ ઉદયભાંગા અને આઠે ઉદયસ્થાનમાં ૯૨-૮૮ ના બે-બે સત્તાસ્થાનો એટલે, કુલ ૧૬ સત્તાસ્થાન પ્રાપ્ત થાય. આ બંધસ્થાન જિન નામ વગરનું હોવાથી અહીં ૯૩-૮૯ ના સત્તાસ્થાનો ન આવે. જિન નામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનના મનુષ્ય પ્રાયોગ્ય ૨૧ થી ૩૦ સુધીના ૭ ઉદયસ્થાનના ૨૨૮ ઉદયભાંગા, સાતે ઉદયસ્થાનમાં ૯૩,૮૯ ના બે-બે સત્તાસ્થાનો કુલ ૧૪ સત્તાસ્થાનો અને મતાન્તરે ૨૧-૨૬ ના ઉદયસ્થાનમાં ૯૩નું સત્તાસ્થાન ન હોવાથી કુલ ૧૨ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. આ બંધસ્થાન જિન નામ સહિતનું હોવાથી અહીં જિન નામ વિનાના ૯૨,૮૮ ના સત્તાસ્થાનો ન આવે. તેવી જ રીતે જિન નામ વિનાના મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનના દેવ-નારક પ્રાયોગ્ય ૨૬ વિના ૨૧ થી ૩૧ સુધીના ૬ ઉદયસ્થાનોના ૬૯ ઉદયભાંગા અને છએ ઉદયસ્થાનોમાં ૯૨-૮૮ ના બે-બે સત્તાસ્થાનો કુલ ૧૨ સત્તાસ્થાનો આવે. આ બંધસ્થાન જિન નામ વિનાનું હોવાથી અહીં ૯૩-૮૯ ના સત્તાસ્થાનો ન આવે. બન્ને પ્રકારના ભેગા કરેલ ૨૯ ના બંધસ્થાનના ૧૬ બંધભાંગા, ૭ ઉદયસ્થાનો, ૨૯૭ ઉદયભાંગા અને ૨૬ સત્તાસ્થાનો આવે. મતાન્તરે ૨૧-૨૬ ના ઉદયસ્થાનમાં ૯૩નું સત્તાસ્થાન ન હોવાથી કુલ ૨૪ સત્તાસ્થાન આવે. જિન નામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધસ્થાનના દેવ-નરક પ્રાયોગ્ય ૨૬ વિના ૨૧ થી ૩૧ સુધીના ૬ ઉદયસ્થાનોના ૬૯ ઉદયભાંગા અને છએ ઉદયસ્થાનોમાં ૯૩-૮૯ ના બે-બે સત્તાસ્થાનો કુલ ૧૨ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય.

આ રીતે ત્રણ બંધસ્થાનના ૩૨ બંધભાંગા, ૭,૯૫૮ ઉદયભાંગા અને કુલ ૫૪ મતાન્તરે ૫૨ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. આ બધું વ્યવસ્થિત વિગતવાર કોઠામાં બતાવેલ છે અને ટિપ્પણમાં વિશેષથી મતાન્તર વગેરે સહિતથી જણાવેલ છે.

**૫મે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનો અને એના ભાંગા, ઉદયસ્થાનો અને એના ભાંગા તથા સત્તાસ્થાનો સામાન્યથી :-**

આ ગુણસ્થાન કરણ પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યને જ હોય છે. અને અહીં ફકત દેવપ્રાયોગ્ય જ બંધ થાય છે. તેમાં તિર્યંચોને કેવલ જિન નામ રહિત દેવપ્રાયોગ્ય ૨૮નું જ બંધસ્થાન હોય. અને મનુષ્યને ૨૮,૨૯ એમ બન્ને બંધસ્થાનો હોય. બન્ને બંધસ્થાનના કુલ ૧૬ બંધભાંગા હોય. સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૩૦-૩૧ ના ઉદયસ્થાનોના ૧૪૪-૧૪૪ ઉદયભાંગા હોય, વૈક્રિય શરીરી તિર્યંચને ૨૫,૨૭,૨૮,૨૯,૩૦ એ પાંચ ઉદયસ્થાનો છે. તેમાં ઉદ્યોતના ઉદય વગરના ૨૫,૨૭,૨૮,૨૯ ના ૪ ઉદયસ્થાનોના ૪ ઉદયભાંગા અને ઉદ્યોતના ઉદયવાળા ૨૮,૨૯,૩૦ ના ૩ ઉદયસ્થાનોના ૩ ઉદયભાંગા એમ કુલ ૭ ઉદયભાંગા આવે. સામાન્ય મનુષ્યના ૩૦ ઉદયસ્થાનના ૧૪૪ ઉદયભાંગા અને ઉદ્યોતના ઉદય વગરના ૨૫,૨૭,૨૮,૨૯ ના ૪ ઉદયસ્થાનોના ૪ ઉદયભાંગા આવે. આ પ્રમાણે સામાન્યથી કુલ ૨૫,૨૭,૨૮,૩૦,૩૧ એ ૬ ઉદયસ્થાનો, અને એના કુલ ૪૪૩ ઉદયભાંગા આવે. અહીં પણ ૪થા ગુણસ્થાનની જેમ જ પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૯૩,૯૨,૮૯,૮૮ ના ૪ સત્તાસ્થાનો સંભવે. બાકીના ૮ સત્તાસ્થાનો ન સંભવે. આ બધું કોઠામાં વિગતવાર વ્યવસ્થિત બતાવેલ છે. અને ટિપ્પણમાં પણ વિશેષ સૂચન આપેલ છે.

**૫મે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

અહીં ૫મે ગુણસ્થાને સામાન્યની જેમ જ દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધસ્થાનના ૮ બંધભાંગા, અને એના ૬ ઉદયસ્થાનોના ૪૪૩ ઉદયભાંગા અને છએ ઉદયસ્થાનોમાં ૯૨,૮૮ ના બે-બે સત્તાસ્થાનો કુલ ૧૨ સત્તાસ્થાનો પ્રાપ્ત

થાય. આ બંધસ્થાન જિન નામ વિનાનું હોવાથી તેના ઉદયસ્થાનોમાં સત્તાસ્થાનો પણ જિન નામ વિનાના આવેલ છે. અને જિન નામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનના ૮ બંધભાંગા અને એના મનુષ્ય પ્રાયોગ્ય ૨૫,૨૭,૨૮,૨૯,૩૦ ના પાંચ ઉદયસ્થાનોના કુલ ૧૪૮ ઉદયભાંગા અને પાંચે ઉદયસ્થાનોમાં ૯૩,૮૯ ના બે-બે સત્તાસ્થાનો કુલ ૧૦ સત્તાસ્થાનો આવે. આ બંધસ્થાન જિન નામવાળું હોવાથી એના ઉદયસ્થાનોમાં જિન નામવાળા સત્તાસ્થાનો આવેલ છે. આ પ્રમાણે બે બંધસ્થાનના સંવેધના કુલ ૧૬ બંધભાંગા, ૫૯૧ ઉદયભાંગા અને ૨૨ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. અને તે વ્યવસ્થિત વિગતવાર કોઠામાં જણાવેલ છે. અને ટિપ્પણમાં વિશેષ પણ કહેલ છે.

**૬ઠ્ઠે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનો, અને એના ભાંગા, ઉદયસ્થાનો, અને એના ભાંગા, તથા સત્તાસ્થાનો સામાન્યથી :-**

આ ગુણસ્થાન મુનિને જ હોય છે અને મુનિઓ દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે. તેથી સામાન્યથી જિન નામ વગરના ૨૮ ના અને જિન નામ સહિતના ૨૯ ના એમ બે બંધસ્થાનો, ૧-૧ બંધસ્થાનના ૮-૮ બંધભાંગા, ૨ બંધસ્થાનના કુલ ૧૬ બંધભાંગા, સામાન્ય મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નું ૧ જ ઉદયસ્થાન અને એના ૧૪૪ ઉદયભાંગા, ઉદ્યોતના ઉદય વગરના ૨૫,૨૭,૨૮,૨૯ ના ૧-૧ ઉદયસ્થાનના ૧-૧ એમ કુલ ૪ ઉદયસ્થાનના વૈક્રિય શરીરી મનુષ્યના ૪, આહારક શરીરી મનુષ્યના ૪ ઉદયભાંગા, ઉદ્યોતના ઉદયવાળા ૨૮,૨૯,૩૦ ના ૧-૧ ઉદયસ્થાનના ૧-૧ એમ કુલ ૩ ઉદયસ્થાનના વૈક્રિય શરીરી મનુષ્યના ૩, આહારક શરીરી મનુષ્યના ૩ ઉદયભાંગા આ પ્રમાણે એકંદર ૫ ઉદયસ્થાનો અને એના કુલ ૧૫૮ ઉદયભાંગા સામાન્યથી આવે. ૪થા ગુણસ્થાનની જેમ જ પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૯૩,૯૨,૮૯,૮૮ ના ૪ સત્તાસ્થાનો સામાન્યથી આવે. અને એ પ્રમાણે બધું વ્યવસ્થિત વિગતવાર કોઠામાં જણાવેલ છે.

**૬ઠ્ઠે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

આ ૬ઠ્ઠે ગુણસ્થાને સામાન્યની જેમ ૨૮ ના બંધસ્થાનના ૮ બંધભાંગા, અને એના ૨૫,૨૭,૨૮,૨૯,૩૦ ના ૫ ઉદયસ્થાનના ૧૫૮ ઉદયભાંગા અને પાંચે ઉદયસ્થાનોમાં ૯૨,૮૮ ના ૨-૨ સત્તાસ્થાનો કુલ ૧૦ સત્તાસ્થાનો તેવી જ રીતે ૨૯ ના બંધસ્થાનના ૮ બંધભાંગા, ૫ ઉદયસ્થાનોના ૧૫૮ ઉદયભાંગા અને પાંચે ઉદયસ્થાનોમાં ૯૩,૮૯ ના ૨-૨ સત્તાસ્થાનો અને કુલ ૧૦ સત્તાસ્થાનો. આમ જિન નામ વગરના બંધસ્થાનના ઉદયસ્થાનોમાં જિન નામ વગરના સત્તાસ્થાનો અને જિન નામવાળા બંધસ્થાનના ઉદયસ્થાનોમાં જિન નામવાળા સત્તાસ્થાનો આવે. આ પ્રમાણે સંવેધથી કુલ બે બંધસ્થાનો, ૧૬ બંધભાંગા, ૩૧૬ ઉદયભાંગા અને ૨૦ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. અને એ પ્રમાણે જ બધું વ્યવસ્થિત વિગતવાર કોઠામાં જણાવેલ છે.

**૭મે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનો, અને એના ભાંગા, ઉદયસ્થાનો, અને એના ભાંગા, તથા સત્તાસ્થાનો સામાન્યથી :-**

આ ૭મા ગુણસ્થાને આહારક$^{2}$ નો પણ બંધ થઈ શકતો હોવાથી દેવપ્રાયોગ્ય જિન નામ વિનાના ૨૮ ના અને જિન નામ સહિતના ૨૯ ના આ બે બંધસ્થાનોમાં આહારક$^{2}$ ઉમેરવાથી અનુક્રમે ૩૦,૩૧ ના બીજા ૨ બંધસ્થાન થાય. એટલે કુલ ૪ બંધસ્થાનો થયા. અહીં અસ્થિર, અશુભ અને અયશઃકીર્તિ બંધાતું ન હોવાથી એનાથી થતા ૮ ભાંગા અહીં ન થાય. એટલે ચારે બંધસ્થાનોમાં ૧-૧ જ બંધભાંગો આવે. એટલે કુલ ૪ જ બંધભાંગા થાય.

સામાન્ય મનુષ્યના (મુનીના) ૩૦ ના ઉદયસ્થાનના ૧૪૪ ઉદયભાંગા આવે. અને અહીં વૈક્રિય શરીર કે આહારક શરીરનો પ્રારંભ થતો ન હોવાથી પ્રારંભના ઉદયસ્થાનો ન આવે. પરંતુ ઉદ્યોત વગરનું અને ઉદ્યોતવાળું છેલ્લું છેલ્લું ૧-૧ જ ઉદયસ્થાન પ્રાપ્ત થાય. માટે ઉદ્યોતના ઉદય વગરના ૨૯ ના ઉદયસ્થાનના વૈક્રિય શરીરીનો ૧, અને આહારક શરીરીનો ૧ એમ ૨ ઉદયભાંગા. અને ઉદ્યોતના ઉદય સહિતના ૩૦ ના ઉદયસ્થાનના પણ એ જ રીતે વૈક્રિય શરીરીનો ૧, આહારક શરીરીનો ૧, એમ ૨ ઉદયભાંગા પ્રાપ્ત થાય. આ રીતે કુલ ૨૯-૩૦ ના ૨ ઉદયસ્થાનો અને એના કુલ ૧૪૮ ઉદયભાંગા પ્રાપ્ત થાય. અને ૪થા ગુણસ્થાનની જેમ જ અહીં પણ પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૯૩,૯૨,૮૯,૮૮ ના ૪ જ સત્તાસ્થાનો હોય. આ બધું વ્યવસ્થિત વિગતવાર કોઠામાં ગોઠવેલ છે. અને ટિપ્પણમાં પણ (ભલામણ કરેલ છે.) જણાવેલ છે.

**૭મે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

અહીં સંવેધમાં સામાન્યમાં બતાવ્યા પ્રમાણે ૧-૧ બંધભાંગો, બે-બે ઉદયસ્થાન અને એના ૧૪૮ ઉદયભાંગા અને દરેક ઉદયસ્થાનમાં બંધસ્થાન પ્રમાણે સત્તાસ્થાન એટલે કે જિન નામ અને આહારક૨ વગરના ૨૮ ના બંધસ્થાનના બન્ને ઉદયસ્થાનોમાં દરેકમાં જિન નામ અને આહારક૪ વિનાનું ૮૮નું સત્તાસ્થાન આવે. જિન નામ સહિત અને આહારક૨ વિનાના ૨૯ ના બંધસ્થાનના બન્ને ઉદયસ્થાનોમાં દરેકમાં જિન નામ સહિત અને આહારક૪ વિનાનું ૮૯નું સત્તાસ્થાન આવે. જિનનામરહિત અને આહારક૨ સહિતના ૩૦ના બંધસ્થાનના બન્ને ઉદયસ્થાનોમાં દરેકમાં જિનનામ રહિત અને આહારક૪ સહિતનું ૯૨નું સત્તાસ્થાન આવે. અને જિનનામ અને આહારક૨ સહિતના ૩૧ ના બંધસ્થાનના બન્ને ઉદયસ્થાનોમાં દરેકમાં જિન નામ અને આહારક૪ સહિતનું સર્વપ્રકૃતિઓવાળું ૯૩નું સત્તાસ્થાન આવે. આ પ્રમાણે કુલ ૪ બંધસ્થાનો ૪ બંધભાંગા, ૫૯૨ ઉદયભાંગા, અને ૮ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. અને એ જ પ્રમાણે બધું વ્યવસ્થિત વિગતવાર કોઠામાં ગોઠવેલ છે અને ટિપ્પણ પણ કરેલ છે.

**૮મે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનો, અને એના ભાંગા, ઉદયસ્થાન અને એના ભાંગા, તથા સત્તાસ્થાનો સામાન્યથી :-**

આ ગુણસ્થાન ૨ શ્રેણીમાં જ પ્રાપ્ત થાય. આ ગુણસ્થાનના ૧ થી ૬ ભાગ સુધી ૭મા ગુણસ્થાનની જેમ જ ૪ બંધસ્થાન અને ૭મે ભાગે અપ્રાયોગ્ય યશ:કીર્તિરૂપ ૧ પ્રકૃતિનું બંધસ્થાન એમ કુલ ૫ બંધસ્થાનો, દરેક બંધસ્થાનનો ૧-૧ એમ કુલ ૫ બંધભાંગા અને ૧ જ ૩૦ પ્રકૃતિનું ઉદયસ્થાન, અને છેલ્લા ૩ સંઘયણ ન હોવાથી ૭૨ ઉદયભાંગા, આ પણ ઉપશમશ્રેણીની અપેક્ષાએ, ક્ષપકશ્રેણીની અપેક્ષાએ ૧લું, જઘન્ય સંઘયણ હોવાથી ૨૪ જ ઉદયભાંગા આવે. અને ઉપશમશ્રેણીવાળા ૭૨ ઉદયભાંગામાં ક્ષપકશ્રેણીના ૨૪ ઉદયભાંગાનો સમાવેશ થઈ જાય. અને પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૯૩,૯૨,૮૯,૮૮ ના ૪ સત્તાસ્થાનો સામાન્યથી હોય. અને તે જ પ્રમાણે વ્યવસ્થિત વિગતવાર કોઠામાં જણાવેલ છે.

**૮મે ગુણસ્થાને નામ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધ :-**

અહીં ૧-૧ બંધસ્થાને ૧-૧ બંધભાંગો, ૧-૧ ઉદયસ્થાન અને ૧-૧ ઉદયસ્થાનમાં ૭૨-૭૨ ઉદયભાંગા અને પહેલા ચાર બંધસ્થાનના ૧-૧ ઉદયસ્થાનમાં ૭મા ગુણસ્થાનની માફક બંધસ્થાનની જેમ ૨૮-૨૯-૩૦-૩૧ ના બંધસ્થાનના ઉદયસ્થાનમાં ક્રમે કરીને ૮૮,૮૯,૯૨,૯૩નું ૧-૧ સત્તાસ્થાન આવે અને છેલ્લા ૧ ના બંધસ્થાનના ઉદયસ્થાનમાં ૯૩,૯૨,૮૯,૮૮ ના ચારે સત્તાસ્થાનો આવે. આ પ્રમાણે સંવેધમાં કુલ ૫ બંધસ્થાનો, ૫ બંધભાંગા, ૩૬૦ ઉદયભાંગા, અને ૮ સત્તાસ્થાન પ્રાપ્ત થાય. અને આ બધું જ વિગતવાર વ્યવસ્થિત કોઠામાં ગોઠવેલ છે.

**.૯ થી ૧૪ ગુણસ્થાનોમાં નામ કર્મના બંધસ્થાનો અને અબંધ સાથે ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોનો સંવેધઃ-**

૯મે ગુણસ્થાને ૧નું ૧ જ બંધસ્થાન, ૧ બંધભાંગો, એક જ ૩૦નું ઉદયસ્થાન અને એના ૭૨ ઉદયભાંગા, કુલ ૮ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. તેમાં ઉપશમશ્રેણીમાં પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૯૩,૯૨,૮૯,૮૮ ના ૪ સત્તાસ્થાનો અને ક્ષપકશ્રેણીમાં પણ ૯મા ગુણસ્થાનના ૧લા ભાગે આ જ ૪ સત્તાસ્થાનો અને ૨જા ભાગથી દ્વિતીય ચતુષ્ક સંજ્ઞાવાળા ૪ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. અહીં પણ ક્ષપકશ્રેણીવાળાને ૨૪ ઉદયભાંગા હોય. તે જ પ્રમાણે કોઠાની ટિપ્પણમાં જણાવેલ છે.

૧૦મે ગુણસ્થાને ૧નું બંધસ્થાન ૧ બંધભાંગો, ૧ જ ૩૦નું ઉદયસ્થાન, ૭૨ ઉદયભાંગા, ૮ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. તેમાં ઉપશમશ્રેણીના હિસાબે પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૪ સત્તાસ્થાન અને ક્ષપકશ્રેણીની અપેક્ષાએ દ્વિતીય ચતુષ્ક સંજ્ઞાવાળા ૪ સત્તાસ્થાન એમ કુલ ૮ સત્તાસ્થાન, પ્રાપ્ત થાય. તેમ જ અહીં પણ ક્ષપકશ્રેણીવાળાને ૨૪ ઉદયભાંગા હોય.

૧૧મે ગુણસ્થાને અબંધ, ૧ જ ૩૦નું ઉદયસ્થાન, એના ૭૨ ઉદયભાંગા અને પ્રથમ ચતુષ્ક સંજ્ઞાવાળા ૪ સત્તાસ્થાનો આવે. કેમ કે આ ગુણસ્થાન ઉપશમશ્રેણીવાળાને જ હોય છે.

૧૨મે ગુણસ્થાને અબંધ, ૧ જ ૩૦નું ઉદયસ્થાન, એના ૨૪ ઉદયભાંગા, કેમ કે ક્ષપકશ્રેણીમાં ૧લું સંઘયણ હોય છે. એટલે ૨જા ૩જા સંઘયણના મળીને ૪૮ ઉદયભાંગા ઓછા થઈ ગયા. તેથી ૬ સંસ્થાન x ૨ વિહાયોગતિ x ૨ સ્વર = ૨૪ ઉદયભાંગા આવે. અને ક્ષપકશ્રેણીમાં જ આ ગુણસ્થાન હોવાથી અહીં દ્વિતીય ચતુષ્કની સંજ્ઞાવાળા ૪ જ સત્તાસ્થાન આવે.

૧૩મે ગુણસ્થાને અહીં બંધ ન હોય. જિન નામ કર્મના ઉદયવાળા ૨૧,૨૭,૩૧,૩૦,૨૯ ના પાંચ ઉદયસ્થાનોના ૧-૧ ઉદયભાંગો અને ૮૦,૭૬ ના બે-બે સત્તાસ્થાનો આવે. અને જિન નામના ઉદય વિનાના ૨૦,૨૬,૩૦,૨૯,૨૮ ના પાંચ ઉદયસ્થાનોના ક્રમે કરીને ૧,૬,૨૪,૧૨,૧૨ ઉદયભાંગા અને ૭૯, ૭૫ના બે બે સત્તાસ્થાનો આવે. તેથી કુલ ૮ ઉદયસ્થાનો. કેમ કે ૩૦-૨૯ના ડબલ હોવાથી એક જ ગણવાના અને ૬૦ ઉદયભાંગા, સામાન્ય અને તીર્થંકર કેવલિ ભગવંતના ઉદયસ્થાનોના વિવરણમાં આ ઉદયસ્થાનો અને એના ઉદયભાંગાઓનું વિવરણ આવી ગયેલ છે. ત્યાંથી જાણી લેવું. અને કુલ ૨૦ સત્તાસ્થાનો થાય.

૧૪મે ગુણસ્થાને અહીં અબંધ હોય. ૮,૯ ના બે ઉદયસ્થાનો અને એના ૧-૧ ઉદયભાંગા કુલ ૨ ઉદયભાંગા દ્વિચરમ સમય સુધી ૮ ના ઉદયસ્થાનમાં ૭૯,૭૫ ના ૯ ના ઉદયસ્થાનમાં ૮૦,૭૬ ના અને ચરમ સમયે અનુક્રમે ૮ અને ૯ ના સત્તાસ્થાનો એમ કુલ ૬ સત્તાસ્થાનો આવે.

અને ૯ થી ૧૪ સુધીના ૬ ગુણસ્થાનોમાં નામ કર્મના યથા સંભવિત બંધસ્થાન અને અબંધ સાથેના ઉદયભાંગા સહિત ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનોના સંવેધ કોઠામાં સ્પષ્ટપણે બતાવેલ છે.

પેજ નંબર ૫૬-૫૭ના કોઠામાં ૧૪ ગુણસ્થાનોમાં આવી ગયેલ કુલ બંધસ્થાનો, તેના કુલ બંધભાંગાઓ, કુલ ઉદયસ્થાનો, તેના કુલ ઉદયભાંગા તથા કુલ સત્તાસ્થાનો સમુદિતપણે બતાવેલ છે.

૧૪ જીવસ્થાનો વિશે સામાન્યથી અને સંવેધથી નામ કર્મના બંધસ્થાનો, તેના ભાંગા, ઉદયસ્થાનો, તેના ભાંગા, અને સત્તાસ્થાનો, કોઠાઓ અને એની ટિપ્પણો જોવાથી સ્પષ્ટપણે સમજાય તેમ છે.

## ૧૪ જીવસ્થાન વિષે :-

### ૧૪ જીવસ્થાનક વિષે નામ કર્મના બંધસ્થાનો અને એના ભાંગાઓ.

**૧૨ જીવસ્થાનકો :-**

આ ૧૨ જીવસ્થાનકોવાળા દેવ-નરકપ્રાયોગ્ય, જિન નામ સહિતવાળા અને અપ્રાયોગ્ય બંધસ્થાનો બાંધતા નથી તેથી ૨૮,૩૧,૧ ના ત્રણ બંધસ્થાનો ન બાંધે. તે સિવાયના ૨૩,૨૫,૨૬,૨૯,૩૦ ના પાંચ બંધસ્થાનો બાંધે. દેવના ૧૮, નરકનો ૧, જિન નામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના ૮ અને અપ્રાયોગ્ય ૧, એમ કુલ ૨૮ બંધભાંગા સંભવતા નથી. તે સિવાયના ૧૩,૯૧૭ બંધભાંગાઓ સંભવે છે. બંધસ્થાનોને આશ્રયીને ૨૮ ના દેવપ્રાયોગ્ય ના ૮, નરકપ્રાયોગ્યનો ૧ = કુલ ૯, ૨૯ ના જિન નામ સહિત દેવપ્રાયોગ્ય ના ૮,૩૦ ના જિન નામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮, આહારક ૨ સહિત દેવપ્રાયોગ્યનો ૧ = કુલ ૯, ૩૧નો આહારક[૨] જિન નામ સહિતનો દેવપ્રાયોગ્યનો ૧, અપ્રાયોગ્ય ૧ નો ૧, એમ કુલ ૨૮ બંધભાંગા ન સંભવે. તે સિવાય ૧૩,૯૧૭ બંધભાંગાઓ સંભવે.

**પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનક :-**

અહીં દેવ કે નરકપ્રાયોગ્ય પણ બંધ સંભવાથી ૨૮નું બંધસ્થાન અને એના ૯ બંધભાંગા વધવાથી કુલ ૬ બંધસ્થાનો અને ૧૩,૯૨૬ બંધભાંગા સંભવે.

**પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનક :-**

અહીં બંધુ જ ઓઘબંધ પ્રમાણે ૮ બંધસ્થાનો અને એના ૧૩,૯૪૫ બંધભાંગા આવે.

### ૧૪ જીવસ્થાનકો વિષે નામ કર્મના ઉદયસ્થાનો અને એના ઉદયભાંગાઓ :-

**અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય અને અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય એ બે જીવસ્થાનકો :-**

૧. વિગ્રહગતિના ૨૧ ના ઉદયસ્થાનનો ૧ ઉદયભાંગો.

૨. ભવસ્થના ૨૪ ના ઉદયસ્થાનના ૨ ઉદયભાંગા. પ્રત્યેક અને સાધારણના ભેદથી આવે.

આ પ્રમાણે બન્ને જીવસ્થાનમાં પ્રત્યેકમાં ૨ ઉદયસ્થાનો અને એના કુલ ૩ ઉદયભાંગા આવે.

**અપર્યાપ્ત બેઈન્દ્રિય, અપર્યાપ્ત તેઈન્દ્રિય, અપર્યાપ્ત ચઉરિન્દ્રિય એ ત્રણ જીવસ્થાનકો :-**

૧. વિગ્રહગતિના ૨૧ ના ઉદયસ્થાનનો ૧ ઉદયભાંગો.

૨. ભવસ્થના ૨૬ ના ઉદયસ્થાનનો ૧ ઉદયભાંગો. એમ કુલ ૨ ઉદયસ્થાનના કુલ ૨ ઉદયભાંગા આવે.

**અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનક :-**

૧. વિગ્રહગતિના ૨૧ ઉદયસ્થાનના ૨ ઉદયભાંગા, તિર્યંચ અને મનુષ્યની અપેક્ષાએ આવે.

૨. ભવસ્થના ૨૬ ઉદયસ્થાનના ૨ ઉદયભાંગા, તિર્યંચ અને મનુષ્યની અપેક્ષાએ આવે.

આ પ્રમાણે કુલ ૨ ઉદયસ્થાન અને એના કુલ ૪ ઉદયભાંગા આવે.

મતાન્તરે અહીં મનુષ્યની વિવક્ષા ન કરે તો ૧-૧ ઉદયભાંગો આવે. તેથી કુલ ૨ ઉદયસ્થાન અને એના કુલ ૨ ઉદયભાંગા આવે.

**અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનક :-**

૧. વિગ્રહગતિના ૨૧ ના ઉદયસ્થાનના ૨ ઉદયભાંગા, તિર્યંચ અને મનુષ્યની અપેક્ષાએ આવે.

૨. ભવસ્થના ૨૬ ના ઉદયસ્થાનના ૨ ઉદયભાંગા, તિર્યંચ અને મનુષ્યની અપેક્ષાએ આવે.

આ પ્રમાણે કુલ ૨ ઉદયસ્થાનો, અને એના કુલ ૪ ઉદયભાંગા આવે.

**પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવસ્થાનક :-**

૧. વિગ્રહગતિના ૨૧ ના ઉદયસ્થાનનો ૧ ઉદયભાંગો અને ૨.૩.૪. ૨૪,૨૫,૨૬ એ ત્રણ ઉદયસ્થાનના દરેકના પ્રત્યેક અને સાધારણના વિકલ્પથી ૨-૨ ઉદયભાંગા આવે. આમ કુલ ૪ ઉદયસ્થાનના કુલ ૭ ઉદયભાંગા આવે.

**પર્યાપ્ત બાદર એકેન્દ્રિય જીવસ્થાનક :-**

૧. વિગ્રહગતિના ૨૧ ના ઉદયસ્થાનના યશઃકીર્તિ અને અયશઃકીર્તિ ના વિકલ્પથી ૨ ઉદયભાંગા આવે. બાકીના ૨.૩.૪.૫. ૨૪,૨૫,૨૬,૨૭ ના ચાર ઉદયસ્થાનના ક્રમે કરીને ૫,૫,૧૧,૬ ઉદયભાંગા આવે. આ પ્રમાણે કુલ ૫ ઉદયસ્થાનના ૨૯ ઉદયભાંગા આવે. કેમ કે એકેન્દ્રિય ના કુલ ૪૨ ઉદયભાંગાઓમાંથી અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય ના ૩, અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય ના ૩, પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય ના ૭, આમ એકેન્દ્રિય ના ૩ જીવસ્થાનના કુલ ૧૩ ઉદયભાંગાઓ બાદ કરતા બાકીના બધા ૨૯ ઉદયભાંગા આ ૪થા પર્યાપ્ત બાદર એકેન્દ્રિયના આવે. અને આ એકેન્દ્રિય પ્રાયોગ્યના ૪૨ ઉદયભાંગાના કોઠામાં ભાંગાની વિગત જોવાથી પણ સમજમાં આવે તેમ છે. અને ત્યાં સ્વતન્ત્રપણે નીચે આપેલ નાના કોઠામાં પર્યાપ્ત બાદર એકેન્દ્રિય ૨૬ + પર્યાપ્ત બાદર વાયુકાયના ૩, એ રીતે ૫ ઉદયસ્થાનો સહિત ૨૬ + ૩ = ૨૯ ઉદયભાંગા બતાવેલ છે.

**પર્યાપ્ત બેઈન્દ્રિય, પર્યાપ્ત તેઈન્દ્રિય, પર્યાપ્ત ચઉરિન્દ્રિય, એ ત્રણ જીવસ્થાનકો :-**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિગ્રહગતિના | ૨૧ ના | ઉદયસ્થાન | ૨ | ઉદયભાંગા | યશઃકીર્તિ | અને | અયશઃકીર્તિના | વિકલ્પથી |
| ૨. | ભવસ્થના | ૨૬ ના | " | ૨ | " | " | " | " | " |
| ૩. | શરીર પર્યાપ્ત ના | ૨૮ ના | " | ૨ | " | " | " | " | " |
| ૪. | ઉચ્છ્વાસવાળા | ૨૯ ના | " | ૨ | " | " | " | " | " |
| | ઉદ્યોતવાળા | ૨૯ ના | " | ૨ | " | " | " | " | " |
| ૫. | ઉદ્યોતવાળા | ૩૦ ના | " | ૨ | " | " | " | " | " |
| | સ્વરવાળા | ૩૦ ના | " | ૪ | " | " | " | " ની સાથે સ્વરના | વિકલ્પથી |
| ૬. | ઉદ્યોત+સ્વરવાળા | ૩૧ ના | " | ૪ | " | " | " | " ની " " | " |

આ રીતે ૨૧,૨૬,૨૮ એ ત્રણ ઉદયસ્થાનના ૨-૨ ઉદયભાંગા, ૨૯ ના ૨ વિકલ્પ ના ૪ ઉદયભાંગા, ૩૦ ના ૨ વિકલ્પ ના ૬ ઉદયભાંગા અને ૩૧ ના ૪ ઉદયભાંગા આ પ્રમાણે કુલ ૬ ઉદયસ્થાનના કુલ ૨૦-૨૦ ઉદયભાંગા ૩ જીવસ્થાનના પ્રત્યેકનાં આવે.

**પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાન :-**

અહીં પંચેન્દ્રિય તિર્યંચ ના ૨૧-૨૬ ના અપર્યાપ્તનો ૧-૧ છોડી બાકીના બધા જ ૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧ એ ૬ ઉદયસ્થાનના અનુક્રમે ૮, ૨૮૮, ૫૭૬, ૧, ૧૫૨, ૧, ૭૨૮, ૧, ૧૫૨ એમ કુલ ૪,૯૦૪ ઉદયભાંગા અહીં સંભવે.

**પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાન :-**

અહીં એકેન્દ્રિય ના ૪૨, વિકલેન્દ્રિય ના ૬૬, અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ ના ૨, અપર્યાપ્ત મનુષ્ય ના ૨, એમ કુલ ૧૧૨ ઉદયભાંગા છોડી બાકીના ૭,૬૭૯ ઉદયભાંગા, ૨૪નું ઉદયસ્થાન છોડી બાકીના ૧૧ ઉદયસ્થાનના આવે. અને તે પ્રમાણે સ્પષ્ટપણે કોઠામાં બતાવેલ છે.

**૧૪ જીવસ્થાનો વિષે નામ કર્મના સત્તાસ્થાનો :-**

પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનમાં નામ કર્મના બધા જ બારે બાર સત્તાસ્થાનો હોય. અને બાકીના ૧૩ જીવસ્થાનોમાં ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ ના પાંચ સત્તાસ્થાનો હોય. પર્યાપ્ત સંજ્ઞી સિવાય જિન નામની સત્તા ન હોવાથી આ ૧૩ જીવસ્થાનોમાં ૯૩,૮૯ ની સત્તા ન હોય. તેવી જ રીતે દ્વિતીય ચતુષ્ક વગેરે ક્ષપકશ્રેણી વગેરેમાં પ્રાપ્ત થવાથી પર્યાપ્ત સંજ્ઞીને જ તે સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. અહીં આ ૧૩ જીવસ્થાનમાં પ્રાપ્ત થાય નહીં. તેથી આ ૧૩ જીવસ્થાનોમાં આ ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ ના પાંચ જ સત્તાસ્થાનો હોય, બીજા સત્તાસ્થાનો ન હોય.

**૧૪ જીવસ્થાનકો વિષે નામ કર્મના બંધસ્થાનોની સાથે ઉદયસ્થાનો અને સત્તાસ્થાનોનો સંવેધ :-**

**૧૪ જીવસ્થાનકો વિષે** નામ કર્મના બંધસ્થાનાદિનો સંવેધ ટિપ્પણ સહિત કોઠાઓમાં સ્પષ્ટપણે બતાવેલ છે.

**૧૪ જીવસ્થાનકોમાં** નામ કર્મના બંધસ્થાનો અને બંધભાંગાઓનો સામાન્ય પ્રમાણે બતાવેલ છે તે જ છે. અને **૧૨ જીવસ્થાનોમાં** નામ કર્મના તે-તે બંધસ્થાનના સામાન્યપણે જે બતાવેલ તે જ ઉદયસ્થાનો અને એના ઉદયભાંગાઓ છે. તથા **૭ અપર્યાપ્ત અને પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય એ ૮ જીવસ્થાનકોમાં** નામ કર્મના તે-તે બંધસ્થાનના તે-તે ઉદયસ્થાનોમાં સત્તાસ્થાનો પણ સામાન્યપણે જે બતાવેલ તે જ છે.

**૭ અપર્યાપ્ત જીવસ્થાનકોમાં** નામ કર્મના બંધસ્થાનાદિનો સંવેધ ટિપ્પણ સહિત કોઠામાં સ્પષ્ટપણે બતાવેલ છે. **તે આ રીતે**-આ સાતે જીવસ્થાનોમાં નામ કર્મના બંધસ્થાનાદિ જે રીતે સામાન્યથી બતાવેલ છે તે જ સંવેધમાં પણ છે. જેમ કે તે જ બંધસ્થાનો અને બંધભાંગાઓ છે અને ૧-૧ બંધસ્થાનમાં સામાન્ય પ્રમાણે બતાવેલા જ ૨-૨ ઉદયસ્થાનો અને એના ઉદયભાંગા છે. તેમાં અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય ના ૨૧ ના ઉદયસ્થાનનો ૧, ૨૪ ના ઉદયસ્થાનના ૨ એમ ૧ બંધસ્થાનના કુલ ૩ ઉદયભાંગા, પાંચે બંધસ્થાનોના કુલ ૧૫ ઉદયભાંગા થાય. એવી જ રીતે અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય ના પણ જાણવા. વિકલેન્દ્રિય ના દરેક ના ૨૧ ના ઉદયસ્થાનનો ૧,૨૬ ના ઉદયસ્થાનનો ૧, એમ કુલ ૨-૨. પાંચ બંધસ્થાનના કુલ ૧૦ ઉદયભાંગા થાય. અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય ના ૨૧-૨૬ ઉદયસ્થાનના ૨-૨, ૧ બંધસ્થાનના કુલ ૪ ઉદયભાંગા, પાંચે બંધસ્થાનોના કુલ ૨૦ ઉદયભાંગા થાય. પરંતુ મતાન્તરે અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયમાં મનુષ્યની વિવક્ષા કરવામાં ન આવે તો ૨૧-૨૬ ના ઉદયસ્થાનનો ૧-૧, ૧ બંધસ્થાનના કુલ ૨ ઉદયભાંગા, પાંચે બંધસ્થાનના કુલ ૧૦ ઉદયભાંગા થાય. અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ના ૨૧-૨૬ ઉદયસ્થાનના ૨-૨ કુલ ૧ બંધસ્થાનના ૪ ઉદયભાંગા, પાંચે બંધસ્થાનના કુલ ૨૦ ઉદયભાંગા થાય. દરેક ઉદયસ્થાનમાં ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ ના પાંચ-પાંચ સત્તાસ્થાનો હોય. તેથી પાંચ બંધસ્થાનના કુલ ૧૦-૧૦ ઉદયસ્થાનોમાં કુલ ૫૦-૫૦ સત્તાસ્થાનો ૭ અપર્યાપ્ત જીવસ્થાનોમાં પ્રાપ્ત થાય.

**૮ પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવસ્થાનકમાં** પણ નામ કર્મના બંધસ્થાનાદિનો સંવેધ ટિપ્પણ સહિત કોઠામાં સ્પષ્ટ બતાવેલ છે. ૭ અપર્યાપ્ત જેવું જ અહીં પણ છે. પરંતુ અહીં દરેક બંધસ્થાનમાં ૪-૪ ઉદયસ્થાનો એના સમુદિત ૭-૭ ઉદયભાંગા અને ૪ ઉદયસ્થાનના સમુદિત ૨૦-૨૦ સત્તાસ્થાનો આવવાથી એકંદરે પાંચે બંધસ્થાનોના ૧૩,૯૧૭ બંધભાંગા, ૩૫ ઉદયભાંગા, ૧૦૦ સત્તાસ્થાનો થાય.

**૯ પર્યાપ્ત બાદર એકેન્દ્રિય જીવસ્થાનમાં** પણ નામ કર્મના બંધસ્થાનાદિનો સંવેધ ટિપ્પણ સહિત કોઠામાં સ્પષ્ટ બતાવેલ છે. **તે આ પ્રમાણે**-પાંચ બંધસ્થાનો અને એના ૧૩,૯૧૭ બંધભાંગા, આ તો સામાન્યની જેમ છે. અને હવે વધારામાં દરેક બંધસ્થાનમાં ૫-૫ ઉદયસ્થાનો અને એના સમુદિત ૨૯ ઉદયભાંગા તથા દરેક ઉદયસ્થાનમાં ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ ના પાંચ સત્તાસ્થાનો આવે. પરંતુ પાંચમા ૨૭ ના ઉદયસ્થાનમાં ૭૮નું સત્તાસ્થાન ન આવે. કારણ કે આ ઉદયસ્થાન તેઉકાય-વાઉકાયને અને તેમાંથી આવેલ ૭૮ ની સત્તાવાળાને પ્રાપ્ત થતુ નથી. કેમ કે આ ઉદયસ્થાન આવતા પૂર્વ નિયમા મનુષ્ય[૨] ના બંધથી ૮૦નું સત્તાસ્થાન થઈ જાય છે. તેથી પાંચે ઉદયસ્થાનના કુલ ૨૪ સત્તાસ્થાનો થાય. એટલે ૫ બંધસ્થાનના કુલ ૧૪૫ ઉદયભાંગા અને ૧૨૦ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે.

**૧૦. પર્યાપ્ત બેઈન્દ્રિય જીવસ્થાનકમાં** નામ કર્મના બંધસ્થાનાદિનો સંવેધ કોઠામાં સ્પષ્ટ બતાવેલ છે. **તે આ રીતે**-પાંચ બંધસ્થાનો અને એના બંધભાંગાઓ પૂર્વ ના સામાન્ય ની જેમ જ સમજવા. ૧-૧ બંધસ્થાનમાં ૬-૬ ઉદયસ્થાનો અને એના સમુદિત ૨૦-૨૦ ઉદયભાંગા આવે. ૬ ઉદયસ્થાનમાંથી પહેલા ૨ ઉદયસ્થાન તેઉકાય-વાઉકાયમાંથી ૭૮નું સત્તાસ્થાન લઈને આવેલ જીવોને પ્રાપ્ત થાય. છેલ્લા ૪ ઉદયસ્થાન પ્રાપ્ત થતા નથી. કારણ કે એ ૪ ઉદયસ્થાન આવતા પહેલા અવશ્ય મનુષ્ય[૨] ના બંધ દ્વારા ૭૮માંથી ૮૦નું સત્તાસ્થાન થઈ જાય છે. તેથી પહેલા ૨ ઉદયસ્થાનોમાં ૫-૫ સત્તાસ્થાનો અને છેલ્લા ૪ ઉદયસ્થાનમાં ૭૮ વિના ૪-૪ સત્તાસ્થાનો એમ ૧ બંધસ્થાનમાં કુલ ૨૬ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. આ રીતે પાંચે બંધસ્થાનોના એકંદર કુલ ૧૦૦ ઉદયભાંગા અને ૧૩૦ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય.

**૧૧.-૧૨. પર્યાપ્ત તેઈન્દ્રિય અને પર્યાપ્ત ચઉરિન્દ્રિય જીવસ્થાનોમાં** નામ કર્મના બંધસ્થાનાદિનો સંવેધ તદ્દન પર્યાપ્ત બેઈન્દ્રિય જીવસ્થાનની સમાન છે.

**૧૩. પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનમાં** નામ કર્મના ૬ બંધસ્થાનો અને એના ૧૩,૯૨૬ બંધભાંગા સામાન્યની જેમ જ જાણવા. ૨૮ ના વિનાના ૫ બંધસ્થાનોમાં દરેકમાં ૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧ ના ૬-૬ ઉદયસ્થાનો અને એના સમુદિત ૪,૯૦૪ - ૪,૯૦૪ ઉદયભાંગા અને પર્યાપ્ત બેઈન્દ્રિયની જેમ ૬ ઉદયસ્થાનના સમુદિત ૨૬ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે. કુલ ૫ બંધસ્થાનના ૨૪,૫૨૦ ઉદયભાંગા અને ૧૩૦ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે.

૨૮ ના બંધસ્થાનના ૩૦-૩૧ એ બે ઉદયસ્થાન અને એના સમુદિત ૨,૮૮૦ ઉદયભાંગા બન્ને ઉદયસ્થાનોમાં ૯૨,૮૮,૮૬ એમ ૩-૩ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય. કારણ કે ૨૮ બાંધનારને દેવ[૨] કે નરક[૨] ની સાથે વૈક્રિય[૪] અવશ્ય બંધાવાથી ૮૦ ના સત્તાસ્થાનવાળાને પણ ૮૬ સત્તા થઈ જવાથી ૮૬ થી ઓછી સત્તા ન હોય. તેથી ૮૦-૭૮ ના સત્તાસ્થાનો અહીં ન સંભવે. આ છએ બંધસ્થાનના કુલ ૨૭,૪૦૦ ઉદયભાંગા અને ૧૩૬ સત્તાસ્થાન થાય.

**૧૪. પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનમાં** નામ કર્મના બંધસ્થાનાદિનો સંવેધ સામાન્ય સંવેધની જેમ જ આવે. પરંતુ અહીં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને લબ્ધિઅપર્યાપ્તનો પ્રવેશ ન હોવાથી ૨૩,૨૫,૨૬,૨૯,૩૦ ના ૫ બંધસ્થાનોમાં એકેન્દ્રિયને જ ઉદયમાં આવતું એવું ૨૪નું ઉદયસ્થાન ન હોય એટલે એના વિના ૯ ને બદલે ૮-૮ ઉદયસ્થાનો આવે. અને એકેન્દ્રિય ના ૪૨, વિકલેન્દ્રિય ના ૬૬, અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૨, અપર્યાપ્ત મનુષ્યના ૨, એમ કુલ ૧૧૨ ઉદયભાંગાઓ પણ પાંચે બંધસ્થાનના દરેક બંધસ્થાનના કુલ ઉદયભાંગાઓમાંથી બાદ કરવા. તેથી અનુક્રમે ૭,૫૯૨,૭,૬૫૬,૭,૬૫૬,૭,૬૭૧,૭,૬૬૧ ઉદયભાંગા ૨૩ આદિ બંધસ્થાનના આવે. તેમ જ ૨૪ ના ઉદયસ્થાનના ૫ સત્તાસ્થાનો, ૨૫ ના ૮૬,૮૦,૭૮ અને ૨૭ ના ૮૬,૮૦ ના સત્તાસ્થાનો એમ કુલ ૧૦ સત્તાસ્થાનો જે એકેન્દ્રિયની હિસાબે પ્રાપ્ત થતા હતા તે અહીં પ્રાપ્ત ન થાય. કેમ કે અહીં ૨૫,૨૭ ના ઉદયસ્થાનો ઉત્તર વૈક્રિય શરીરી અને આહારી શરીરીને તેમ જ દેવ-નારકને પ્રાપ્ત થાય છે. અને તેમને ૮૮ ના સત્તાસ્થાનથી ઓછા પ્રકૃતિઓના સત્તાસ્થાનો ન હોય. તેથી આ કુલ ૧૦ સત્તાસ્થાનો પાંચે બંધસ્થાનના દરેક બંધસ્થાનના કુલ સત્તાસ્થાનોમાંથી બાદ કરવા. એટલે અનુક્રમે ૩૦,૩૦,૩૦,૪૪/૪૨,૪૨ સત્તાસ્થાનો ૨૩ આદિ બંધસ્થાનના આવે. એટલે પાંચે બંધસ્થાનના એકંદર કુલ ૧૧૨ X ૫ = ૫૬૦ ઉદયભાંગા અને ૧૦ X ૫ = ૫૦ સત્તાસ્થાનો સામાન્ય સંવેધમાંથી બાદ કરવા. એટલે અહીં એકંદર ૮ બંધસ્થાનો, ૧૩,૯૪૫ બંધભાંગા, ૪૬,૧૬૪ ઉદયભાંગા અને ૨૩૪/૨ સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે.

અને આ બધું ટિપ્પણ સહિત કોઠામાં સ્પષ્ટ બતાવેલ છે. **સપ્તતિકાભાષ્યનો મત** અને **કેવલિ ભગવંતનો મતાન્તર** ટિપ્પણમાંથી જાણી લેવો.

અહીં છેલ્લા કોઠામાં ૧૪ જીવસ્થાનકોના નામ કર્મના કુલ બંધસ્થાનો, બંધભાંગાઓ, ઉદયસ્થાનો, ઉદયભાંગાઓ અને સત્તાસ્થાનો બતાવામાં આવેલ છે. તે બધું જ આગળ આવી ગયેલ છે. નવું નથી.

# નમસ્કાર મહામંત્ર

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજઝાયાણં

નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચ નમુક્કારો

સવ્વ પાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઇ મંગલં

# भारतीय प्राच्य तत्त्व प्रकाशनसमिति पिंडवाडा प्रकाशित कर्मसाहित्य

## अर्वाचीन कर्मसाहित्य

| नाम | | | | | मूल्यम् राजस. | राजाधिराजसं. |
|---|---|---|---|---|---|---|
| बंधविहाणं | प्रथमखण्डे भा. | १ | मूलपयडिबंधो | | रु. ३० | रु. ४० |
| ,, ,, | ,, ,, ,, | २ | उत्तर ,, ,, | (१) | ,, २५ | ,, ३० |
| ,, ,, | ,, ,, ,, | ३ | ,, ,, ,, | (२) | ,, — | ,, ४० |
| ,, ,, | ,, ,, ,, | ४ | ,, ,, ,, | (३) | ,, ३० | ,, ४० |
| ,, ,, | द्वितीय ,, ,, | १ | मूल ,, ठिइबंधो | | ,, २१ | ,, — |
| ,, ,, | ,, ,, ,, | २ | उत्तर ,, ,, ,, | (१) | ,, २५ | ,, ३० |
| ,, ,, | ,, ,, ,, | ३ | ,, ,, ,, ,, | (२) | ,, ८० | ,, १०० |
| ,, ,, | तृतीय ,, ,, | १ | मूल ,, रस ,, | | ,, २५ | ,, ३० |
| ,, ,, | ,, ,, ,, | २ | उत्तर ,, ,, ,, | (१) | ,, २५ | ,, ३० |
| ,, ,, | ,, ,, ,, | ३ | ,, ,, ,, ,, | (२) | ,, ३५ | ,, ४० |
| ,, ,, | चतुर्थ ,, ,, | १ | मूल ,, पएस., | | ,, ३५ | ,, ४० |
| ,, ,, | ,, ,, ,, | २ | उत्तर ,, ,, ,, | (१) | ,, ३० | ,, ४० |
| ,, ,, | ,, ,, ,, | ३ | ,, ,, ,, ,, | (२) | ,, ३० | ,, ४० |
| ,, ,, | ,, ,, ,, | ४ | पसत्थी ,, | (पूर्वार्धः) | ,, ३० | ,, ४० |
| ,, ,, | ,, ,, ,, | ५ | ,, ,, ,, | (उत्तरार्ध) | ,, ३० | ,, ४० |
| सत्ता ,, | प्रथम ,, ,, | १ | मूलपयडिसत्ता (सम्पूर्णा) | | ,, १५० | ,, १९० |
| ,, ,, | ,, ,, ,, | १ | ,, ,, ,, | (पूर्वार्धः) | ,, ७० | ,, ९० |
| ,, ,, | ,, ,, ,, | १ | ,, ,, ,, | (उत्तरार्धः) | ,, ९५ | ,, १२० |
| ,, ,, | ,, ,, ,, | १ | ,, ,, ,, | (आद्यतृतीयाङ्गः) | ,, ६० | ,, ८० |
| ,, ,, | ,, ,, ,, | २ | उत्तर ,, ,, | (पूर्वार्धः) | ,, १६० | ,, २०० |

| | |
|---|---|
| कर्मप्रकृतिकीर्तनम् | रु. ३० |
| मार्गणाः | ,, ३० |
| कायस्थिति-भवस्थितिप्रकरणम् | ,, ३० |
| द्रव्यपरिमाणम् (१) | ,, ३० |
| द्रव्यपरिमाणम् (२) | ,, ३० |
| जीवभेदप्रकरणम् | ,, २० |
| क्षेत्र स्पर्शनामप्रकरणम् | ,, २० |
| भवस्थितिः (१) | ,, १० |
| भवस्थितिः (२) | ,, १० |
| मूलपयडिसत्ता चूर्णियुता | ,, १० |
| ,, ,, ,, ,, ,, (१६ पेजी) | ,, ७ |
| उत्तर ,, ,, ,, | ,, २५ |
| ,, ,, ,, ,, ,, (१६ पेजी) | ,, १५ |
| मूल ,, ,, मूल-भाष्य-सभाष्यमूलयुता | ,, १५ |
| उत्तर ,, ,, ,, ,, ,, ,, ,, | ,, २५ |

| | |
|---|---|
| मूलपयडिसत्ता मूलगाथाः | रु. ५ |
| ,,,,,, ,, भाष्यगाथाश्च | ,, ७ |
| उत्तर ,, ,,,,,, | ,, १५ |
| मूल ,, ,, भाष्ययुतमूलगाथाः | ,, ७ |
| उत्तर ,, ,, ,, ,, | ,, १५ |
| भवस्थितिः (१) (१६ पेजी) | ,, ७ |
| भवस्थितिः (२) (१६ पेजी) | ,, ७ |
| प्रकरणानि | ,, ७ |
| बंधविहाणपसत्थी प्राकृतसाधनिका | ,, ५ |
| बंधविहाणपसत्थी मूलगाथाः | ,, ३ |
| उदयस्वामित्व-सत्तास्वामित्वे | ,, ५ |
| कायस्थितिप्रकरणम् | ,, ५ |
| खवगसेढी सटीका | ,, २१ |
| खवगसेढी मूलगाथा | ,, ०। |
| क्षेत्र स्पर्शना | ,, ०॥ |

